કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૮ એપ્રિલ, ૨૦૨૬ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૩૦૧◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No.54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ - ૧૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ: ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# સ્વરાજનો સંગ્રામ : કચ્છમાં ભાજપનો ભગવો લહેરાયો

**જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો, ગાંધીધામ મનપા અને તાલુકા પંચાયતમાં ભાજપે મહદઅંશે સત્તા ફરીથી કરી અંકે : ૧૦૬૫માંથી ૪૨૨ આખરી વિજેતા જાહેર : ૧૪ સ્થળોએ મતગણતરી સંપન્ન : મનપા, નપા, જિ-તા. પંચાયતના ૮.૬૮ લાખ મતોની કરાઈ ગણતરી**









ગાંધીધામ : ગુજરાતભરમાં આજ રોજ ઉત્સુકતાપૂર્વક જેની રાહ જોવાઈ રહી હતી તે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી બાદ પરીણામોની રાહ જોવાઈ રહી હતી તે આજ રોજ સવારે નવ વાગ્યાથી કચ્છમાં પણ શાંતિપૂર્ણ રીતે અનેરા ઉત્સાહ સાથે મતણગતરી શરૂ થવા પામી ગઈ હતી. કચ્છમાં સ્થાનિક સ્વરાજયના જંગમાં ગાંધીધામ મનપા, પાંચ નગરપાલિકા, ૩૮ જિલ્લા પંચાયતો બેઠકો અને નવ તાલુકાઓની પંચાયતોમાં ચૂંટણીમાં ગત ૨૬મીએ મતદાન થવા પામ્યુ હતુ. મતદારોએ મતદાન કર્યા બાદ આજ રોજ સવારે કચ્છમાં ૧૪ સ્થળોએ મતગણતરી હાથ ધરવામા આવી હતી. આજ રોજ સવારે મતગણતરી શરૂ થવાની સાથે જ ઉમેદવારો, ચૂંટણીતંત્ર, વહીવટીતંત્ર, કર્મચારીઓ સહિતનાઓ અનેરા ઉત્સાહ સાથે કાઉન્ટીમથકો પર પહોચ્યા હતા. આ કાઉન્ટીંગ મથકો પર સવારે ઈવીએમ ઉમેદવારોની હાજરીમાં ખુલ્યા બાદ પ્રથમ બેલેટ પેપેરની ગણતરી કરવામા આવી હતી અને તે બાદ ઈવીએમમાંથી મતોની ગણતરી શરૂ કરવામા આવીહતી. બેલેટ પેપરમાં મહદઅંશે ભાજપ ઠેર ઠેર આગળ જ રહેવા પામી હતી.

| ગાંધીધામ મનપા | કુલ્લબેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| (૧ બેઠક બિનહરીફ) | ૫૨ | ૪૧ | ૧૧ | ૦૦ |

| નગરપાલીકા | કુલ્લબેઠક | ભાજપ | કોંગ્રેસ | AIMI | અન્ય |
|---|---|---|---|---|---|
| ભુજ | ૪૪ | ૨૮ | ૧૩ | ૩ | |
| માંડવી | ૩૬ | ૩૬ | ૦૦ | | ૦૦ |
| મુંદરા | ૨૮ | ૧૯ | ૦૯ | | ૦૦ |
| અંજાર | ૩૬ | ૨૮ | ૦૮ | | ૦૦ |

કચ્છમાં સૌની નજર ગાંધીધામ મહાનગરપાલિકા બન્યા બાદ આવેલી પ્રથમ ચૂંટણી પર મંડાયેલી હતી અને અહી જેમ જેમ પ્રારંભીક કાળમાં મતો બહાર આવવા લાગ્યા હતા તેમ તેમ ભાજપના ઉમેદવારોનો વિજયી થવા પામ્યો હતો. કચ્છમાં આંશીક નાના મોટા ઉલ્ટફેરો સાથે મોટા ભાગે સત્તાના સુકાન ભાજપે સંભાળ્યા હોય તેવુ ચિત્ર જોવા મળી આવ્યુ છે. જેમ જેમ ઉમેદવારોની જીત થવા પામતી હતીતેમ તેમ તેમના સમર્થકોમાં ખુશીની લહેર ફરી વળેલી જોવા મળી હતી તો

અનુસંધાન પાના નં.૪ પર

## સ્થાનિક સ્વરાજ્યની મહાનગરપાલિકા - નગરપાલિકાઓ અને જિલ્લા તાલુકા પંચાયતોમાં ભાજપની વિજયકૂચ

**અત્યાર સુધીના જાહેર થયેલા ૧૯૫૭ બેઠકોના પરિણામમાં ભાજપના ફાળે ૧૭૪૨ બેઠકો કોંગ્રેસના ફાળે ૧૯૪ અને આમ આદમી પાર્ટી નો ૧૮ બેઠક પર વિજય : કોંગ્રેસના સુપડા સાફ : રાજયની 15 મનપા માંથી 7 મનપા પર ભાજપનો કબજો અન્ય મનપામાં ભાજપ સતાની નજીક : આમ આદમી પાર્ટીના પણ સુપડા સાફ : મહાનગરપાલિકા નગરપાલિકા જિલ્લા પંચાયત તાલુકા પંચાયતમાં કેસરિયો માહોલ**

ગાંધીનગર : રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ ૮૪ નગરપાલિકાઓ ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની યોજાયેલી ચૂંટણીની આજે સવારે હાથ ધરાયેલી મત ગણતરીમાં શરૂઆતથી જ મનપ નગરપાલિકાઓમાં ભાજપે પ્રારંભિક વલણમાં જ વિજય કુચ કરીને આગળ ચાલી રહી છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં રાજયભરમાં ભાજપનો ભવ્ય વિજય થતા કેસરિયો માહોલ જોવા મળી રહ્યો હતો. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને મળેલા ભવ્ય વિજયને વધવવા માટે રાજયના તમામ જિલ્લામાં ભાજપ કાર્યાલય ઉપર આગેવાનો અને કાર્યકરોએ ઢોલ નગારા ના તાલે ભાજપ ને મળેલા ભવ્ય વિજયને વધાવીને વિજય ઉત્સવ મનાવ્યો હતો.સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ના આજે હાથ ધરાયેલ મત ગણત્રીમાં પ્રથમ રાઉન્ડ થી જ ભાજપ મહાનગરપાલિકા નગરપાલિકા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં મોટી લીડ મેળવીને વિજય કુચ તરફ આગળ ચાલી રહ્યું છે. આજે સવારે હાથ ધરાયેલી મત ગણતરીમાં પ્રારંભિક વલણમાં મહાનગરપાલિકાની ૧૦૪૪ બેઠકોની હાથ ધરેલી મતગણતરીમાં ૧૫૪ બેઠકો પર ભાજપ સરસાઈ મેળવીને આગળ ચાલી રહી છે. જ્યારે નગરપાલિકાની ૨૮૨૪ બેઠકોની હાથ ધરાયેલી મતગણતરીમાં ૪૨૩ બેઠકો પર ભાજપ સરસાઈ મેળવીને વિજય કુચ તરફ આગળ વધી રહી છે જ્યારે કોંગ્રેસ ૨૧ બેઠકો પર આગળ ચાલી રહી છે. રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતોની ૧૦૯૦ બેઠક ઉપર યોજાયેલી ચૂંટણીની આજે હાથ ધરાયેલી મત ગણતરીમાં ભાજપ ૬૦ બેઠકો પર સરસાઈ મેળવીને આગળ ચાલી રહી છે.

અનુસંધાન પાના નં.૪ પર

### ગુજરાતના સ્થાનિક જંગમાં મોટી ઉલટફેર

● ગોપાલ ઈટાલીયાનો ગઢ વિસાવદર જિ.પંચાયતી કાલસારી બેઠક પર આપની જીત ● આપના મહામંત્રી મનોજ સોરઠીયાને મળી કારમી હાર ● રાજકોટ ન.પા.માં છેલ્લી અડીએ ટીકીટ મેળવનાર નહેલ શુકલની જીત થઈ ● જુનાગઢ જિલ્લા પંચાયતમા મોટો અપસેટ : પૂર્વ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીની થઈ હાર ● ભુજ નગરપાલિકામાં એઆઈએમઆઈએમએ કરી એન્ટ્રી ● ખેડા-કઠલાલમાં સમાજવાદી પાર્ટીનો વિજય



દહેગામ ખાતે મતગણતરીની ગુપ્તતા જાળવવાના શપથ સાથે દહેગામ નગરપાલિકાના વોર્ડ નંબર ૧થી ૭ની મતગણતરીનો પ્રારંભ.

## ઈતિહાસમાં પ્રથમવાર આપને મળી સત્તા, બગસરા તાલુકા પંચાયત કરી કબજે

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ઈતિહાસ રચી દીધો છે. આમ આદમી પાર્ટીએ અમરેલી જિલ્લાની બગસરા તાલુકા પંચાયત કબજે કરી છે. ઈતિહાસમાં પ્રથમવાર આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં કોઈ તાલુકા પંચાયતમાં સત્તા મેળવી છે. આમ આદમી પાર્ટીએ બગસરા તાલુકા પંચાયતની ૧૬માથી ૯ સીટ કબજે કરી છે.ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મોટી સફળતા મળી છે. વિસાવદરની સરહદે આવેલા બગસરા તાલુકા પંચાયતમાં આપને સફળતા મળી છે. તાલુકા પંચાયતની ૧૬માથી ૯ સીટો જીતી પ્રથમવાર આમ આદમી પાર્ટી તાલુકા પંચાયતના પ્રમુખ બનાવશે.

## ગુજરાતની ત્રણ બેઠકો પર ફરીથી થશે ચૂંટણી : ચાલુ ચૂંટણીમાં ઉમેદવારોના થયા હતા નિધન

ગાંધીનગર : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી સંગ્રામનું આજે પરિણામ છે. આજે મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા-તાલુકા પંચાયતના પરિણામ આવશે. આજે ૨૫ હજાર ૫૫૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. પરંતુ ચૂંટણી દરમિયાન જ કેટલીક બેઠકો પર ઉમેદવારોના નિધન થયા હતા, જેને કારણે ચૂંટણીમાં અડચણ આવીહતી. ત્યારે આ બેઠકો પર ચૂંટણી પંચ દ્વારા ફરીથી ચૂંટણી જાહેર કરવામાં આવી છે.ક્યાં થશે ચૂંટણી : વિજયનગર તાલુકા પંચાયતની ચિતરીયા બેઠક (ભાજપના ઉમેદવાર લીનાબેન નીનામાનું નિધન થયું હતું)સુરતના બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠક (કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશ રાઠોડનું નિધન થયું હતું)અમદાવાદના બાવળા તાલુકા પંચાયતની દહેગામડા બેઠક ( ભાજપના ઉમેદવાર જશીબેન ડાભીનું નિધન થયું હતું) ઉમેદવારોના અવસાનથી રદ થયેલ બેઠકો પર રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ફરીથી ચૂંટણી જાહેર કરવામાં આવી છે. ૬ મે નોટિફિકેશન જાહેર થશે૧૧ મે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૧૨ મે ઉમેદવારી ફોર્મ ચકાસણી ૧૩ મે ઉમેદવારી પરત ખેંચવાનો અંતિમ

અનુસંધાન પાના નં.૪ પર

## મોરબી મહાપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભાજપનો વિજય

ગાંધીનગર : મોરબી મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી માટે થયેલ મતદાનની આજે મતગણતરી કરવામાં આવી રહી છે અને સવારે ૯:૦૦ વાગ્યાથી પોસ્ટલ બેલેટ ની ગણતરી શરૂ કરવામાં આવી હતી ત્યારબાદ ઈવીએમ મશીનના આંકડા એક પછી એક ઈવીએમ મશીન ખોલીને જાહેર કરવામાં આવી રહ્યા છે.

આ બાબતે મળતી વધુ વિગતો અનુસાર મોરબીમં ભારતીય જનતા પાટીનો વીકાસ કાર્ડ બરાબરનો કામ કરી ગયો છે. ભાજપે અહી પ્રથમ જ વખત બનેલી મનપામાં તમામે તમામે બેઠકો પર જીત હાંસલ કરી લીધી છે.

## રાજ્યોને હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ યુનિટ બનાવવા કેન્દ્રનો નિર્દેશ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે બધા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ યુનિટ બનાવવાની તાકીદ કરી છે. સરકારી હોસ્પિટલોમાં હીટ સ્ટ્રોકનો ભોગ બનતા લોકોને તુરંત સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવાની ભલામણ કેન્દ્ર સરકારે કરી છે. જોકે, આવા નિર્દેશો વચ્ચે ગુજરાત સહિત ઘણાં રાજ્યોના શહેરી વિસ્તારોના લોકો અસહ્ય ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા.ઉનાળાના સમયગાળા દરમિયાન હીટ સ્ટ્રોકનો ભોગ બનતા લોકોને તુરંત હોસ્પિટલમાં પહોંચાડવા માટે એમ્બ્યુલન્સ તૈયાર રાખવાથી લઈને હીટ સ્ટ્રોકના કેસનો આંકડો એક કોમન પ્લેટફોર્મમાં શેર થાય તેવી વ્યવસ્થા કરવાની સૂચના પણ કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે આપી છે.

## રાજકોટ મહાનગરપાલિકામાં ફરી કેશરિયા શાસન : બેઠકોમાં ઘટાડો

**વોર્ડ નં.૧૬માં કોંગ્રેસની આખી પેનલ વિજેતા, વોર્ડ નં.૪માં આપના રાહુલ ભુવાની આશાસ્પદ પેનલ ભાજપ સામે ભોંભીતર, વોર્ડ નં.૧૦માં કોંગ્રેસના ઉમેદવાર આર.જે. આભા પણ હાર્યા**

ગાંધીનગર : ભાજપનો ગઢ એવા રાજકોટ મહાનગરપાલિકામાં ફરી એકવખત ભગવો લહેરાવા જઈ રહ્યો હોવાનો ટ્રેન્ડ મતગણતરીની શરૂઆતથી જ સ્પષ્ટ થવા લાગ્યો હતો.ઈવીએમ ખુલતાની સાથે જ એકસાથે ૬૦ બેઠક પર ધરખમ લીડ સાથે ભાજપની વિજય કૂચ સળસળાટ દોડવા લાગી હતી. ૧૮ વોર્ડ પૈકી જંગલેશ્વર વિસ્તારના વોર્ડ નં.૧૬માં જ કોંગ્રેસની પેનલ આગળ હતી. એ સિવાય તમામ વોર્ડમાં કોંગ્રેસને લીડ કાપવી અઘરી પડે તેવી સરસાઈ સાથે ભાજપના તમામ ઉમેદવારો વિજય રથ પર સવાર થવા લાગ્યા હતા.બીજીબાજુ ભાજપનો પરંપરાગત ગઢ ગણાતા વોર્ડ નં.૭, ૮ અને ૯માં ભાજપનો વિજય વાવટો ફરકે એ પહેલા જ મતદાનની રાત્રે ઉમેદવારો અને કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને વિજયજશ્ન મનાવી લીધો હતો.

જે વોર્ડમાં મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ ભાજપ જીત ભણી આગળ નીકળવા લાગી હતી એ વોર્ડમાં ઉમેદવારો વિજય સરઘસ પણ કાઢવા લાગ્યા હતા. સૌરાષ્ટ્રના રાજકારણમાં હજુ પાપા પગલી કરતી આપ પાર્ટી માટે જ્યા સૌથી મોટી આશા હતી .

## મુંબઈમાં સુરક્ષાકર્મીઓ પર હુમલો

**ISIS અને લોન વુલ્ફ કનેક્શનની આશંકા, ATS તપાસ શરૂ**

(એજન્સી દ્વારા) મુંબઈ: મુંબઈના મીરા રોડ વિસ્તારમાં રવિવારે વહેલી સવારે સુરક્ષાકર્મીઓ પર થયેલા જીવલેણ હુમલાએ સમગ્ર મહારાષ્ટ્રમાં ખળભળાટ મચાવી દીધો છે. આ કેસમાં હવે મુંબઈ ATS તપાસ કરી રહી છે, કારણ કે પોલીસને આ ઘટના પાછળ 'લોન વુલ્ફ' એટેક હોવાની પ્રબળ શંકા છે. આરોપી પાસેથી મળી આવેલી ચિઠ્ઠીમાં ISIS, જેહાદ અને ગાઝા જેવા શબ્દોનો ઉલ્લેખ મળતા તપાસ તેજ કરવામાં આવી છે.

## ગુજરાતની આ એક સીટ પર ભાજપ-કોંગ્રેસના સૂપડા સાફ : અખિલેશ યાદવની સાયકલ દોડી ગઈ

ગાંધીનગર :પોરબંદર જિલ્લાના કુતિયાણામાં યોજાયેલી નગરપાલિકાના વોર્ડ નંબર ૬ ની પેટા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. આ ચૂંટણીમાં પણ ધારાસભ્ય કાંધલ જાડેજાનો જાદુ અકબંધ રહ્યો છે. તેમની પેનલના અને સમાજવાદી પાર્ટીના ઉમેદવાર રાભીબેન કાનાભાઈ રૈગાએ આ બેઠક પર શાનદાર વિજય મેળવીને વિરોધ પક્ષોના સૂપડા સાફ કરી દીધા છે.કુતિયાણા નગરપાલિકામાં વર્ષોથી કાંધલ જાડેજાની મજબૂત પકડ રહી છે. આ પેટા ચૂંટણીને પણ પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવતો હતો. જોકે, પરિણામોએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કુતિયાણામાં કાંધલ જાડેજાની પેનલ સામે જીતવું હજુ પણ વિરોધ પક્ષો માટે લોઢાના ચણા ચાવવા જેવું છે. સમાજવાદી પાર્ટીના બેનર હેઠળ લડેલા રાભીબેન રૈગાએ મતદારોનો વિશ્વાસ જીતવામાં સફળતા મેળવી છે.આ બેઠક જીતવા માટે ભાજપ અને અન્ય પક્ષોએ પણ એડીચોટીનું જોર લગાવ્યું હતું,

### તિકડમ ! - દેવેન વ્યાસ





## રાઘવ ચઢ્ઢા બાદ હવે સચિન 'પાયલટ' પણ ભાજપમાં કરશે 'લેન્ડિંગ'?

(એજન્સી દ્વારા)

જયપુર : આમ આદમી પાર્ટીના ૧૦માંથી સાત સાંસદોએ પક્ષમાં બળવો કરીને ભાજપમાં જોડાયા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે સચિન પાયલોટ અંગે ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ગેહલોત અને પાયલોટ એકબીજા પર અવાર-નવાર કટાક્ષ અને શાબ્દિક પ્રહારો કરતા રહે છે. જોકે ગેહલોતે છછના બળવાખોર સાંસદોની ઘટના બાદ પાયલોટ પર આડકરું નિશાન સાધ્યું છે.અશોક ગેહલોત પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં સભા ગજવીને જયપુર પરત આવ્યા હતા. તેમણે જયપુર એરપોર્ટ પર પહોંચીને મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, 'હવે સચિન પાયલોટના બંને પગ કોંગ્રેસમાં છે. તેઓ સંપૂર્ણ કોંગ્રેસ સાથે છે. મને આશા છે કે, તેઓ હવે કોંગ્રેસને છોડવાનું વિચારશે નહીં. તેઓ આ સમજી પણ ગયા છે અને સુધરી પણ ગયા છે.'ગેહલોતે પોતાની સરકારમાં માનેસર પ્રકરણનો ઉલ્લેખ કરી ભાજપ પર નિશાન સાધ્યું છે. ગેહલોતે કહ્યું કે, રાજસ્થાનમાં મારી સરકાર પાડવા માટે ભાજપે ષડયંત્ર રચ્યું હતું. ભાજપ પાયલટને ગેરમાર્ગે દોરીને માનેસર લઈ ગયા હતા.

## ગેંગટોકમાં વડાપ્રધાન મોદી સ્પોર્ટસમેન બની ગયા : યુવાઓ સાથે ફુટબોલ રમ્યા



ગેંગટોક : હાલ સિક્કીમની મુલાકાતે રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક નવો અંદાજ જોવા મળ્યો છે. તેમણે આજે ગેંગટોકમાં યુવાઓ સાથે ફુટબોલ રમીને સૌને આશ્ચર્યચક્તિ કરી દીધા હતા. વડાપ્રધાન સવારના અહીં વિદ્યાર્થીઓ અને યુવાઓ સાથે એક સ્પોર્ટસમેનની જેમ ડ્રેસમાં પહોંચ્યા હતા.

## પંજાબના પટિયાલામાં રેલવે લાઇન પર મોડી રાત્રે બ્લાસ્ટ: એકનું મોત

નવી દિલ્હી: પંજાબના પટિયાલામાં રાજપુરા અને શંભુ વચ્ચે રેલ્વે લાઈન પર મોડી રાત્રે બ્લાસ્ટ થયો. અહેવાલો અનુસાર, રાજપુરા અને શંભુ રેલ્વે સ્ટેશનો વચ્ચે સ્થિત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર રેલ્વે લાઈન પર મોડી રાત્રે એક જોરદાર વિસ્ફોટ થયો. માહિતી મળતાં, રેલ્વે પ્રોટેકશન ફોર્સ (આરપીએફ), સરકારી રેલ્વે પોલીસ (જીઆરપી) અને સ્થાનિક પોલીસના વરિ અધિકારીઓ ભારે પોલીસ બંદોબસ્ત સાથે ઘટનાસ્થળે દોડી ગયા.

## ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગ આ વર્ષે ભારત આવશે

નવી દિલ્હી: વિશ્વના બદલાતી જતી જીઓ પોલીટીકસની સ્થિતિમાં ભારત-ચીન સંબંધોમાં હવે એક નવી શરૂઆતની તૈયારી છે અને લગભગ સાત વર્ષ બાદ ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિં ગ ભારતની મુલાકાતે આવી શકે છે.૨૦૨૦માં ગલવાન-ઘટના પર ભારત તથા ચીનના સંબંધોમાં જે તનાવ સર્જાયો હતો તે ધીમે ધીમે ઘટી રહ્યો છે. છેલ્લે ૨૦૧૯ના ઓકટોબરમાં શી જીનપિંગ ભારત આવ્યા હતા તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૫માં ૨૯ ઓકટોથી ૧ સપ્ટે.ના ગાળામાં ચીનના નિવાનજીંગમાં સંધાઈ શિખર પરિષદમાં ભાગ લેવા ચીન ગયા હતા.હવે ભારતમાં આ વર્ષે બ્રીકસ દેશોનું શિખર સંમેલન યોજાવાનું છે અને તેમાં શી જીનપીંગ ભારત આવી શકે છે. આ પુર્વે ચીનના વિદેશમંત્રી વાંગ યી પણ ભારત આવશે અને તેઓ સાથેની વાતચીતમાં ચીનના રાષ્ટ્રવડાની ભારત મુલાકાત નિશ્ચિત થશે. હાલમાં જ ચીનના વિશેષ દૂત પણ દિલ્હી આવ્યા હતા.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

**વૈશાખ સુદ-૧૨, તા.૨૮ એપ્રિલ, મંગળવાર**

## લોકશાહીના અસલી વિજેતા તો જાગૃત મતદારો જ !

કચ્છની ધરા પર રવિવારની આકરી ગરમી અને બદલાતા હવામાન વચ્ચે પણ જ્યારે લોકશાહીનું મહાપર્વ ખીલ્યું, ત્યારે એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે સત્તાના સમીકરણો ગમે તે હોય, પણ આખરે જીત તો જનતાની જ થઈ છે.ગુજરાત સહિત કચ્છમાં પણ નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાના જંગમાં આ વખતે રસાકસી જોવા મળી. કચ્છમાં સરેરાશ ૫૬ ટકા જેટલું નોંધપાત્ર મતદાન એ માત્ર આંકડો નથી, પરંતુ મતદારોની જાગૃતિનું પ્રતિક છે. આજે જ્યારે ઈવીએમના બોક્સ ખૂલી રહ્યા છે અને ઉમેદવારોના ભાવિનો ફેંસલો થઈ રહ્યો છે, ત્યારે રાજકીય ગલિયારાઓમાં ઉત્તેજના અને ચર્ચાઓનો માહોલ ગરમ છે. રાજકીય સમીક્ષકો અને પક્ષો પોતપોતાની રીતે હાર-જીતના ગણિત માંડશે, પરંતુ આ ચૂંટણીનો સૌથી તેજસ્વી પક્ષ એ છે કે લોકશાહીની પ્રક્રિયા જીવંત રહી છે.રવિવારની રજા, આકરી ગરમી અને અંગ દઝાડતી લૂ હોવા છતાં, કચ્છના અંતરિયાળ ગામડાઓથી લઈને વિકસિત શહેરો સુધીના મતદારોએ જે ઉત્સાહ બતાવ્યો છે તે સરાહનીય છે. લોકશાહીમાં પારદર્શક અને તટસ્થ ચૂંટણી યોજાય તે જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્વનું નાગરિકોનું મતદાનમાં સહભાગી થવું છે. કચ્છના મતદારોએ સાબિત કરી દીધું છે કે તેઓ પોતાની સુવિધા કરતા પણ પોતાના મતાધિકારને વધુ મહત્વ આપે છે.ચોક્કસપણે, આજના પરિણામો અનેક જૂના સમીકરણો તોડશે અને નવા સ્થાપિત કરશે. જનતાએ પોતાનું મન ઈવીએમમાં સુરક્ષિત રાખ્યું હતું, જે હવે જનમત તરીકે બહાર આવી રહ્યું છે. કેટલાક માટે આ પરિણામો આશાસ્પદ હશે તો કેટલાક માટે આશ્ચર્યજનક, પણ હકીકત એ છે કે જનતાએ જે પણ ઉમેદવાર પર પસંદગીની મહોર મારી છે, તે તેના ભવિષ્યના વિકાસની અપેક્ષાઓનું પ્રતિબિંબ છે.કોઈપણ પક્ષ સત્તા પર આવે, પરંતુ જો મતદાન પ્રક્રિયામાં જનતા નિષ્ક્રિય રહે તો લોકશાહી નબળી પડે છે. કચ્છના કિસ્સામાં મતદારોએ સક્રિય રહીને લોકશાહીને મજબૂત બનાવી છે. એટલે જ એમ કહેવું સહેજ પણ અતિશયોક્તિ નથી કે, આજે જે વિજય સરઘસો નીકળશે તેમાં ગુલાલ તો વિજેતા ઉમેદવાર પર ઉડશે, પણ અસલી વિજયના હકદાર તો એ મતદારો છે જેણે આ આકરી સિઝનમાં પણ બૂથ સુધી જવાની તસ્દી લીધી.

સ્થાનિક સ્વરાજની આ લડાઈ હવે પરિણામોના આખરી પડાવ પર છે. રાજકીય પક્ષો હાર અને જીતના કારણો શોધશે, પણ એક નાગરિક તરીકે આપણે ગર્વ કરવો જોઈએ કે આપણી લોકશાહી પ્રણાલી આજે પણ એટલી જ સક્ષમ છે. કચ્છના તમામ મતદારોને તેમના આ અભૂતપૂર્વ નિર્ણય અને લોકશાહી પ્રત્યેની શ્રદ્ધા બદલ અભિનંદન આપવા જ રહ્યા. કારણ કે, આજે ઉમેદવાર જે પણ જીતે, પણ અંતે તો ''મતદાર'' જીત્યો છે.

## રાપરની મનોદિવ્યાંગ સગીરાના દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદ

**માત્ર ૯૯ દિવસમાં ટૂંકા સમયમાં પોક્સો અદાલતનો ધાક બેસાડતો ચુકાદો**

રાપર - કચ્છઉદય : રાપરમાં સગીર વયની મનોદિવ્યાંગ બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપીને ભચાઉની કોર્ટે ૨૦ વર્ષની કેદ ફટકારી છે. માત્ર ૯૯ દિવસના ટુંકા સમયગાળામાં અદાલતે આ ચુકાદો આપ્યો છે. આ કેસમાં પોલીસે પણ માત્ર ૧૨ દિવસમાં પણ તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. અદાલતે ઝડપી ટ્રાયલ ચલાવી ધાક બેસાડતો ચુકાદો આપ્યો છે. આ કેસની વિગતો મુજબ પહેલી જાન્યુઆરીના રોજ રાપરની ૧૫ વર્ષિય માનસિક અસ્વસ્થ બાળકીને તેના ઘરથી દૂર લઈ જઈ બાવળની ઝાડીઓમાં ૨૯ વર્ષિય આરોપી શિવા મોહનભાઈએ દુષ્કર્મ ગુજાર્યું હતું. અને બાળકીએ ગળામાં પહેરેલ દાગીનું ઝુંટવીને ફરાર થઈ ગયો હતો. બાળકી ગુમ થઈ જતા તેની માતાએ શોધખોળ શરૂ કરી હતી. બાળકી ઘરથી દૂર કણસતી હાલતમાં મળી આવી હતી. બાળકીએ પોતાની આપવિતી જણાવતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું. આ ઘટના સોશિયલ મિડિયામાં વાયરલ થતા ૬ જાન્યુઆરીના રાપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ઝડપી તપાસ બાદ ૧૨ દિવસમાં જ ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ પોક્સો અદાલતમાં ચાલી જતા દસ્તાવેજી પુરાવા અને મેડિકલ પ્રમાણપત્ર તથા સાક્ષીઓની જુબાનીના આધારે અદાલતે આરોપીને ગુનેગાર ઠેરવી ૨૦ વર્ષ કેદ અને દંડનો હુકમ કર્યો હતો. આ ઉપરાંત અદાલતે દંડની રકમ વળતર સાથે પિડીતાના પરિવારને ચુકવવા તેમજ ગુજરાત વિકટીમ કોન્પેન સેશન સ્કીમ અંતર્ગત પરિવારને પાંચ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ ધર્મેન્દ્રસિંહ જાડેજાએ દલીલો કરી હતી.

## ભચાઉ શહેર કોંગ્રેસ પ્રમુખ મનજીભાઈ રાઠોડનો શિકારપુર બેઠક પર ભવ્ય વિજય, કોંગ્રેસનું ગઢ મજબૂત

ભચાઉ -કચ્છઉદય : તાલુકાની શિકારપુર તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજ નેતા તથા ભચાઉ શહેર કોંગ્રેસ પ્રમુખ મનજીભાઈ રાઠોડે ભવ્ય વિજય હાંસલ કર્યો છે. આ જીતથી કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે અને સમગ્ર વિસ્તારમાં ઉજવણીનો માહોલ સર્જાયો છે. ચૂંટણી દરમિયાન અનેક પડકારો અને કઠિન પરિસ્થિતિઓ વચ્ચે પણ મનજીભાઈ રાઠોડે મક્કમતા અને જનસમર્થનના બળ પર આ જીત નોંધાવી છે. મતદારો દ્વારા અપાયેલો આ વિશાળ મેંડેટ કોંગ્રેસ પાર્ટી પ્રત્યેના વિશ્વાસ અને વિશ્વસનીયતાનો પુરાવો છે.

આ વિજય સાથે શિકારપુર બેઠક પર કોંગ્રેસનું ગઢ વધુ મજબૂત બન્યું છે. કાર્યકરો અને આગેવાનો દ્વારા મનજીભાઈ રાઠોડને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે અને ભવિષ્યમાં પણ વિકાસના કાર્યોને આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. કોંગ્રેસ પક્ષે જણાવ્યું હતું કે આ જીત સામાન્ય જનતાની જીત છે અને આગામી સમયમાં લોકોના હિત માટે વધુ સક્રિય રીતે કામ કરવામાં આવશે.

**ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલ : ભાર્ગવ રમેશચંદ્ર જોશી વાળાની માલીકીનો સબ પ્લોટ નં.૫૧ થી ૫૭/૨, જે કચ્છ જીલ્લાના ભુજ તાલુકાના માધાપર ગામના મધ્યે આવેલ રે. સર્વે નાં. ૫૩૭/૩ પૈકી, જે ''કિર્તન પાર્ક'' તરીકે ઓળખાય છે. જેની જમીનમાં બિનખેતી રહેણાંક હેતુ માટેના પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબ પ્લોટ નં.૫૧ થી ૫૭/૨, ના ઉતરોતર દસ્તાવેજો પૈકી અસલ દસ્તાવેજ નં. ૪૧૨૩, તા.૩૧/૦૫/૨૦૧૭ અને દસ્તાવેજ નં. ૧૫૫૮૪, તા.૩૦/૧૧/૨૦૨૧ શરત ચુકથી ગુમ થઈ ગયેલ છે, તેમજ આ ગુમ થયેલ દસ્તાવેજના આધારે કોઈ વ્યકિત સાથે કોઈપણ પ્રકારનો વેચાણ વ્યવહાર કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર થયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં અમો સમક્ષ લેખીત આધારો સાથે વાંધો નોંધાવવો અન્યથા મુદત વિત્યે સદર મિલ્કતની ટાઈટલ કલીયર સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે.

ભુજ-કચ્છ.
તા.૨૭/૦૪/૨૦૨૬
અમારી મારફતે :-
ગૌતમ એન. દુલેરા (એડવોકેટ)
૧૧, ફાલ્ગુની એપાર્ટમેન્ટ,
ભુજ-કચ્છ. મો. ૯૮૨૪૨૮૧૭૧૭

ગૌતમ એન. દુલેરા
(એડવોકેટ)

# ભુજ નગરપાલિકા પર ફરી લહેરાયો ભગવો : ૨૮ બેઠક ભાજપને ફાળે


વોર્ડ-૭ના ભાજપના વિજયી ઉમદવારો


વોર્ડ-૮ના ભાજપના વિજયી ઉમદવારો


વોર્ડ-૨ના કોંગ્રેસના વિજયી ઉમદવારો


ઉમેદવારો અને કાર્યકરોનો જમાવડો



મેડિકલ ટીમ તૈનાત


વોર્ડ-૩ના કોંગ્રેસના વિજયી ઉમદવારો


વોર્ડ-૧૦ના ભાજપના વિજયી ઉમદવારો


વોર્ડ-૪ના ભાજપના વિજયી ઉમદવારો


વોર્ડ-૬ના ભાજપના વિજયી ઉમદવારો


એઆઈએમઆઈએમના વિજયી ઉમદવારો


વોર્ડ-૯ના ભાજપના વિજયી ઉમદવારો


વોર્ડ-૫ના કોંગ્રેસના વિજયી ઉમદવારો

**કોંગ્રેસના ફાળે ૧૩ અને એઆઈએમઆઈએમએ ૩ બેઠક પર મેળવી જીત : ભુજની સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે હાથ ધરાઈ મત ગણતરી : ઉમેદવારો અને ટેકેદારો રહ્યા ઉપસ્થિત : શહેરના ૧૧ વોર્ડ પૈકી વોર્ડ નં. ૧૧ ની ચારેય ચાર બેઠક ઉપરાંત વોર્ડ નં. ૪ અને ૮માં પણ એક-એક બેઠક ચૂંટણી પૂર્વે થઈ હતી બિનહરીફ : રવિવારે ૧૦ વોર્ડની ૩૮ બેઠકો માટે યોજાયું હતું મતદાન : કુલ્લ ૧,૧૧,૯૭૯ મતદારો પૈકી ૬૦,૧૩૦ મતદારોએ મતદાન કરતા ૫૩.૭૦ ટકા મત પડયા હતા : ગત ૨૦૨૧ની ચૂંટણીમાં ૪૪ બેઠકોમાંથી ૩૬ ભાજપ પાસે અને ૮ કોંગ્રેસ પાસે હતી**

ભુજ - કચ્છઉદય : જિલ્લા મથક ભુજ શહેરની નગરપાલિકા પર ત્રણ દાયકા કરતા વધુ સમયથી ભાજપની સતા છે. ત્યારે આ વખતે પણ ચૂંટણીમાં ભગવા બ્રિગેડ સતાના પુનરાવર્તન માટે અને વિપક્ષ પરિવર્તન લાવવા મેદાને ઉતર્યા હતા. ઉમેદવારી પત્રો ભરવાથી લઈને મતદાન સુધી સીમીત સમય હોતા ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે રાત થોડીને વેશ જાજા જેવો તાલ સર્જાયો હતો. રવિવારે યોજાયેલ મતદાનમાં શહેરમાં ૫૩.૭૦ ટકા મતદાન થયું હતું. આજે સવારે ૯ કલાકેથી શહેરની સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે મત ગણના હાથ ધરાઈ હતી. જેમ જેમ પરિણામો સામે આવતા ગયા તેમ તેમ વિજેતા ઉમેદવારો અને તેમના ટેકેદારો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ભુજ પાલિકા પર સત્તારૂઢ ભાજપે પુનઃ કબજો કરી લીધો છે. ૪૪ પૈકી ૨૮ બેઠક પર બીજેપી, ૧૩ બેઠક પર કોગ્રેસ અને ૩ બેઠક એઆઈએમઆઈએમના ફાળે રહી છે.

આ અંગેની વિગતો મુજબ શહેરના ૧૧ વોર્ડ પૈકી વોર્ડ નં. ૧૧ ની ચારેય ચાર બેઠક ઉપરાંત વોર્ડ નં. ૪ અને ૮માં પણ એક-એક બેઠક ચૂંટણી પૂર્વે બિનહરીફ થઈ ગઈ હતી. જેથી રવિવારે ૧૦ વોર્ડની ૩૮ બેઠકો માટે મતદાન યોજાયું હતું. કુલ્લ ૧,૧૧,૯૭૯ મતદારો પૈકી ૬૦,૧૩૦ મતદારોએ મતદાન કરતા ૫૩.૭૦ ટકા મત પડયા હતા. આજે વહેલી સવારથી ભુજની સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે મત ગણતરી હાથ ધરાઈ હતી. ઉમેદવારો અને ટેકેદારો ઉપસ્થિત રહ્યા હતા. મતગણતરી શરૂ થયા બાદ સૌથી પ્રથમ પરિણામ વોર્ડ નં. ૭નું જાહેર થયું હતું,

વોર્ડવાઈઝ વાત કરીએ તો ભુજના વોર્ડ નં. ૧ માં એઆઈએમઆઈએમને ત્રણ બેઠક અને કોંગ્રેસના ફાળે એક બેઠક રહી હતી. જેમાં એઆઈએઆઈએમના મુખ્તાર સમા, રોશનબેન સમા, સરફરાઝ જીએજા અને કોંગ્રેસના નોશિદા સોયબ લંઘા વિજયી થયા હતા. વોર્ડ નં. ૨ માં કોંગ્રેસની પેનલ વિજયી થઈ હતી. કોંગ્રેસના અંજલિ ગોર (૩૫૬૫), કાસમ કેવર (૩૪૨૫), રોશનબેન ત્રાયા (૩૦૧૯) અને નરેન્દ્રભાઈ ભીલને (૩૧૩૪) મત મળતા વિજયી જાહેર કરાયા હતા. નોટામાં ૮૬ મત પડયા હતા. વોર્ડ નં. ૩ માં કોંગ્રેસનો પેનલ ટુ પેનલ વિજય થયો હતો. જેમાં આઈસુબાઈ સમાને ૩૭૫૦ મત, કિશોરદાન ગઢવીને ૩૫૨૦ મત, ફકીરમામદ કુંભાર ૨૫૮૯ મત અને ફાતમાબાઈ સમા ૩૪૪૪ વિજયી થયા હતા. વોર્ડ નં. ૪ માં ચૂંટણી પૂર્વે જ એક બેઠક ભાજપે બિનહરીફ અંકે કરી લીધી હતી. જયારે અન્ય ત્રણ બેઠકો પર ભાજપના ડોલીબેન શાહ (૨૮૬૦), બીનાબેન ભાનુશાલી (૨૬૨૦) અને હરેશ મહેશ્વરીને (૨૩૫૦) વિજેતા જાહેર કરાયા હતા. વોર્ડ નં. ૫ માં કોંગ્રેસનો પેનલ ટુ પેનલ વિજય થયો હતો. જેમાં રાણબાઈ મહેશ્વરી, આદીલ જત (૨૨૨૫), ચેતન શાહ (૨૬૧૯), ચંદ્રાબેન સોની (૨૩૯૧) મત મેળવી વિજયી રહ્યા હતા. વોર્ડ નં. ૬ માં ભાજપનો પેનલ ટુ પેનલ વિજય થયો હતો. જેમાં જલધી વ્યાસ ૩૮૨૩, ધ્વનીબેન ગણાત્રા ૩૨૯૪, પ્રશાંતગીરી ગોસ્વામી ૩૨૧૧ અને હિનાબા ઝાલા ૩૦૮૨ વિજેતા જાહેર થયા હતા. વોર્ડ નં. ૭ માં ભાજપની પેનલ ટુ પેનલ જીત થતાં કેસરિયા બ્રિગેડમાં જોશ ફેલાઈ ગયો હતો.

વોર્ડ નં. ૭માં ભાજપના મયંક રૂપારેલ, મીનાબેન ગઢવી, રાજેન્દ્રસિંહ જાડેજા અને સાવિત્રીબેન જાટ વિજયી થયા હતા. વોર્ડ નં. ૮ માં ભાજપે એક બેઠક બિનહરીફ મેળવ્યા બાદ બાકીની ત્રણ બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો વિજયી થયા હતા. ભાજપના મનિષાબેન સોલંકી (૩૫૪૭), મનુભા જાડેજા (૩૫૪૮) અને વીમીબેન ઠક્કર (૨૯૯૦) ને વિજયી જાહેર કરાયા હતા. વોર્ડ નં. ૯માં ભાજપની પેનલ વિજયી થઈ હતી. જેમાં ક્રિષ્નાબા જાડેજા (૨૭૩૪), પ્રકાશ મહેશ્વરી (૨૩૧૭), રૂપલ ચાવડા (૨૩૯૨) અને શીતલ શાહ (૨૪૩૮) વિજયી થયા હતા. નોટામાં ૭૪ મત પડયા હતા. વોર્ડ નં. ૧૦માં ભાજપની પેનલ વિજયી રહી હતી. જેમાં દિલીપ હડિયા (૩૨૧૨), વંદના પરમાર (૨૯૪૭), હસ્મિતાબેન ગોર (૩૨૩૬) અને હિરેન ઠક્કર (૨૭૫૩) વિજેતા જાહેર થયા હતા. નોટામાં ૯૫ મત પડયા હતા. વોર્ડ નં. ૧૧ માં ચૂંટણી પૂર્વે જ ભાજપના ચારેય ચાર નગર સેવકો ધર્મેશ સુભાષભાઈ જોશી, ગીતાબેન અલ્પેશભાઈ પટેલ, બિંદીયાબેન મેહુલભાઈ ઠક્કર અને કમલભાઈ પી. ગઢવી અગાઉ જ બિનહરીફ વિજેતા થઈ ગયા હતા.

# અંજાર તાલુકા પંચાયતમાં ભાજપનો ઘોડો વીનમાં









**જાહેર થયેલ આઠ બેઠકના પરીણામમાંથી ૭ બેઠક ભાજપના ફાળે : ટપ્પર બેઠક પર કોંગ્રેસનો વિજય: અંજાર તાલુકા પંચાયતની ૨૦ પૈકીની વીરા બેઠક ભાજપે બિનહરીફ કરી હતી અંકે : તો આ અગાઉની ચૂંટણીમાં ૨૦માંથી ૧૫ ભાજપ પાસે અને વિપક્ષ કોંગ્રેસ પાસે માત્ર ૫ બેઠક જ હતી**





અંજાર - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ઔદ્યોગિક અને રાજકીય રીતે અત્યંત મહત્વ ધરાવતા અંજાર તાલુકા પંચાયતની મતગણતરી આજે સંપન્ન થતાની સાથે જ ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાનો અજેય ગઢ જાળવી રાખીને ભવ્ય વિજય મેળવ્યો છે.

સવારથી જ અંજારમાં જે પ્રકારે પરિણામોના વલણો સામે આવી રહ્યા હતા, તેનાથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રવિવારે યોજાયેલા મતદાનમાં અંજાર તાલુકાની પ્રજાએ ૭૦.૦૫ ટકા જેટલું જંગી મતદાન કરીને જે સાતત્યની અપેક્ષા રાખી હતી, તેના પર આજે મહોર વાગી ગઈ છે. ૧૯ બેઠકો પર મેદાનમાં ઉતરેલા ૪૮ ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો થયો છે, જેમાં ભાજપે પોતાનું વર્ચસ્વ સાબિત કરી દીધું છે.

વીરા બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા બાદ બાકીની ૧૯ બેઠકો માટે યોજાયેલી મતગણતરીમાં પણ શાસક પક્ષનો દબદબો જળવાઈ રહ્યો હતો. બપોરના સમયે જ્યારે એક પછી એક બેઠકોના સત્તાવાર પરિણામો જાહેર થયા, ત્યારે ગણતરી કેન્દ્રની બહાર ઉમટી પડેલા ભાજપના સમર્થકોએ વિજયના નારા સાથે આખા વાતાવરણને ગજવી મૂક્યું હતું. વિજેતા ઉમેદવારો જેવું જ કેન્દ્રની બહાર આવ્યા કે તરત જ તેમને ફૂલહાર અને ગુલાલથી નવડાવી દેવામાં આવ્યા હતા. કાર્યકરોએ વિજય ઉત્સવ મનાવતા ફટાકડા ફોડીને અંજારના માર્ગો પર વિજય સરઘસ જેવો માહોલ સર્જી દીધો હતો.

અંજાર તાલુકા પંચાયતમાં ફરી એકવાર કેસરીયો લહેરાતા ભાજપના શાસનની મજબૂતી સાબિત થઈ છે.

હારેલા ઉમેદવારોની છાવણીમાં સન્નાટો જોવા મળ્યો હતો, જ્યારે વિજેતા બનેલા પ્રતિનિધિઓના સમર્થકોએ એકબીજાના મોં મીઠા કરાવીને મોડી બપોર સુધી ઉજવણી ચાલુ રાખી હતી. તાલુકાના ગ્રામીણ મતદારોએ જે ભરોસો મૂક્યો છે તેને સાર્થક કરવાની ખાતરી સાથે વિજેતા ઉમેદવારોએ જનતાનો આભાર માન્યો હતો. આ પરિણામો સાથે અંજાર તાલુકામાં આગામી પાંચ વર્ષ માટે સત્તાનું સુકાન કોણ સંભાળશે તેનું ચિત્ર હવે સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું છે.

દુધઈ બેઠક પર ભાજપના લક્ષ્મીબેન લાલજીભાઈ આહિર (૨૦૦૬) મત સાથે વિજેતા બન્યા હતા. જયારે તેમના હરીફ કોંગ્રેસના ઉમેદવાર બબીબેન સામજીભાઈ ડાંગરને (૧૩૪૩) અને નોટામાં ૧૧૮ મત પડયા હતા.

સિનુગ્રા બેઠક પર ભાજપના ઉમેદવાર મયુર જયંતિલાલ ભોજાણીને (૧૭૯૨) મત મળતા વિજેતા જાહેર થયા હતા. કોંગ્રેસના દિપક ખોખરને (૯૩૦) અને આપના અમીનાબેનને ૨૯૦ મત મળ્યા હતા. નોટામાં ૫૫ મત પડયા હતા.

ટપ્પર બેઠક પર કોંગ્રેસના લક્ષ્મીબેન હેઠવાડીયાને ૧૯૨૪ મત મળતા વિજેતા જાહેર કરાયા હતા. તેમના હરીફ ભાજપના રાણીબેન માતાને ૧૬૦૫ અને અન્ય બે અપક્ષ ઉમેદવારો નિયામતબાઈ બાવાને ૪૭ અને વર્ષાબેન પરમારને ૯૩, નોટામાં ૪૭ મત પડયા હતા. મોડસર બેઠક પર ભાજપના સામજીભાઈ બરાડીયા ૧૮૩૫ મત મળતા વિજયી રહ્યા હતા.


કોંગ્રેસના અરજણ આહીરને ૧૫૫૨ મત મળ્યા હતા. નોટામાં ૩૮ મત પડયા હતા. સંઘડ બેઠક પર ભાજપના રાઘુભાઈ મકવાણા ૧૯૫૯ મત મળતા વિજેતા જાહેર થયા હતા. જયારે કોંગ્રેસના ઉમેદવાર શંભુભાઈ આહિરને ૬૭૪ અને નોટામાં ૫૬ મત પડયા હતા.



વરસામેડી - ૧ બેઠક પર ભાજપના મીરાબેન રબારી (૨૦૦૭), કોંગ્રેસના સભઈબેન રબારી (૭૮૨)ને હરાવી વિજયી થયા હતા. નોટામાં ૯૫ મત પડયા હતા. વીડી બેઠક પર ભાજપના હાસુબેન રબારી (૧૭૬૬) વિજયી થયા હતા. કોંગ્રેસના હમીદાબેન જતને (૭૮૯), અપક્ષ સલમાબાઈ જતને (૧૫૬), એઆઈએમઆઈએમના ઝુલેખાબેન જતને (૪૬૩) મત મળ્યા હતા. નોટામાં ૪૫ મત પડયા હતા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ભચાઉ તાલુકા પંચાયતની ૨૦ પૈકી ૧૯ બેઠક પર કેસરીયો લહેરાયો

નાની ચિરઈના વિજેતા ઉમેદવાર

લલિયાણાના વિજેતા ઉમેદવાર





## એક માત્ર શિકારપુર બેઠક કોંગ્રેસના ફાળે આવી : ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા અને માલતીબેનની મહેનત ફળી : ૨૦૨૧ માં ભાજપને ૧૬ અને કોંગ્રેસને ૪ બેઠક મળી હતી

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકા પંચાયતમાં આ વખતે ભાજપે વિક્રમજનક કહી શકાય તેમ ૨૦ પૈકી ૧૯ બેઠક પર વિજય હાંસલ કર્યો છે. જયારે કોંગ્રેસને ફાળે માત્ર શિકારપુરની બેઠક આવી છે. ભચાઉ તાલુકા પંચાયતની બેઠકો માટે આજે હાથ ધરવામાં આવેલી મતગણતરીના અંતે રાજકીય ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ભચાઉ તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી ત્રણ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીએ અગાઉથી જ બિનહરીફ વિજય મેળવીને પોતાની પકડ મજબૂત કરી લીધી હતી, જેના કારણે આજે બાકીની ૧૭ બેઠકો પર થયેલા મતદાનના પરિણામો પર સૌની નજર ટકેલી હતી. રવિવારે યોજાયેલા મતદાનમાં આ વખતે ગરમીનો પારો ઉંચો રહેતા અને લગ્નગાળાની સીઝનની ભરમાર હોવાને કારણે મતદાનની ટકાવારી પર તેની સીધી અસર જોવા મળી હતી. ૫૯.૨૪ ટકા જેટલા મધ્યમ મતદાન બાદ આજે જ્યારે પરિણામો જાહેર થયા, ત્યારે આ આંકડાકીય સમીકરણોએ અનેક બેઠકો પર હાર-જીતના ગણિત બદલી નાખ્યા હતા.

બપોરના સમયે જેમ જેમ એક પછી એક બેઠકના પરિણામો જાહેર થતા ગયા, તેમ તેમ ભચાઉના રાજકારણમાં ગરમાવો વધતો ગયો હતો. ગણતરી કેન્દ્રની બહાર પોતાના નેતાની જીતની પ્રતિક્ષામાં ઉભેલા કાર્યકરોએ પરિણામ આવતાની સાથે જ વાતાવરણને ગજવી મૂક્યું હતું. વિજેતા ઉમેદવારોને ફૂલહાર અને ગુલાલથી વધાવી લેવામાં આવ્યા હતા. ભલે આ વખતે મતદાન સામાન્ય કરતા ઓછું રહ્યું હોય, પરંતુ જે પણ જનાદેશ મળ્યો છે તેને સ્વીકારીને વિજેતા ઉમેદવારોએ વિજય સરઘસ કાઢ્યા હતા. કાર્યકરોએ એકબીજાના મોં મીઠા કરાવીને ફટાકડા ફોડી જીતની ઉજવણી કરી હતી.

ભચાઉ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાંથી આવેલા સમર્થકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. લગ્નની વ્યસ્તતા અને કાળઝાળ ગરમી વચ્ચે પણ જે મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, તેમના વિશ્વાસને જીતનાર ઉમેદવારોએ જનતાનો આભાર માન્યો હતો. ત્રણ બેઠકો પહેલેથી જ બિનહરીફ હોવાને કારણે ભાજપના છાવણીમાં એક પ્રકારનો આત્મવિશ્વાસ હતો જ, જે આજે બાકીની બેઠકોના પરિણામોમાં પણ જોવા મળ્યો હતો. બપોર બાદ ભચાઉના માર્ગો પર વિજેતા ઉમેદવારોના ટેકેદારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો અને વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું.

પરિણામો પર નજર કરીએ તો મોટી ચીરઈ પર ભાજપના ઉમેદવાર નિલમબા મયુરધ્વજસિંહ જાડેજા, ચોપડવા લક્ષ્મણ વાલજી રબારી અને મોરગર બેઠક પર ભરતસિંહ નટુભા જાડેજા અગાઉ બિનહરીફ થયા હતા. આજે આધોઈ - ૧ સીટ પર ભાજપના ગીતાબેન અમરતલાલ ભટ્ટી, આધોઈ - ૨ સીટ પર અમરતબેન હિતેશભાઈ કોલી, ભરૂડીયામાં ઉપેન્દ્રસિંહ જશુભા જાડેજા, ચોબારીમાં સીતાબેન રણછોડ ઢીલા ૯૦૦થી વધારે મતે વિજેતા થયા હતા. ધોળાવીરામાં મહાદેવાભાઈ રણમલભાઈ ચાવડા ૧૭૧૩ મતથી, લલીયાણામાં રણછોડભાઈ કાનાભાઈ પટેલ ૭૩૫ મતથી, સામખિયાળી - ૧ સીટ પર ભાજપના નીખીલ અંબારામ સુંબડ ૩૨૨ મતથી વિજેતા થયા હતા. આ સિવાય જંગીમાં નિર્મલાબેન કોલી, કંથકોટમાં આસીબેન ભીખાભાઈ ભીલ, લાકડીયા - ૧ સાદીક સુલેમાન રાઉમા, લાકડીયા - ૨ માં રાજીબેન કરશનભાઈ વાવીયા, મનફરામાં ભરતભાઈ વીભાભાઈ કોલી, સામખિયાળી - ૨ માં શાંતિબેન શંકરભાઈ છાંગા, વીજપાસરમાં રંભીબેન ખીમાભાઈ માતા, વોંધમાં પ્રેમીલાબેન રામજીભાઈ ચૌધરી ભાજપમાંથી વિજેતા થયા હતા. આ સિવાય શિકારપુર બેઠક પર કોંગ્રેસના નેતા અને ભચાઉ શહેર કોંગ્રેસ પ્રમુખ એવા મનજીભાઈ રાઠોડ વિજેતા થયા હતા. ગત વખતે ભાજપને ૨૦ માંથી ૧૬ અને કોંગ્રેસને ૪ બેઠક મળી હતી. આ વખતે ભાજપ ત્રણ બેઠક આગળ છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો આધોઈ, ચોબારી અને સામખિયાળીમાં પણ ભાજપનો વિજય થયો છે.

# મુંદરા તાલુકા પંચાયતની ૧૦ બેઠક પર ભગવો લહેરાયો, કોંગ્રેસને ફાળે ૮ બેઠક




**તાલુકા પંચાયતની ૧૮ બેઠકોના ૪૬ ઉમેદવારોના ભાવિ પરથી ઉંચકાયો પડદો : રવિવારે ૭૭.૫૯ ટકા થયું હતું મતદાન : ગત ૨૦૨૧ ની ચૂંટણીમાં મુન્દ્રા તાલુકામાં ૧૮ માંથી ૧૦ બીજેપી અને કોંગ્રેસે આઠ બેઠકો મેળવી હતી અહીં ગત ચૂંટણીમાં એક બેઠકનો જ તફાવત રહ્યો હતો : ગત ચૂંટણીના પરિણામનું થયું પુનરાવર્તન**

### મુંદરા તા.પં.ના ઉમેદવારને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **ભદ્રેશ્વર** | | |
| અફસાના ઓસમાણ કુંગડા | ભાજપ | ૧૪૬૩ |
| **આશીબાઈ અયુબ માંજલિયા** | **કોંગ્રેસ** | **૧૫૯૬** |
| **છસરા** | | |
| ગોવિંદ રામભાઈ ચોરાડા | આપ | ૨૭૨ |
| **ગાંગાભાઈ રામજીભાઈ ચાવડા** | **ભાજપ** | **૧૭૦૦** |
| ભીમા રામજી આહિર | કોંગ્રેસ | ૧૬૪૬ |
| **દેશલપર કંઠી** | | |
| **આશાબેન જયપાલસિંહ જાડેજા** | **ભાજપ** | **૧૬૦૯** |
| ઉર્વશીબા હરપાલસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૫૫૪ |
| મનિષા લઘુ માતંગ | બસપા | |
| **ગુંદાલા** | | |
| અમીના અબ્દુલરજાક કુંભાર | કોંગ્રેસ | ૧૬૧૭ |
| **જયશ્રીબેન જયેશભાઈ આહિર** | **ભાજપ** | **૧૭૯૪** |
| ઝરીનાબેન અનવર લંગા | અપક્ષ | |
| **લાખાપર** | | |
| **મંજુલાબેન મહેશ્વરી** | **ભાજપ** | **૧૫૪૦** |
| રાણભાઈ રામજી મહેશ્વરી | કોંગ્રેસ | ૧૦૪૮ |
| **લુણી** | | |
| **નવિનભાઈ વંકાભાઈ રબારી** | **ભાજપ** | **૧૮૨૧** |
| ફરઝાના અલ્તાફ રેલિયા | કોંગ્રેસ | ૧૪૫૯ |
| ફૈઝલ શબ્બીરભાઈ ખલીફા | આપ | ૧૩૦ |
| **મોટા કાંડાગરા** | | |
| આશાભાઈ રૂપાભાઈ રબારી | કોંગ્રેસ | ૧૩૮૮ |
| **હમીરભાઈ પચાણભાઈ રબારી** | **ભાજપ** | **૧૫૫૦** |
| **મોટા કપાયા** | | |
| **મંજુબેન માવજીભાઈ ભીલ** | **ભાજપ** | **૧૧૦૫** |
| ગંગાબેન ભરતભાઈ નાયકા | અપક્ષ | ૮૩૬ |
| **મોટી ભુજપુર-૧** | | |
| કલ્પેશ લઘુ માતંગ | બસપા | ૪૯ |
| **દિનેશ લાલજી મહેશ્વરી** | **કોંગ્રેસ** | **૨૩૦૯** |
| ધીરજલાલ ડાયાલાલ પાતળિયા | ભાજપ | ૮૬૩ |
| **મોટી ભુજપુર-૨** | | |
| મેઘરાજ હધુ ગાગિયા | ભાજપ | ૧૩૬૭ |
| **રાજદે નારાણ સાખરા** | **કોંગ્રેસ** | **૧૫૬૧** |
| **નાના કપાયા-૧** | | |
| **ધનજી લાલજી સોધમ** | **કોંગ્રેસ** | **૭૬૯** |
| પરેશ મુળજીભાઈ સોધમ | ભાજપ | ૫૫૪ |
| ભીમશી કરશન ગઢવી | આપ | ૨૨ |
| **નાના કપાયા-૨** | | |
| **ઈસ્માઈલ અલીમામદ તુર્ક** | **કોંગ્રેસ** | **૧૦૬૫** |
| સદ્દામહુશેન સતાર તુર્ક | ભાજપ | ૭૬૭ |
| **પત્રી** | | |
| બાબુલાલ ખીમજી પારીયા | આપ | |
| હેમરાજ ઘેલા મહેશ્વરી | કોંગ્રેસ | ૯૫૨ |
| **હેમંત લખમશી મહેશ્વરી** | **ભાજપ** | **૧૪૧૧** |
| **રામાણિયા** | | |
| ઉમાબા ગિરિરાજસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૪૫૫ |
| **સંતોકબા સ્વરૂપસિંહ જાડેજા** | **ભાજપ** | **૧૭૬૧** |
| **સાડાઉ** | | |
| આશાબેન કમલેશ ગઢવી | ભાજપ | ૧૨૧૩ |
| **રૂકશાના સલીમ સાંધ** | **કોંગ્રેસ** | **૧૬૫૧** |
| હસીના રહેમતુલ્લા ભંભરા | આપ | ૩૬૮ |
| હનિફા અશરફ વાઘેર | અપક્ષ | ૧૬ |
| **સમાઘોઘા** | | |
| ધર્મેન્દ્રસિંહ ખેંગારજી જાડેજા | કોંગ્રેસ | ૮૫ |
| **મનહરસિંહ હકુમતસિંહ જાડેજા** | **ભાજપ** | **૯૦૭** |
| કિરીટસિંહ દિલીપસિંહ જાડેજા | અપક્ષ | ૮૨૭ |
| **ઝરપરા-૧** | | |
| દેસાબાઈ પાલુભાઈ રવિયા | ભાજપ | ૧૭૦૪ |
| **પૂનમબેન ભરતભાઈ સેડા** | **કોંગ્રેસ** | **૧૯૫૦** |
| **ઝરપરા-૨** | | |
| **વીરબાઈ ભારૂ લાખાણી** | **કોંગ્રેસ** | **૧૧૬૬** |
| હાંસબાઈ પાલુભાઈ ગાગિયા | ભાજપ | ૧૧૦૫ |

મુન્દ્રા - કચ્છઉદય : તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે આજે યોજાયેલી મતગણતરીમાં મિશ્ર વાતાવરણ જોવા મળ્યું હતું. રવિવારે થયેલા ૭૭.૫૯ ટકા જેટલા તોતિંગ મતદાને પહેલાથી જ સંકેત આપી દીધો હતો કે આ વખતે જંગ ભારે રસાકસીભર્યો રહેશે. ૧૮ બેઠકો પર નસીબ અજમાવી રહેલા ૪૬ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે જ્યારે આજે સવારથી મતગણતરી કેન્દ્ર પર પ્રક્રિયા હાથ ધરવામાં આવી, ત્યારે મુન્દ્રાના રાજકીય ગલિયારાઓમાં ભારે ઉત્તેજના વ્યાપેલી જોવા મળી હતી. ખાસ કરીને ૧૮ પૈકીની ૯ બેઠકો એવી હતી જ્યાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધી અને કાંટાની ટક્કર જોવા મળી હતી, જેના કારણે પરિણામોની ક્ષણે-ક્ષણે બદલાતી સ્થિતિએ કાર્યકરોની ધડકનો વધારી દીધી હતી.

બપોરના ૧૨ વાગ્યા બાદ જ્યારે મુખ્ય બેઠકોના પરિણામો જાહેર થવાની શરૂઆત થઈ, ત્યારે ગણતરી કેન્દ્રની બહાર જમા થયેલા સમર્થકોના ટોળામાં ભારે હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. જે બેઠકો પર સીધી ટક્કર હતી ત્યાં વિજેતા ઉમેદવારોના નામ જાહેર થતાની સાથે જ તેમના સમર્થકોએ વિજયના નારા લગાવ્યા હતા અને એકબીજાને ગુલાલથી નવડાવી દીધા હતા.

વિજેતા ઉમેદવારોને ફૂલહાર અને સાફા પહેરાવીને કાર્યકરોએ ખભા પર ઉંચકી લીધા હતા અને ડીજેના તાલે વિજય ઉત્સવની શરૂઆત કરી દીધી હતી. મુન્દ્રામાં ઊંચા મતદાનને કારણે હાર-જીતનો નિર્ણય નિર્ણાયક રહ્યો છે, જે વિજેતા ઉમેદવારોના ચહેરા પર સ્પષ્ટપણે દેખાતો હતો.

તાલુકાની પ્રજાએ જે પ્રકારે જંગી મતદાન કર્યું હતું, તેનું પ્રતિબિંબ આજે ગણતરી કેન્દ્ર પર જોવા મળતા જનસમૂહમાં પણ ઝલાતું હતું. રાજકીય ગઢ સાચવવા માટે મથતા દિગ્ગજો અને પરિવર્તનની આશા રાખતા નવા ચહેરાઓ વચ્ચેના આ જંગમાં અંતે જનતાનો ચુકાદો સામે આવી ચૂક્યો છે. બપોર બાદ વિજેતા થયેલા ઉમેદવારોએ વિજય સરઘસ કાઢીને મતદારોનો આભાર માન્યો હતો, તો બીજી તરફ હારેલા ઉમેદવારોએ પણ આટલી મોટી લોકશાહીની લડાઈમાં મળેલી હારને સ્વીકારીને લોકમતને માથે ચડાવ્યો હતો. મુન્દ્રાના રાજકારણમાં આ પરિણામો આગામી સમયમાં નવા સમીકરણો રચશે તેમાં કોઈ શંકા નથી.

મુન્દ્રા તાલુકા પંચાયતની ભદ્રેશ્વર બેઠક પર કોંગ્રેસના આશીબાઈ અયુબ માંજલિયા ૧૫૯૬ મત સાથે વિજય થયા હતા. તેમના પ્રતિસ્પર્ધી ભાજપના અફશાના ઓસ્માણ કુંગડાને ૧૪૬૩ મત મળ્યા હતા.

છસરા બેઠક પર ભાજપના ગાંગાભાઈ રામજીભાઈ ચાવડા ૧૭૦૦ મત સાથે વિજય થયા હતા. કોંગ્રેસના ભીમા રામજી આહિરને ૧૬૪૬ અને આપના ગોવિંદ રામભાઈ ચોરાડાને ૨૭૨ મત મળ્યા હતા.

દેશલપર કંઠી બેઠક પર ભાજપના આશાબેન જયપાલસિંહ જાડેજા ૧૬૦૯ મત મેળવી વિજય બન્યા હતા. કોંગ્રેસના ઉર્વશીબા હરપાલસિંહ જાડેજાને ૧૫૫૪ મત મળ્યા હતા.

ગુંદાલા બેઠક પર ભાજપના જયશ્રીબેન જયેશભાઈ આહીર ૧૭૯૪ મત મેળવી વિજેતા બન્યા હતા. કોંગ્રેસના અમીના અબ્દુલ રજાક કુંભારને ૧૬૧૭ મત મળ્યા હતા.

લાખાપર બેઠક પર ભાજપના મંજુલાબેન મહેશ્વરીને ૧૫૪૦ અને કોંગ્રેસના રાણબાઈ મહેશ્વરીને ૧૦૪૮ મત મળતા ભાજપના ઉમેદવાર વિજય બન્યા હતા.

લુણી બેઠક પર ભાજપના નવીનભાઈ વાંકાભાઈ રબારી ૧૮૨૧ મત મેળવી વિજેતા બન્યા હતા. તેમનો પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ફરજાના અલ્તાફ રેલિયાને ૧૪૫૯ મત અને ફેઝલ શબીર ખલીફાને ૧૩૦ મત મળ્યા હતા.

મુન્દ્રા તાલુકા પંચાયતની મોટા કપાયા બેઠક પર ભાજપના મંજુલાબેન ભીલ ૧૧૦૫ મત મેળવી વિજય થયા હતા. અપક્ષ ઉમેદવાર ગંગાબેન નાયકાને ૮૩૬ મત મળ્યા હતા.

મુન્દ્રા તાલુકા પંચાયત મોટી ભુજપુર-૧ બેઠક પર કોંગ્રેસના દિનેશ મહેશ્વરી ૨૩૦૯ મત મેળવી વિજય બન્યા હતા. કોંગ્રેસના ધીરજલાલ પાતારિયાને ૮૬૩ અને બસપાના કલ્પેશ માતંગને ૪૯ મત મળ્યા હતા. મોટી ભુજપુર - ૨ બેઠક પર કોંગ્રેસના રાજદે સાખરા ૧૫૬૧ મત મેળવી વિજેતા બન્યા હતા. ભાજપના મેઘરાજ ગાગિયાને ૧૩૬૭ મત મળ્યા હતા.

મુન્દ્રા તાલુકા પંચાયત નાના કપાયા ૧ બેઠક પર કોંગ્રેસના ધનજી લાલજી સોંધન ૭૬૯ મત સાથે વિજેતા બન્યા હતા. ભાજપના પરેશ મૂળજીભાઈ સોંધમને ૫૫૪ અને આપના ભીમશી કરશન ગઢવીને ૨૨ મત મળ્યા હતા.

નાના કપાયા - ૨ બેઠક પર કોંગ્રેસના ઈસ્માઈલ તુર્કને ૧૦૬૫ મત મળતા વિજેતા બન્યા હતા. ભાજપના સદામહુશેન તુર્કને ૭૬૭ મત મળ્યા હતા.

પત્રીમાં ભાજપના હેમંત લખમશી મહેશ્વરી ૧૪૧૧ મત મળ્યા હતા. તો કોંગ્રેસના હેમરાજ ઘેલા મહેશ્વરી ૯૫૨ મત મળ્યા હતા. હેમંતભાઈ મહેશ્વરીની જીત થઈ હતી.

રામાણિયા તાલુકા પંચાયત બેઠક પર ભાજપના સંતોકબા સ્વરૂપસિંહ જાડેજાને ૧૭૬૧ જયારે કોંગ્રેસના ઉમાબા ગિરિરાજસિંહ જાડેજા ૧૪૫૫ને મત મળ્યા હતા. સંતોકબાનો વિજય થયો હતો.


સાડાઉ બેઠક પર કોંગ્રેસના રૂકશાના સલીમ સાંધને ૧૬૫૧ મત મળતા વિજય થયો હતો. જયારે ભાજપના આશાબેન કમલેશ ગઢવી ૧૨૧૩, હસીના રહેમતુલ્લા ભંભરા ૩૬૮ અને અપ હનિફા અશરફ વાઘેરને ૧૬ મત મળ્યા હતા.

મોટા કાંડાગરા બેઠક પર ભાજપના હમીરભાઈ પચાણભાઈ રબારીને ૧૫૫૦ મળ્યા હતા. તો કોંગ્રેસના આશાભાઈ રૂપાભાઈ રબારીને ૧૩૮૮ મત મળ્યા હતા.

સમાઘોઘા બેઠક પર ભાજપના મનહરસિંહ હકુમતસિંહ જાડેજા ૯૦૭ને મત મળ્યા હતા તો બીજા ક્રમે અપક્ષ ઉમેદવાર કિરીટસિંહ દિલીપસિંહ જાડેજા ૮૨૭ અને ત્રીજા ક્રમે કોંગ્રેસના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ ખેંગારજી જાડેજાને ૮૫ મત મળ્યા હતા.

ઝરપરા-૧ બેઠક પર કોંગ્રેસના પૂનમબેન ભરતભાઈ સેડાને ૧૯૫૦ જયારે નિકટના હરીફ ભાજપના દેસાબાઈ પાલુભાઈ રવિયાને ૧૭૦૪ મત મળયા હતા. તો ઝરપરા-૨ બેઠક પર કોંગ્રેસના વીરબાઈ ભારૂ લાખાણીને ૧૧૬૬ અને ભાજપના હાંસબાઈ પાલુભાઈ ગાગિયાને ૧૧૦૫ મળયા હતા.

# અંજાર નગરપાલિકામાં ભાજપનો વટભેર વિજય : ૨૭ બેઠક પર કર્યો કબજો










**શહેરના નવ વોર્ડની ૩૬ બેઠક પૈકી ૭ બેઠક પર ચૂંટણી પૂર્વે જ લહેરાઈ ગયો હતો ભગવો : આજે સવારથી પરીણામો જાહેર થવાની સાથે જ ભગવા બ્રિગેડની ઉજવણી શરૂ : વોર્ડ નં. ૪ અને ૮ માં કોંગ્રેસનો પેનલ ટુ પેનલ વિજય : શહેરની કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે હાથ ધરાઈ મત ગણતરી : રવિવારે યોજાયેલ ચૂંટણીમં ૬૧.૬૧ ટકા થયું હતું મતદાન : ગત ચૂંટણીમાં ૩૬ માંથી ૩૪ બેઠક ભાજપ પાસે તો માત્ર ૨ જ બેઠકો કોંગ્રેસના ફાળે આવી હતી**

અંજાર - કચ્છઉદય : ઐતિહાસિક અંજાર શહેરની નગરપાલિકા પર ખુબ જ લાંબા સમયથી ભાજપની સત્તા સ્થાપીત છે. આ વખતની ચૂંટણીમાં પણ ફરી ભગવો જ લહેરાશે તેવું અનુમાન અગાઉથી જ હતું. જે સાચું ઠરતા આજરોજ જાહેર થયેલા પરીણામમાં અંજાર નગરપાલિકામાં ભાજપનો વટભેર વિજય થયો છે. અંજાર નગરપાલિકામાં ભાજપને જંગી જીત મળી છે પરંતુ કોંગ્રેસે પણ પોતાનો દેખાવ સુધાર્યો છે. ખાસ કરીને વોર્ડ નં. ૪ અને વોર્ડ નં. ૫ માં કોંગ્રેસનો પેનલ ટુ પેનલ વિજયી થયો હતો. આ અંગેની વિગતો મુજબ અંજાર શહેરની નવ વોર્ડની ૩૬ બેઠકો પૈકી સાત બેઠક પર ચૂંટણી પૂર્વે જ ભગવો લહેરાઈ ગયો હતો. જેમાં વોર્ડ નં. ૧ માં કુંદનબેન જેઠવા, ધનબાઈ ગઢવી, વોર્ડ નં. ૨ માં ધર્મિષ્ઠાબેન સામજીભાઈ ખાંડેકા, વોર્ડ નં. ૩ માં પ્રીતિબેન શૈલેષભાઈ માણેક, તારાબેન પ્રકાશભાઈ રોશિયા, વોર્ડ નં. ૬ માં મમતાબેન હરીશભાઈ વેગડ, અને વોર્ડ ૯ માં પાર્થભાઈ કૃષ્ણલાલ સોરઠીયા બિનહરીફ વિજેતા થયા હતા. રવિવારે યોજાયેલ ચૂંટણીમાં ૨૯ બેઠક માટે મતદાન યોજાયું હતું. જેમાં ૧૭,૮૦૧ પુરૂષ અને ૧૫,૨૫૫ સ્ત્રી મળી કુલ્લ ૩૩૦૫૬ મતદારોએ મતદાન કરતા ૬૧.૬૧ ટકા મતો પડયા હતા. આજે સવારે નવ કલાકેથી શહેરની કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે મત ગણના હાથ ધરાઈ હતી. અંજાર નગરપાલિકાની ચૂંટણીમાં પ્રથમ પરિણામ વોર્ડ ૬નું જાહેર થયું હતું. વોર્ડ નં.૧ માં બે બેઠકો ભાજપને ફાળે બિનહરીફ રહી હતી. અન્ય બે બેઠક પણ ભાજપના ફાળે આવી હતી. ભાજપના જયેશ બલદાણીયા (૨૦૩૫) અને ડાયાભાઈ ૧૭૮૬ વિજયી થયા હતા. વોર્ડ નં. ૨ માં ભાજપના ધર્મિષ્ઠાબેન ખાંડેકા બિનહરીફ વિજયી થયા બાદ ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના તમામ ઉમેદવારો વિજયી થયા હતા. ભાજપના ગિરિશ પરમાર (૧૮૯૦), તેજપાલ લોચાણી (૧૫૪૬) અને સંદીપા સાકરીયા (૧૫૫૯) વિજયી થયા હતા. વોર્ડ નં. ૩ માં બે બેઠકો ભાજપે બિનહરીફ જીતી હતી જયારે બાકીની બે બેઠકો પર ભાજપના અલ્પેશ દરજી (૨૦૪૮) અને પ્રકાશ લોદરીયા (૧૮૪૪) વિજયી રહ્યા હતા. વોર્ડ નં. ૪ માં કોંગ્રેસને લીડ મળી હતી. કોંગ્રેસના દિપક આહિર (૨૨૭૦), મિનાલીબેન રાઠોડ (૨૦૮૬), રાજેન્દ્રસિંહ જાડેજા (૨૫૮૬) અને હલીમાબાઈ ખત્રી (૧૭૭૫) વિજયી થયા હતા વોર્ડ નં. ૫ માં એક બેઠક પર કોંગ્રેસના છાયાબા જાડેજા (૨૬૬૮) વિજયી થયા હતા. જયારે અન્ય ત્રણ બેઠક પર ભાજપના ઉમેદવારો વિજયી રહ્યા હતા. વોર્ડ નં. ૬ માં ભાજપનો પેનલ ટુ પેનલ વિજય થયો હતો. ભાજપના અજયસિંહ ઝાલા, આનંદ પલણ, કલ્પનાબેન ગોર વિજયી થયા હતા. જયારે મમતાબેન વેગડ અગાઉ જ બિનહરીફ વિજયી થયા હતા. વોર્ડ નં. ૭ માં ભાજપની પેનલ વિજયી થઈ હતી. ભાજપના આશિષ ઉદવાણી (૧૯૪૧), નિલેશ ગુસાઈ (૧૮૬૪), નીતાબેન ઠક્કર (૧૮૧૩) અને ફરીદા કુંભાર (૧૭૪૫) વિજયી થયા હતા. આપ અને કોંગ્રેસના ઉમેદવારોનો પરાજય થયો હતો. વોર્ડ નં. ૮ માં કોંગ્રેસનો પેનલ ટુ પેનલ વિજય થયો હતો. જેમાં ગંગાબેન ધનજી (૨૨૩૫), જીજીબાઈ શેખ (૨૨૨૯), મહમદ હુસેન શેખ (૨૧૫૨) અને યુવરાજસિંહ વાઘેલા (૨૦૭૩) વિજયી થયા હતા. વોર્ડ નં. ૯ માં એક બેઠક ભાજપના ફાળે બીનહરીફ રહ્યા બાદ ભાજપના ઉમેદવારો પરેશ માલસતર (૨૬૨૯), સોનલ મહેતા (૨૩૧૮) અને હર્ષાબેન ચોટારા (૨૩૭૪) વિજયી રહ્યા હતા.

# રાપર તાલુકા પંચાયતમાં પુનઃ ભગવો લહેરાયો

**તાલુકાની ૨૪ પૈકી ૧૫ બેઠકોના જાહેર થયેલા પરીણામોમાં ભાજપને ૧૩ સીટ મળી : કોંગ્રેસને બે અને આમ આદમી પાર્ટીએ આડેસરથી ખાતું ખોલાવ્યું : મહત્તમ સીટ મળતા તાલુકા પંચાયત પર ભાજપનો કબજો**









રાપર - કચ્છઉદય : કચ્છના વાગડ પંથકના પ્રવેશદ્વાર સમાન રાપર તાલુકા પંચાયતની ૨૪ બેઠકો માટે આજે યોજાયેલી મતગણતરીમાં રસાકસી અને રોમાંચનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રાપર તાલુકા પંચાયતમાં પુનઃ ભગવો લહેરાયો છે. તાલુકાની ૨૪ પૈકી ૧૫ બેઠકોના જાહેર થયેલા પરીણામોમાં ભાજપને ૧૩ સીટ મળી છે. કોંગ્રેસને બે અને આમ આદમી પાર્ટીએ આડેસરથી ખાતું ખોલાવ્યું છે. મહત્તમ સીટ મળતા તાલુકા પંચાયત પર ભાજપનો કબજો કરી લીધો છે. આ લખાય છે ત્યારે ૨૪ પૈકી ૧૫ સિટની ગણતરી હાથ ધરવામાં આવી હતી. ૯ સીટ પર ગણતરી ચાલુમાં છે. તેમજ જિલ્લા પંચાયતની તમામ પાંચ બેઠક પર કમળ ખીલ્યું હતું. ગત ટર્મમાં ૨૪ માંથી ૨૧ ભાજપને અને ૩ બેઠક કોંગ્રેસને મળી હતી.

રવિવારે થયેલા ૫૭.૧૮ ટકા જેટલા સાધારણ મતદાન બાદ આજે જ્યારે મતપેટીઓ ખુલી, ત્યારે ૨૪ બેઠકો પર નસીબ અજમાવી રહેલા ૬૬ ઉમેદવારોના હ્રદયના ધબકારા વધી ગયા હતા. અન્ય તાલુકાઓની સરખામણીએ રાપરનું રાજકીય ચિત્ર કંઈક અલગ જ જોવા મળ્યું હતું, જ્યાં પરંપરાગત હરીફ એવા ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. સવારથી જ ગણતરી કેન્દ્ર પર બંને પક્ષોના અગ્રણીઓની સૂચક હાજરી વચ્ચે એક-એક મતના તફાવત માટે રસાકસી જોવા મળી હતી.

બપોરના સમયે જ્યારે પરિણામોના આંકડા સ્પષ્ટ થવા લાગ્યા, ત્યારે અનેક બેઠકો પર હાર-જીતનું અંતર એટલું સામાન્ય હતું કે છેલ્લી ઘડી સુધી વિજેતાનું નામ નક્કી કરવું મુશ્કેલ બની ગયું હતું. કોંગ્રેસના ઉમેદવારોએ આ વખતે જોરદાર લડત આપતા ભાજપના ગઢમાં ગાબડા પાડવાના પ્રયાસો કર્યા હતા, જેને કારણે રાપરનું પરિણામ સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. અનેક બેઠકો પર સામાન્ય મતોના તફાવતથી ઉમેદવારો વિજેતા જાહેર થતા ગણતરી કેન્દ્રની બહાર ઉભેલા સમર્થકોમાં ક્યારેક ઉત્સાહ તો ક્યારેક નિરાશાના દ્રશ્યો જોવા મળ્યા હતા. જોકે, વિજયી ઉમેદવારોના નામ જાહેર થતાની સાથે જ તેમના સમર્થકોએ ફૂલહાર અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે વિજયના નાદ ગજવ્યા હતા.

રાપર તાલુકાના અંતરિયાળ ગામડાઓના પ્રતિનિધિઓ ચૂંટાતાની સાથે જ વાગડની ધરતી પર રાજકીય ગરમાવો વધી ગયો છે. વિજેતા થયેલા ઉમેદવારોને તેમના ટેકેદારોએ ખભા પર બેસાડીને વિજય સરઘસ કાઢ્યા હતા અને ફટાકડાની ગૂંજ સાથે પોતાની જીતની ખુશી વ્યક્ત કરી હતી. કોંગ્રેસના મજબૂત દેખાવને કારણે આ વખતે રાપર તાલુકા પંચાયતનું સત્તાવાર માળખું કેવું રહેશે તે જોવું રસપ્રદ બનશે. બપોર બાદ વિજેતા ઉમેદવારોએ જનતાનો આભાર માનીને વિકાસના કાર્યોની ખાતરી આપી હતી, જ્યારે નજીવા અંતરે હારેલા ઉમેદવારોએ પણ આ જંગને મજબૂતીથી લડ્યા હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

# ભીમાસર(ચ.)જિલ્લા પંચાયતમા ભાજપના મહીલા ઉમેદવારની જીત

**કચ્છની મીની સંસદમાં પ્રમુખપદ માટેનો સંભવત માર્ગ થયો મોકળો : ૨૫૦૦ મતોથી શ્રીમતી પ્રભાબેન મેરામણભાઈ હુણનો જવલંત વિજય**



ાંધીધામ : કચ્છમાં જિલ્લા પંચાયતમાં આ વખતે પ્રમુખપદનું રોટેશન જે સમુદાયને ફાળે ગયુ છે તેની બેઠક અંજાર તાલુકાના ભીમાસર ચકાસર એકમાત્ર જ હોવાથી આજ રોજ જાહેર થયેલા પરીણામોમાં આ બેઠક પર સૌના મીટ મંડાયેલા હતા. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત ભીમાસર ચકાસર જિલ્લા પંચાયત સીટ પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી પ્રભાબેન મેરામણભાઈ હુણને ૨૫૦૦થી વધુ મત સાથે ભવ્ય વિજયી થવા પામ્યો છે. કચ્છની મીની સંસદમાં હવે તેઓની પ્રમુખપદે આરૂઢ થવાની શકયતાઓ ઉજળી થવા પામી ગઈ છે.

# નખત્રાણા તાલુકા પંચાયતમાં પ્રમુખ પદે કોટડા(રોહ)ના ઉમેદવારને તકની સંભાવના

**બક્ષીપંચ મહીલા ઉમેદવારને પ્રમુખ પદે આરૂઢ થવાના રોટેશમાં કોટડા રો. ઉપરાંતના અન્ય ઉમેદવારોની હાર થતા ચર્ચાઓ તેજ**

ગાંધીધામ : આજ રોજ કચ્છમાં તાલુકા-જિલ્લા પંચાયતની બેઠકોના પરીણામો સામે આવવાની સાથોસાથ વિવિધ સમીકરણો પણ ચર્ચામાં આવ્યા હતા. નખત્રાણા તાલુકા પંચાયતમાં પણ પ્રમુખપદ પર રોટેશન મુબજ બક્ષીપંચ મહીલાને આરૂઢ થવાની નિર્ધારતી હતુ. તાલુકા પંચાયત ભાજપના ફાળે આવી છે પરંતુ બક્ષીપંચ મહીલા ઉમેદવારો અન્ય જે બેઠકો પર મેદાનમાં હતા તેમને સંભવત હાર ખમવાની આવી હોવાથી કોટડા રો.ના ઉમેદવાર ભારતીબેન એન ગોસ્વામીને પ્રમુખ પદ માટે લગભગ લગભગ નિશ્ચિત જ હોવાનુ રાજકીય તજજ્ઞો માની રહ્યા છે.

# માંડવી તાલુકા પંચાયત કેસરિયા રંગે રંગાઈ

**બપોર સુધી જાહેર થયેલા ૮ બેઠકોના પરીણામોમાં ભાજપને ફાળે ૭ બેઠક અને કોંગ્રેસને મળી એક બેઠક : તાલુકા પંચાયતની ૧૭ બેઠકો માટે ૬૮.૨૮ ટકા થયું હતું મતદાન : ત્રણ બેઠકો ભારતીય જનતા પાર્ટીના ફાળે રહી હતી બિનહરીફ : પરીણામો જાહેર થતા કયાંક ખુશી તો કયાંક ગમનો માહોલ : ગત ૨૦૨૧ ની ચૂંટણીમાં ૨૦ માથી ૧૭ બેઠકો ભાજપે અંકે કરી હતી**





માંડવી - કચ્છઉદય : માંડવી તાલુકા પંચાયતની ૧૭ બેઠકો માટે ૬૭.૫૮ ટકા જેટલું મતદાન થયું હતું. માંડવી તાલુકા પંચાયતની ૨૦ પૈકી નાની વિરાણી, બિદડા - ૨ અને બાયઠ ત્રણ બેઠકો ભાજપે બિનહરીફ જીતી લીધી હતી. આજે વહેલી સવારે માંડવીની સાયન્સ કોલેજ ખાતે ૧૭ બેઠકોના ઉમેદવારોના ભાવિ ખુલ્યા હતા. મત ગણતરી કેન્દ્રે ઉમેદવારો સાથે સમર્થકો અને ટેકેદારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મત ગણતરી કેન્દ્ર બહાર પર મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો. પ્રારંભીક તબક્કે મત ગણતરીની ધીમી શરૂઆત બાદ કામગીરીએ રફતાર પકડી હતી. પરીણામો ઝડપભેર જાહેર થવા લાગ્યા હતા. વિજેતા ઉમેદવારોને તેમના સમર્થકોએ હાર-તોરા કરી વધાવી લીધા હતા. આ લખાય છે ત્યાં સુધી જાહેર થયેલા ૮ બેઠકોના પરીણામોમાં ભાજપને ફાળે ૭ બેઠક અને કોંગ્રેસને મળી એક બેઠક મળી છે.

માંડવી તાલુકા પંચાયત ભારતીય જનતા પાર્ટીનો ગઢ છે તે વાત ફરી એકવાર ફળીફુત થઈ હોય તેમ આ વખતે પણ ભારતીય જનતા પાર્ટીના તરફેણમાં જ મતદારોએ પોતાનું રૂઝાન રાખ્યું હતું. માંડવી તાલુકા પંચાયતમાં ધમાકેદાર જીત મેળવનાર ભાજપ માટે આજનો દિવસ ઉત્સવનો દિવસ બની રહ્યો હતો. ઉમેદવારોના ભાવિનો ફેંસલો જયારે સરકારી વિજ્ઞાન કોલેજમાં થઈ રહ્યો હતો ત્યારે બહાર ઉભેલા સમર્થકો પોતાના ઉમેદવારની લીડ જાણી નારેબાજી કરતા નજરે પડયા હતા. જે બેઠકો પર રસ્સાકસ્સી હતી ત્યાં બન્ને પક્ષના સમર્થકોના જીવ તાળવે ચોટયા હતા. અંતિમ મતોની ગણતરી બાદ ચિત્ર સ્પષ્ટ થતા વિજેતા છાવણીએ ફટાકડા ફોડી જીતના વધામણા કર્યા હતા.

માંડવી તાલુકા પંચાયતની બાડા બેઠક પર ભાજપના જાગૃતિબા દીપસંગજી જાડેજા ૧૭૩૬ મત મેળવી વિજય બન્યા હતા. કોંગ્રેસના શ્રેયાબા દિલીપસિંહ જાડેજાને ૧૨૪૯ મત મળ્યા હતા. બાગ બેઠક પર ભાજપના કીર્તિકુમાર રાજગોરને ૪૨૦૯ મત, વિશ્રામભાઈ સંઘારને ૧૬૨૫ મળ્યા હતા. કીર્તિકુમારનો વિજય થયો હતો. બિદડા-૧ ભાજપના રેખાબેન પરેશ છાભૈયા ૧૩૮૩ તો હરીફ કોંગ્રેસના રીટાબેન ભાવિક પટેલ ૧૧૧૦ મત મળયા હતા. દરશડી બેઠક પર ભાજપના મહેન્દ્રકુમાર દેવજી મહેશ્વરીને ૧૯૦૨ અને કોંગ્રેસના સામત છગ મહેશ્વરીને ૧૮૪૨ મત મળયા હતા. દુર્ગાપર બેઠક પર ભાજપના પ્રિયંકાબેન રાહુલગિરિ ગોસ્વામીને ૨૦૦૮ અને કોંગ્રેસના નગમાબાનુ સલીમ સુમરા ૧૯૬૫ને મત મળ્યા હતા. ભાજપનો વિજય થયો હતો. ગઢશીશા-૧ બેઠક પર ભાજપના અંકિત રાજેન્દ્રગિરિ ગોસ્વામી ૧૮૦૧ અને કોંગ્રેસના વિનેશ દામોદરગિરિ ગોસ્વામી ૧૦૮૭, ગઢશીશા-૨ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. પાલા આશા રબારી ૨૦૬૧ અને કોંગ્રેસના લખુ દેવા રબારી (પન્નાભાઈ) ૧૩૫૩ને વિજય મળ્યો હતો. ગોધરા તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસ પ્રકાશભા વરજાંગ ગઢવીને ૨૧૨૪ મત મળતાં વિજેતા બન્યા હતા. ભાજપના પાલુ દેવરાજ ગઢવીને ૧૬૯૮ મત મળ્યા હતા. કોંગ્રેસનો વિજય થયો હતો.

# લખપત તાલુકા પંચાયતમાં બમ્પર મતદાન બીજેપીને ફળ્યું

**૧૬ પૈકી ૯ બેઠક પર ભાજપના ઉમેદવારો વિજયી : ૭ બેઠકો પર કોંગ્રેસની જીત**



સમર્થકોનો જમાવડો

દયાપર - કચ્છઉદય : લખપત તાલુકા પંચાયતની ચૂંટણી માટે બમ્પર મતદાન બાદ આજે સવારે ચુસ્ત બંદોબસ્ત સાથે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી.

લખપત તાલુકા પંચાયતના પરીણામો આજે વહેલી સવારથી જાહેર થયા હતા. કોંગ્રેસનો ગઢ ગણાતા લખપત તાલુકા પંચાયતની ચૂંટણીમાં આ વખતે ભાજપને પાતળી સરસાઈ મળી છે. તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી ભાજપના ૯ ઉમેદવારો વિજયી થતા આ તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન સ્થપાશે, જ્યારે કોંગ્રેસને વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો છે. કોંગ્રેસના ફાળે ૭ બેઠકો આવી છે.

# ભાજપ કાર્યાલયમાં ચા પીવડાવનાર રમેશભાઈ હવે સભા ગજવશે!

ગાંધીનગર : શહેરના વોર્ડ નંબર ૧૩ માંથી ભાજપના પાયાના અને પાયાના સ્તરે કામ કરતા કાર્યકર રમેશભાઈ ભીલને ટિકિટ આપવામાં આવી હતી. રમેશભાઈ વર્ષોથી મહેસાણા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પટાવાળા તરીકે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી રહ્યા છે. ચૂંટણીના પરિણામો જાહેર થતા જ રમેશભાઈ ભીલ સહિત ભાજપની આખી પેનલનો ભવ્ય વિજય થયો છે.મતદારોએ રમેશભાઈની સાદગી, તેમની વર્ષોની પક્ષ પ્રત્યેની વફાદારી અને લોકસેવાની ભાવનાને વધાવી લીધી છે. પટાવાળામાંથી કોર્પોરેટર સુધીની આ સફર માત્ર રમેશભાઈની વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ તે સામાન્ય માણસની શક્તિનું પ્રતિક છે. વિરોધ પક્ષો સામે લડીને તેમણે જંગી બહુમતી મેળવી, જે દર્શાવે છે કે જનતા કામ કરનારા અને જમીન સાથે જોડાયેલા લોકોમાં અતૂટ વિશ્વાસ ધરાવે છે.રમેશભાઈ છેલ્લા ઘણા સમયથી પક્ષના કાર્યાલયમાં નેતાઓ અને મુલાકાતીઓની સેવા કરી રહ્યા છે. તેઓ પોતે અત્યંત ગરીબ પૃષ્ઠભૂમિમાંથી આવે છે, છતાં તેમણે ક્યારેય પોતાની આર્થિક સ્થિતિને સેવામાં અવરોધ બનવા દીધી નથી.

# નવ રચિત વાવ થરાદ પર ભાજપનો ભગવો, એક સિવાયના તમામ તાલુકાઓ ભાજપ હસ્તક

ગાંધીનગર : ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લામાંથી નવા રચાયેલા વાવ થરાદ જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. વાવ થરાદ જિલ્લાની આઠ તાલુકા પંચાયત પૈકી પાંચ તાલુકા પંચાયત પર ભાજપે કબજો જમાવી દીધો છે. જો કે, લાખણી તાલુકા પંચાયત કોંગ્રેસ હસ્તક ગઈ છે. આ સમાચાર લખાઈ રહ્યાં છે તે સમયે, દિયોદર, ભાભરમાં ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષના સરખે સરખા ઉમેદવારો જીતી ચૂક્યા છે.

બનાસકાંઠા જિલ્લાના નાગરિકોની લોકમાંગને આધારે બનાસકાંઠામાંથી નવા રચાયેલા વાવ થરાદ જિલ્લાની આઠ તાલુકા પંચાયત પૈકી, પાંચ તાલુકા પંચાયતમાં ભાજપે જીત મેળવી છે. જેમા રાહ તાલુકા પંચાયત, વાવ તાલુકા પંચાયત, થરાદ તાલુકા પંચાયત, ધરણીધર તાલુકા પંચાયત અને સૂઈગામ તાલુકા પંચાયતમાં ભાજપે જીત મેળવી છે. વાવ થરાદથી લાખણી તાલુકા પંચાયત કોંગ્રેસે અંકે કરી છે.

વાવ થરાદ જિલ્લાની મુખ્ય તાલુકા પંચાયત એવી થરાદ તાલુકા પંચાયતમાં ભાજપની જીત થઈ છે. તાલુકા પંચાયતની કૂલ ૨૪ માંથી ૧૭ બેઠકો પર ભાજપની જીત થવા પામી છે. જ્યારે કોંગ્રેસના ફાળે એક બેઠ જાય તેવી સ્થિતિ છે.

ધરણીધર તાલુકા પંચાયતમાં પણ ભાજપે જીત અંકે કરી છે. વાવ થરાદ તાલુકા પંચાયતની ધરણીધર તાલુકા પંચાયતની ૧૬ માંથી ૧૨ બેઠકો પર ભાજપની જીત થવા પામી છે. જો કે, કોગ્રેસની ૨ બેઠક ઉપર જીત થઈ છે. જ્યારે બે બેઠક પર અપક્ષ ની જીત થઈ છે.

વાવ થરાદના સુઈગામ તાલુકા પંચાયત ઉપર પણ ભાજપની જીત થવા પામી છે. સૂઈગામ તાલુકા પંચાયતની કૂલ ૧૬ માંથી ૦૯ બેઠકો પર ભાજપની જીત થવા પામી છે. જ્યારે કોંગ્રેસની સાત બેઠકો પર જીત થઈ છે.

વાવ તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થવા પામી છે. ૧૬ માંથી ૧૦ બેઠકો પર ભાજપની જીત થઈ છે. જ્યારે કોગ્રેસની ૬ બેઠક પર જીત થવા પામી છે. રાહ તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. ૧૬ માંથી ૧૨ બેઠકો પર ભાજપની જીત જ્યારે કોગ્રેસના ઉમેદવારોનો ૪ બેઠક પર વિજય થયો છે. એક બેઠક અપક્ષના ફાળે ગઈ છે.

## પહેલા પાનાથી...

### સ્વરાજનો સંગ્રામ

વળી વિજેતા ઉમેદવારોમા જશ્નનો પણ માહોલ જોવાયો હતો જયારે બીજતીરફ હાર ખમનારા ઉમેદવારો સંઘર્ષ બાદ પ્રજાએ આપેલ ચુકાદાને વધાવતા જોવા મળી આવ્યા હતા. કચ્છમાં એકંદરે સત્તાની સુકાન ભાજપના હાથમાં રહી હોવાનુ ચિત્ર જોવા મળી આવ્યુ છે.

### ગુજરાતની

દિવસ ૨૪ મે યોજાશે મતદાન ૨૬ મે મતગણતરી હાથ ધરાશેચીતરીયા બેઠકના ભાજપના ઉમેદવારનું નિધન થયું હતું. સાબરકાંઠાના વિજયનગર તાલુકા પંચાયતની ચીતરીયા બેઠક પર ભાજપ ઉમેદવાર લીનાબેન લક્ષ્મણભાઈ નિનામાનું અવસાન થયું હતું. તેઓ તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા હતા. લીનાબેન ભારતીય જનતા પ ર્ટીના વિસ્તારમાં મજબૂત મહિલા આગેવાન હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન અચાનક ગંભીર બીમારીને લઈને તેમની તબિયત લથડી હતી. તબિયત લથડતા ભિલોડાની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ કારણે તાલુકા પંચાયતની ચીતરીયા બેઠકની ચુંટણી મોકૂફ રાખવામાં આવી હતી.અસ્તાન બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું નિધન થયું હતું

સુરત જિલ્લાના બારડોલી તાલુકા પંચાયતમાં અસ્તાન બેઠક પર કોંગ્રેસમાંથી ધર્મેશ રાઠોડે ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ ધર્મેશ રાઠોડનું ટૂંકી માંદગી બાદ ચૂંટણી દરમિયન જ નિધન થયું હતું. આ કારણે અસ્તાન બેઠક પર ચૂંટણી મોકૂફ રાખવામાં આવી હતી.

### સ્થાનિક સ્વરાજ્યની

આ ઉપરાંત રાજ્યની ૨૬૦ તાલુકા પંચાયતની ૫૨૩૪ બેઠકોની યોજાયેલી ચૂંટણી ની આજે હાથ ધરાયેલી મત ગણતરીમાં ભાજપ ૬૦ બેઠક ઉપર સરસાઈ મેળવીને વિજય કુચ તરફ આગળ વધી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ૧૫ મહાનગર પાલિકા ૮૪ નગરપ ાલિકા ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની યોજાયેલી ચૂંટણીની આજે હાથ ધરાયેલી મતગણતરીમાં પ્રથમ રાઉન્ડ થી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ સરસાઈ મેળવીને વિજય કુચ તરફ આગળ વધી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય મળ્યો છે જ્યારે કોંગ્રેસ અને આપના સુપડા સાફ થઈ ગયા છે.અત્યાર સુધીના પ્રાપ્ત આંકડાઓ મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૫ મહાનગરપાલિકા ૮૪ નગરપ ાલિકા ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની કુલ ૯૯૯૨ બેઠકોની મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં ૧૯૫૭ બેઠકોના પરિણામો જાહેર થયા છે જેમાં ભાજપે ૧૭૪૨ બેઠક ઉપર વિજય મેળવ્યો છે જ્યારે કોંગ્રેસે ૧૯૪ બેઠક ઉપર વિજય મેળવ્યો છે આમ આદમી પાર્ટી એ ૧૮ બેઠક પર અને ૩ બેઠક પર અન્ય ઉમેદવાર વિજય થયા છે.

**શહેર-જિલ્લા પ્રમુખોને ૬ મે સુધી હેડક્વાર્ટર ન છોડવા હાઈ કમાન્ડનો આદેશ**

# પરિણામ બાદ યુદ્ધના ધોરણે ભાજપ પદાધિકારીઓની નિમણુંક માટેની પ્રક્રિયા હાથ પર લેશે

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ આજે સવારથી તમામ સ્થળોએ મતગણતરી ચાલી રહી છે. સાંજ સુધીમાં ફાઈનલ પરિણામ આવી જશે. દરમિયાન ગઈકાલે પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા રાજ્યભરના શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખોને ૬ મે સુધીમાં હેડક્વાટર ન છોડવા એટલે કે, ચૂંટણીનો થાક ઉતારવા માટે ગુજરાતની બહાર ફરવા ન જવા માટે સુચના આપી દેવામાં આવી છે.

વહીવટદાર શાસનના કારણે કેટલાક કામો અટકી પડ્યા છે. કે જેને ધ્યાનમાં રાખી સરકાર અને સંગઠન બન્ને તાકીદે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં ઈચ્છી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

રવિવારે મતદાન પૂર્ણ થયા બાદ કેટલાક શહેર અને જિલ્લાના પ્રમુખોએ ભાજપ હાઈ કમાન્ડ પાસે એક સપ્તાહની રજાની માગણી કરી હતી. કારણ કે, છેલ્લા ઘણા સમયથી જિલ્લા અને શહેર ભાજપના સંગઠનના હોદ્દેદારો ચૂંટણી લક્ષી કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે થાકીને લોથપોથ થઈ ગયા છે. હવે જ્યારે મતદાન પૂર્ણ થઈ ગયું છે અને આજે મતગણતરી પણ પુરી થઈ જશે આવામાં એક સપ્તાહ સુધી કોઈ જ અગત્યનું કામ ન હોય ચુંટાયેલા જનપ્રતિનિધિઓના નામ જ્યાં સુધી ગેઝેટમાં પ્રસિદ્ધ ન થઈ જાય અને બોર્ડ બેઠકની તારીખ ન જાહેર થાય ત્યાં સુધીનું મીની વેકેશન આપવાની માગણી કરી હતી. પરંતુ હાઈ કમાન્ડ દ્વારા તમામ શહેર અને જિલ્લા ભાજપના પ્રમુખોને આગામી ૬ મે સુધીમાં હેડ ક્વાટર ન છોડવા માટે તાકીદ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. આગામી એક સપ્તાહમાં સંગઠનના હોદેદારોને ગમે ત્યારે પ્રદેશમાંથી ઓચિંતુ તેડુ મોકલવામાં આવશે. હવે વિધાનસભાની ચૂંટણીના આડે માત્ર દોઢ વર્ષ જેટલો સમય બાકી રહ્યો છે. જ્યારે તમામ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતમાં જ્ઞાતિ-જાતિના સમીકરણોને આધારે પદાધિકારીઓની નિમણુંક કરવાની પક્ષની ગણતરી છે. એક બેઠકમાં આ શક્ય નથી. આગામી ૬ મે સુધીમાં બે થી ત્રણવાર જિલ્લા કે શહેર ભાજપ પ્રમુખને હાઈ કમાન્ડનું તેડુ આવી શકે છે. એટલે તમામને પોતાના શહેર કે, જિલ્લામાં જ રહેવાની સુચના આપવામાં આવી છે. ગુજરાત ન છોડવાની કડક સુચના અપાઈ હોવાનું જાણવા મળી રહ્યુ છે.

# સચિવાલયના અધિકારીઓના વિભાગોમાં વ્યાપક ફેરફાર, અનેકને નવી જવાબદારીઓ સોંપાઈ

ગાંધીનગર - કચ્છઉદય : ગાંધીનગર સ્થિત રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવાલય સેવાઓના અધિકારીઓમાં વ્યાપક ફેરફારનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. તારીખ ૨૭ એપ્રિલના આ આદેશ મુજબ સંયુક્ત સચિવ અને નાયબ સચિવ કક્ષાના અનેક અધિકારીઓના વિભાગોમાં બઢતી - બદલીઓ કરવામાં આવી છે અને તેમને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. જાહેર કરાયેલા આદેશમાં વિવિધ વિભાગો જેવા કે નર્મદા, પાણી પુરવઠા, ઉદ્યોગ, આરોગ્ય, ગ્રામ વિકાસ, શિક્ષણ, મહેસૂલ સહિતના મહત્વપૂર્ણ ખાતાઓમાં ફેરફારો નોંધાયા છે. આ બદલીઓ હેઠળ કેટલાક અધિકારીઓને તેમના હાલના વિભાગમાંથી બદલીને સંપૂર્ણપણે નવા વિભાગમાં મુકવામાં આવ્યા છે, જ્યારે કેટલાકને વધારાની જવાબદારીઓ પણ સોંપવામાં આવી છે.

# અરવલ્લીમાં પૂર્વ IPS મનોજ નિનામાની પરાજય

ગાંધીનગર : ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામોમાં અનેક રસપ્રદ કિસ્સાઓ સામે આવ્યા છે. ખાસ કરીને અરવલ્લી જિલ્લામાં એક દિગ્ગજ ચહેરાની હાર ચર્ચાનું કેન્દ્ર બની છે, જ્યારે પંચમહાલ અને સાબરકાંઠામાં સત્તાધારી પક્ષ ભાજપે પોતાની પકડ મજબૂત રાખી છે. બીજી તરફ નર્મદા જિલ્લામાં ત્રિપાંખિયા જંગના એંધાણ દેખાઈ રહ્યા છે.અરવલ્લી: પૂર્વ IPS અધિકારીની આઘાતજનક હારઅરવલ્લી જિલ્લામાં આ વખતની ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર શામળાજીની ઓડ જિલ્લા પંચાયત બેઠક પર જોવા મળ્યો છે. અહીં ભાજપે પૂર્વ IPS અધિકારી મનોજ નિનામાને મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેમને કારમી હારનો સામનો કરવો પડ્યો છે.

# છેલ્લા પાનાનું ચાલુ.. ગાંધીધામની પ્રથમ મનપા







શરૂ કરવામા અવ્યો હતો. જેમ જેમ મતપેટી-ઈવીએમમાથી મતો બહાર આવવા પામ્યા તેમ તેમ ભાજપના ઉમેદવારો તબક્કાવાર વિજયી થવા પામ્યા હોવાનું ચિત્ર ઉપસી રહ્યુ હતુ. બપોરે એક વાગે સ્પષ્ટ થયેલા ચિત્ર પ્રમાણે 13 વોર્ડમાં એક બેઠક બિનહરીફ થયા બાદ 51 બેઠકો માંથી 40 બેઠકો ભાજપના ફાળે અને 11 બેઠકો કોંગ્રેસના ફાળે આવતા ગાંધીધામની મહાનગરપાલિકામાં સતાનો સોપાન ભાજપના હાથમાં ગયું છે.

# મુંદરા-બારોઈ નગરપાલિકા પર સતત બીજીવાર ભાજપનો કબજો










## મુંદરા નગરપાલિકાના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **વોર્ડ-૧** | | |
| અરવિંદ પ્રવિણ સથવારા | ભાજપ | ૭૫૫ |
| જહાન્વીબેન કેતન ઓઝા | ભાજપ | ૭૮૭ |
| જાવેદ રફીક પઠાણ | કોંગ્રેસ | ૧૪૯૨ |
| નદીમહુશેન અબ્દુલરસુલ સૈયદ | ભાજપ | ૭૩૧ |
| નિમિતાબેન ભરત પાતારિયા | કોંગ્રેસ | ૧૪૦૦ |
| ફારૂક ઓસમાણ સુમરા | કોંગ્રેસ | ૧૩૩૫ |
| મિતાલીબેન કુલદિપ ધુઆ | ભાજપ | ૭૨૮ |
| શારદાબેન ચેતન મહેશ્વરી | કોંગ્રેસ | ૧૩૦૮ |
| **વોર્ડ-૨** | | |
| આશાબેન અમીત સોરઠિયા | ભાજપ | ૧૩૭૪ |
| ચાગબાઈ અશોક ફફલ | ભાજપ | ૧૨૩૧ |
| જીજ્ઞાબેન જગદીશ આયડી | કોંગ્રેસ | ૬૨૦ |
| જીજ્ઞેશ અરવિંદભાઈ રાવલ | આપ | ૧૯૫ |
| ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા | ભાજપ | ૧૪૦૯ |
| ભોજરાજ ગોપાલ ગઢવી | ભાજપ | ૧૩૫૨ |
| સવુભા રાઘુભા જાડેજા | કોંગ્રેસ | ૮૩૩ |
| શિલ્પાબેન દિનેશ પટેલ | કોંગ્રેસ | ૬૯૩ |
| હરેશગર દામગર ગોસ્વામી | કોંગ્રેસ | ૬૧૬ |
| કુલદીપસિંહ જાલુભા જાડેજા | અપક્ષ | ૨૯૯ |
| **વોર્ડ-૩** | | |
| ઈમ્તિયાઝ ઓસમાણ ગની સુમરા | કોંગ્રેસ | ૧૦૮૨ |
| ઈસ્માઈલશા અબ્દુલશા સૈયદ | કોંગ્રેસ | ૧૦૮૬ |
| કોમલબેન સુરેશ ફફલ | કોંગ્રેસ | ૧૦૧૦ |
| જીવણજી ભાણજી જાડેજા | ભાજપ | ૧૧૭૨ |
| નૂરબાનુ રમજુ ધુઈયા | કોંગ્રેસ | ૯૨૬ |
| પૂજાબા રાજેન્દ્રસિંહ રાઠોડ | ભાજપ | ૧૪૧૭ |
| લક્ષ્મીબેન કરશન ગઢવી | ભાજપ | ૧૦૧૦ |
| હેત દિલીપભાઈ આહિર | ભાજપ | ૧૦૩૬ |
| **વોર્ડ-૪** | | |
| ઈકબાલ આમદ જુણેજા | ભાજપ | ૧૨૬૩ |
| ઈમરાન યાકુબ અહેમદ ખત્રી | કોંગ્રેસ | ૨૪૦૪ |
| ઈમરાન સલીમ જત | કોંગ્રેસ | ૨૫૦૯ |
| ઉમર ફારૂક હસનઅલી જત | ભાજપ | ૧૪૩૩ |
| ફરઝાના મહમદયુસુફ ખત્રી | ભાજપ | ૧૩૪૯ |
| માનબાઈ જીતેન્દ્રભાઈ સોંધરા | કોંગ્રેસ | ૨૦૬૯ |
| વર્ષાબેન વિરેન્દ્ર મોથારિયા | ભાજપ | ૧૦૯૭ |
| સલીમાબેન અમીન ખોજા | કોંગ્રેસ | ૨૦૬૭ |
| **વોર્ડ-૫** | | |
| અશગરઅલીખાન મીરમામદ પઠાણ | આપ | ૧૪૩ |
| જલીમાબાઈ અમીન કુંભાર | કોંગ્રેસ | ૬૮૮ |
| જશવંતીબેન ભરતકુમાર પણિયા | કોંગ્રેસ | ૭૧૧ |
| પ્રકાશ ગોપાલજીભાઈ ઠક્કર | ભાજપ | ૧૫૯૫ |
| મુસદ્દ કાસમ જકરિયા જત | કોંગ્રેસ | ૬૫૮ |
| મહમદ હનિફ કાસમ થેબા | કોંગ્રેસ | ૬૧૦ |
| રચનાબેન પ્રવિણકુમાર જોષી | ભાજપ | ૧૫૧૨ |
| રાજેશ મોહનલાલ માલમ | ભાજપ | ૧૫૪૮ |
| હિનલ નિકુલભાઈ કષ્ટા | ભાજપ | ૧૪૪૯ |
| મામદ હુશેન કુંભાર | અપક્ષ | ૧૫૯ |
| **વોર્ડ-૬** | | |
| જીજ્ઞાબેન હિમાલય જોષી | ભાજપ | ૧૧૩૩ |
| ડાયાલાલ વાઘજીભાઈ ગોહિલ | ભાજપ | ૧૧૨૪ |
| નરેન્દ્રસિંહ હિંમતસિંહ પરમાર | ભાજપ | ૧૧૫૪ |
| નીતિન ગૌરીશંકર રાજગોર | કોંગ્રેસ | ૨૨૨ |
| ભરત કાનજી પાતાળિયા | કોંગ્રેસ | ૧૯૦ |
| મોહિની વિનોદ ચૂડાસમા | ભાજપ | ૧૭૧ |
| શબ્બીના હનિફ કેવર | કોંગ્રેસ | ૧૬૩ |
| શિરીન અબ્દુલ થેબા | કોંગ્રેસ | ૧૪૪ |
| **વોર્ડ-૭** | | |
| અલ્પાબા ધ્રુવરાજસિંહ ચૂડાસમા | ભાજપ | ૧૨૩૮ |
| દિલીપ રેવાશંકર ગોર | ભાજપ | ૧૨૩૨ |
| નયનાબેન અલ્પેશ સોલંકી | ભાજપ | ૧૧૯૭ |
| પ્રકાશ રેવાલાલ પાટીદાર | ભાજપ | ૧૨૨૫ |
| પ્રતિક્ષાબેન હરેશગર ગોસ્વામી | કોંગ્રેસ | ૨૨૯ |
| મહમદ શુફિયાન અનવર ચાકી | કોંગ્રેસ | ૧૯૨ |
| મુસ્તફા ફખરૂદ્દીન વોરા | કોંગ્રેસ | ૧૮૫ |
| હિરલબેન પરેશકુમાર દવે | કોંગ્રેસ | ૨૦૨ |




**નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ ૨૦૨૧ની પ્રથમ ચૂંટણીમાં ભાજપના ક્લિન સ્વીપ બાદ ફરી ૨૦૨૬ માં ઈતિહાસનું થયું પુનરાવર્તન : શહેરના સાત વોર્ડની ૨૮ બેઠકો પૈકી ૧૯ બેઠકો પર ભાજપે મેળવ્યો વિજય : કોંગ્રેસને ફાળે ૯ બેઠકો આવી : શહેરની આર્ટસ - કોમર્સ કોલેજ ખાતે હાથ ધરાઈ મત ગણતરી**

મુંદરા - બારોઈ - કચ્છઉદય : કચ્છના પેરીસ ગણાતા મુંદરા શહેરની મુદરા - બારોઈ નગરપાલિકા પર સતત બીજી વખત ભાજપનો કબજો સ્થપાયો છે. નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ ૨૦૨૧ની પ્રથમ ચૂંટણીમાં ભાજપના ક્લિન સ્વીપ બાદ ફરી ૨૦૨૬ માં પણ ઈતિહાસનું પુનરાવર્તન થયું છે. શહેરના ૭ વોર્ડની ૨૮ બેઠકો પૈકી ૧૯ બેઠકો પર ભાજપે વિજય પ્રાપ્ત કર્યો છે. ગત ચૂંટણીમાં પણ આજ પરિણામો આવ્યા હતા.

શહેરની આર્ટસ - કોમર્સ કોલેજ ખાતે આજે સવારે નવ કલાકે ચુસ્ત બંદોબસ્ત સાથે મુંદરા - બારોઈ નગરપાલિકાની મત ગણતરી હાથ ધરાઈ હતી. રવિવારે યોજાયેલ મતદાનમાં ૮૮૫૯ પુરૂષ અને ૭૭૭૭ મહિલા મળી કુલ્લ ૧૬૬૩૬ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લામાં સૌથી વધુ મુંદરા - બારોઈ નગરપાલિકામાં ૭૫.૦૩ ટકા મતદાન નોંધાયું હતું. આજે જેમ જેમ પરીણામો સામે આવતા ગયા તેમ તેમ ઉમેદવારો અને તેમના ટેકેદારોમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. કોંગ્રેસને ફાળે માત્ર ખાલી બેઠકો આવી હતી.

મુંદરા - બારોઈ નગરપાલિકાના વોર્ડ વાઈઝ પરીણામોની વાત કરીએ તો વોર્ડ નં. ૧માં કોંગ્રેસની પેનલનો વિજય થયો હતો. કોંગ્રેસના જાવેદ રફીક પઠાણને ૧૪૯૨, નિમિતાબેન ભરત પાતારિયાને ૧૪૦૦, ફારૂક ઓસ્માણ સુમરાને ૧૩૩૫ અને શારદાબેન ચેતન મહેશ્વરીને ૧૩૦૮ મત મળ્યા હતા. જ્યારે ભાજપના અરવિંદ પ્રવીણ સથવારાના ૭૫૫, જાનવીબેન કેતન ઓઝાને ૭૮૭, નદીમહુશેન સૈયદ ૭૩૧, મિતાલીબેન કુલદીપ ધુઆને ૭૨૮ મત મળ્યા હતા. વોર્ડ નં. ૨માં ભાજપની પેનલનો ભવ્ય વિજય થયો હતો. આશાબેન સોરઠિયા ૧૩૭૪, ચાંગબાઈ ફફલને ૧૨૩૧, ધર્મેન્દ્રસિંહ ઝાલાને ૧૪૦૯ અને ભોજરાજ ગઢવીને ૧૩૫૨ મત મળ્યા હતા.

વોર્ડ નં. ૩ ભાજપના ત્રણ અને કોંગ્રેસના ૧ ઉમેદવારનો વિજય થયો હતો. ભાજપના જીવણજી જાડેજાને ૧૧૭૨, પૂજાબેન રાઠોડને ૧૪૧૭, લક્ષ્મીબેન કરશન ગઢવીને ૧૦૧૦ મત મળ્યા હતા. તો કોંગ્રેસના ઈસ્માઈલશા સૈયદને ૧૦૮૮, કોમલ ફફલને ૧૦૧૦, નુરમાબાનુ ધુઈયાને ૯૨૬ અને હેત આહિરને ૧૦૩૬ મત મળ્યા હતા.

વોર્ડ નં. ૪માં કોંગ્રેસની પેનલનો વિજય થયો હતો. ઈમરાન ખત્રીને ૨૪૦૭, ઈમરાન જતને ૨૫૦૯, માનબાઈ સોધરાને ૨૦૬૯ અને સલીમા ખોઝાને ૨૦૬૭ મત મળતા વિજયી થયા હતા.

વોર્ડ નં. ૫ની ભાજપની પેનલ વિજેતા બની હતી. હિનલ કષ્ટાને ૧૪૪૯, રચનાબેન જોષીને ૧૫૧૨, પ્રકાશ ઠક્કરને ૧૫૯૫, રાજેશ માલમને ૧૫૪૮ મત મળ્યા હતા.


વોર્ડ નં. ૬માં ભાજપની પેનલનો વિજય થયો હતો. મોહિની ચુડાસમાને ૯૭૧, જીજ્ઞા જોષીને ૧૧૩૩, ડાયાલાલ ગોહિલને ૧૧૨૪, નરેન્દ્રસિંહ પરમારને ૧૧૫૪ મત મળ્યા હતા.

વોર્ડ નં. ૭માં ભાજપની પેનલ વિજેતા બની હતી જેમાં અલ્પાબા ધ્રુવરાજસિંહ ચૂડાસમા ૧૨૩૮, દિલીપ રેવાશંકર ગોર ૧૨૩૨, નયનાબેન અલ્પેશ સોલંકી ૧૧૯૭ અને પ્રકાશ રેવાલાલ પાટીદાર ૧૨૨૫ મત સાથે વિજયી બન્યા હતા.

# અબડાસા તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠક પર કમળ ખીલ્યું







**અબડાસા તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતમાં ભાજપનાઈન્ચાર્જ રમેશભાઈ મહેશ્વરીની ટીમની જહેમત ફળી**

**જિલ્લા પંચાયતની નલિયા, વાયોર અને મોથાળા બેઠક ભાજપના ફાળે : તાલુકા પંચાયતની ૧૮માંથી ૧૧ ભાજપને અને ૬ કોંગ્રેસને મળી**

નલિયા - કચ્છ ઉદય : અબડાસા તાલુકા પંચાયતની ૧૮ બેઠકમાંથી ગત ટર્મમાં કોંગ્રેસને ૧૦ અને ભાજપને ૮ બેઠકો આવી હતી. જોકે, બાદમાં તોડજોડ કરીને ભાજપે તાલુકા પંચાયત પર કબજો કર્યો હતો. આજે હાથ ધરવામાં આવેલી મત ગણતરીમાં બપોર સુધી ૧૬ બેઠકોની ગણતરી થઈ હતી, જેમાં ૧૧માં ભાજપ અને ૬માં કોંગ્રેસને જીત મળી છે. આ લખાય છે, ત્યારે બપોરે અઢી વાગ્યાના અરસામાં વિંઝાણ બેઠક પર ગણતરી ચાલુમાં છે. જો કે, ૧૮ પૈકી ૧૧ ભાજપને ફાળે આવતા ભાજપની જીત થઈ છે.

અબડાસા તાલુકામાં ૮૨,૬૪૨ મતદારો નોંધાયેલા છે જે પૈકી ૫૭,૧૦૫ મતદારોએ વોટીંગ કર્યું હતું. આજે મતગણતરી બાદ પરિણામો જાહેર થતા ભાજપમાં ખૂશી ફેલાઈ હતી. બેઠક પ્રમાણે જોવા જઈએ તો અબડાસા તાલુકા પંચાયતનું પ્રથમ પરિણામ ભાનાડા બેઠકનું જાહેર થયું હતું, જેમાં ભાજપના ઉમેદવાર રીટાબા જાડેજાએ કોંગ્રેસના રીનાબાને ૩૧૩ મતોથી હાર આપી હતી.

આ સિવાય બાંડિયા બેઠક પર ભાજપના જયેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા, બિટ્ટા બેઠક પર આલમ કાનજીભાઈ ભેડી, ડુમરામાં રાજેશ્રીબેન કલ્યાણભાઈ ગઢવી, જખૌમાં રીટાબેન તરૂણગિરિ ગોસ્વામી, ખિરસરા કોઠારામાં શકીના અબ્દુલ સુમરા, કોઠારામાં વિનોદ મનજી દરજી, નલિયા - ૧ મા નંદિનીબેન વાલજી સોલંકી, તેરામાં ભાજપના પ્રવીણભાઈ માધવજીભાઈ ભાનુશાલી, વાયોરમાં ભાજપના લક્ષ્મીબા પેથુભા પઢિયાર, વરાડિયામાં ભાજપના હિરબાઈ ડાડાભાઈ બુચિયા વિજેતા થયા હતા. જ્યારે કોંગ્રેસના બેર મોટી બેઠક પર આમદભાઈ કાસમભાઈ ચવાણ, મોથાળા બેઠક પર આશિષ ભીખા રબારી, નલિયા -૨ જુલેખાબાઈ અબ્દુલ મોકરશી, નરેડીમાં વિક્રમસિંહ જોરૂભા સોઢા, રામપરમાં અરજણ રામાભાઈ, સુથરીમાં કોંગ્રેસના અલી અકબર નૂરમામદ સંઘાર વિજેતા થયા હતા. જિલ્લા પંચાયતની મોથાળા, નલિયા અને વાયોર બેઠક ભાજપના ફાળે આવી છે.


## ::: જાહેર સમન્સ :::

## નામદાર શ્રી બીજા અધિક સિનિયર સિવિલ જજ સાહેબ ની કોર્ટમાં, ગાંધીધામ (કચ્છ)

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટિડ** ......................વાદી

**વાદીના વકીલશ્રી શ્રી એચ. એન. આસનાની**

આથી જણાવવાનું કે, ઉપરોકત વાદીએ અત્રેની કોર્ટમાં નીચે જણાવેલ પ્રતિવાદીના નામ સામે જણાવેલ રકમ વ્યાજ તથા ખર્ચ સહિત મેળવવા દિવાની દાવો કરેલો હોઈ તે દાવામાં તેની સામે જણાવેલ તારીખના રોજ ૧૦:૩૦ કલાકે જવાબ આપવા જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવા જણાવવામાં આવે છે. જો તે રીતે પક્ષકારો/પ્રતિવાદીઓ હાજર થવામાં કસુર કરશે તો સદર પ્રતિવાદીઓ વિરૂધ્ધ, તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે.

| અનુ-ક્રમ | રે.દાવા નંબર | પ્રતિવાદીનું નામ અને સરનામુ | ગામ/તાલુકો | રકમ | તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૪૯/૨૦૨૫ | વાઘરી લીલાભાઈ, રહેઃ એકતાનગર, કારગો ઝુપડપટ્ટી, ગામ : કિડાણા, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૫,૭૨૬.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૨. | ૩૩૪/૨૦૨૩ | ગુજરનાર સ્વ.શ્રી ઉમર આમદ સોઢા ના વારસદાર, શ્રી અકબર ઉમર સોઢા, રહે : ૨૩૭, મુસ્લીમ વાસ, ગામ : મીઠીરોહર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૪૮,૮૪૧.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૩. | ૩૨૬/૨૦૨૩ | શ્રી દાફડા દુદા કુંભા, રહેઃ ટીસી-૮, પોલ નં. ૯, યાદવનગર ઝુપડપટ્ટી, ગામ : કિડાણા | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૨,૮૦૯.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૪. | ૩૯૫/૨૦૨૫ | ભારમલભાઈ દામજીભાઈ માતંગ, રહેઃ સેકટર નં. ૧૪, પ્લોટ નં. ૧૧૫૧, રોટરી નગર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૬,૫૬૯.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૫. | ૩૪૬/૨૦૨૫ | અરજણ એચ. ચાવડા, સરનામું : ડીબીઝેડ-એસ-૩૨, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૬,૬૦૭.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૬. | ૨૯૦/૨૦૨૫ | સ્વામી લીલાશાહ ઓર્નર એસોશીએશન, રહેઃ પ્લોટ નં. ૫૦, વોર્ડ નં. ૧૨/સી, કોમન, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૮,૦૪૧.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૭. | ૩૩૯/૨૦૨૫ | મેરીયા ગોવિંદ કારા, રહેઃ ચામુંડા મંદિર ઝુપડપટ્ટી, સેકટર નં. ૫, પ્લોટ નં. ૩૧૨,૩૧૩ | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૭,૪૩૫.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૮. | ૧૩૫/૨૦૨૫ | ટાંક કાસમ મામદ, રહેઃ કબરા કોલોની,ગામ : ખારીરોહર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૬,૮૧૯.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૯. | ૩૫૮/૨૦૨૩ | શ્રી પાસવાન રાજેશકુમાર, રહેઃ આંબેડકર નગર, કારગો ઝુપડપટ્ટી, ગામ : કિડાણા, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૧,૨૪૪.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૧૦. | ૨૯૪/૨૦૨૩ | શ્રી ચાવડા નટુભાઈ ખેંગારભાઈ, રહેઃ કારગો ઝુપડપટ્ટી, ગામ : કિડાણા, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૨૦,૭૫૭.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૧૧. | ૧૪/૨૦૨૪ | સી. એચ. પદમા, રહેઃ આંબેડકર નગર, કારગો ઝુપડપટ્ટી, ગામ : કિડાણા, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૩૧,૯૨૫.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૧૨. | ૭૩૪/૨૦૨૫ | સોલંકી ભારૂભાઈ હાજાભાઈ, રહે : ઈન્દીરા આવાસ, અજમેરી હોટલ પાસે, ગામ : પડાણા, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૩૧,૪૨૮.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૧૩. | ૧૪૨/૨૦૨૫ | ચાવડા નુરમામદ ભચુ, રહે : ૦૯૯, ગામ : ખારીરોહર, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૫,૬૭૪.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૧૪. | ૭૨૯/૨૦૨૫ | હબીબા હાજી સોઢા, રહે : મુસ્લીમ વાસ, ગામ : મીઠીરોહર | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૨૩,૪૦૪.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ૧૫. | ૭૪૪/૨૦૨૫ | ચંદ્રકાન્ત મુળજી, રહે : પ્લોટ નં. ૧૩૯, આંગણવાડી વાળી શેરી, ગામ : પડાણા, | ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૦,૫૯૧.૦૦ | ૨૦/૦૬/૨૦૨૬ |

**આજ તારીખ ૨૮ માહે એપ્રિલ, ૨૦૨૬ નાં રોજ મારી સહી સિકકો કરી આપ્યો.**

તૈયાર કરનાર
**(પી. પી. મેડીયા)**
આસીસ્ટન્ટ
બીજા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

મુકાબિલ કરનાર
**(એચ. એમ. આપ્ટે)**
સુપ્રિટેન્ડેન્ટ
બીજા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

કોર્ટનો સિક્કો

આદેશથી
**(એમ. એચ. ગોહિલ)**
રજીસ્ટ્રાર,
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ ની કોર્ટ, ગાધીધામ-કચ્છ.



**Welspun CORP — વેલસ્પન કોર્પ લિમિટેડ**
(CIN-L27100GJ1995PLC028609)
રજિ. ઓફિસ : વેલસ્પન સિટી, ગામ : વર્સામેડી, તા. અંજાર, જિ.કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦.
ટેલિ: +૯૧ ૨૮૩૬ ૬૬૨૦૭૭, ફેક્સ: +૯૧ ૨૮૩૬ ૨૭૯૦૬૦
કોર્પો કચેરી : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩
ટેલિ : ૦૨૨-૬૬૧૩ ૬૦૦૦, ફેક્સ : ૦૨૨-૨૪૯૦ ૮૦૨૦
CompanySecretary_WCL@welspun.com www.welspuncorp.com

**ફિઝિકલ શેર ટ્રાન્સફર માટે પુન: રજૂઆત કરવાની ખાસ બારી**

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (''સેબી'') એ ૧, એપ્રિલ, ૨૦૧૯થી ફિઝિકલ શેર ટ્રાન્સફર કરવાનું બંધ કરેલ છે. જો કે, સેબી તરફથી ૭ જુલાઈ, ૨૦૨૫ થી ૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી જેમણે ૧ એપ્રિલ, ૨૦૧૯ સુધીમાં શેર ટ્રાન્સફર પુન: રજૂ કરવા માટે ખાસ બારી શરૂ કરી હતી. રોકાણકારોની સુવિધા માટે સેબીએ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૪ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી એક વર્ષ માટે વધારાની ખાસ બારી ખોલી છે. ફિઝિકલ શેર ટ્રાન્સફર કરવાની વિનંતી ખાસ બારીને મોકલતી વેળાએ નીચે દર્શાવેલ કોઈપણ એક અસલ શેર સર્ટિફિકેટ સામેલ કરવા અનિવાર્ય છે જે નીચે મુજબ છે.:

| ટ્રાન્સફર ડીડ શરૂ થયાની તારીખ | શેર ટ્રાન્સફર માટે ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા રજૂ કરેલ છે ? | અસલ સિક્યોરિટી સર્ટિફિકેટ ઉપલબ્ધ છે ? | વર્તમાન બારીમાં રજૂઆતની પાત્રતા છે ? |
|---|---|---|---|
| ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા | ના (ફ્રેશ રજૂઆત ગણાય) | હા | ✓ |
| | હા (વિનંતી અગાઉ રદ/પરત કરેલ હતા) | હા | ✓ |
| | હા | ના | × |
| | ના | ના | × |

વધુમાં આ બારીમાં નિમ્ન કિસ્સામાં રજૂઆત ધ્યાને લેવાશે નહીં.
- શેર ટ્રાન્સફર અને ટ્રાન્સફર કરનાર વચ્ચે વાંધા-વિવાદનાં કિસ્સા
- ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) ખાતે ટ્રાન્સફર થઈ ચૂકેલા શેર સિક્યોરિટી

નોંધ: ઉક્ત સમય દરમિયાન પુન: રજૂ થયેલા તમામ શેર ટ્રાન્સફર-કમ-ડિમેટ રાહે કાર્યવાહી કરવામાં આવશે. અર્થાત ટ્રાન્સફર થયા પછી ડિમટીરીયલાઈઝ (ડિમેટ) સ્વરૂપે જ ઈશ્યૂ કરવામાં આવશે. જે એક વર્ષ માટે લોક-ઈનને આધીન રહેશે.

આ અંગે વધુ માહિતી/સ્પષ્ટતા માટે લાગતાવળગતા શેરધારકોએ કંપની/કંપની રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટનો નીચેના કોઇપણ સરનામે સંપર્ક સાધવો :

| | |
|---|---|
| વેલસ્પન કોર્પ લિમિટેડ<br>વેલસ્પન હાઉસ, પમો માળ,<br>કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ,<br>લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૧૩.<br>ટેલિ: +૯૧ ૨૨૬૬૧૩૬૦૦૦.<br>ઈમેઈલ : cs_wcl@welspun.com | મે. એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ<br>(ભૂતપૂર્વ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિ.)<br>સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિકરોલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૩<br>ટેલિ : ૯૧૮૧૦૮ ૧૧૬૭૬૭/૧૮૦૦૧૦૨૦૮૭૮<br>ઈમેઈલ : rnt.helpdesk@in.mpms.mufg.com |

સ્થળ : મુંબઈ
તારીખ : એપ્રિલ, ૨૭, ૨૦૨૬

વેલસ્પન કોર્પ લિમિટેડ વતી
કમલ રાઠી
કંપની સેક્રેટરી



## જોઈએ છે

**શ્રીમતી નિરંજના પંકજ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ**
સંચાલિત
શ્રીમતી નિરંજના પંકજ મહેતા પ્રાથમિક / મા.શા. / ઉ.મા. શાળા માટે નીચે મુજબ સ્ટાફ જોઈએ છે.

- આચાર્ય (૧) પ્રા. / મા. / ઉ.મા. શાળા માટે : M.A.B.Ed., B.A.B.Ed.
- ગણિત-વિજ્ઞાન (૨) : M.Sc.B.Ed., B.Sc.B.Ed.
- સંસ્કૃત / હિન્દી (૧) : M.A.B.Ed., B.A.B.Ed.
- એકાઉન્ટ / આંકડાશાસ્ત્ર (૧) : M.Com.B.Ed., B.Com.B.Ed.
- અર્થશાસ્ત્ર / સમાજશાસ્ત્ર (૧) : M.A.B.Ed., B.A.B.Ed.
- B.A.B.Ed., P.T.C. શિક્ષક (૪)

:: અરજીઓ મોકલવાનું સરનામું ::
શ્રીમતી નિરંજના પંકજ મહેતા પ્રા. / મા. / ઉ.મા. શાળા
એક્તાનગર, કોર્ટ રોડ, રાપર - કચ્છ.

# ૨૪૦ સીસીટીવી કેમેરા બંધ, સુરક્ષામાં મોટી ચૂક, બેંગલુરુમાં આરસીબી-જીટી મેચમાં મોટો કાંડ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચેની આઈપીએલ ૨૦૨૬ ની મેચમાં કંઈક એવું બન્યું જે માનવું મુશ્કેલ છે. એવા અહેવાલો છે કે ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચેની મેચ દરમિયાન એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ ખરાબ કરી દેવામાં આવી હતી.




આરસીબી-ગુજરાતની આ મેચ દરમિયાન સ્ટેડિયમમાં લગાવેલા તમામ ૨૪૦ સીસીટીવી કેમેરા બંધ હતા. આ કેસમાં બેંગલુરુ પોલીસે બે લોકો સામે કેસ દાખલ કર્યો છે. મંજુનાથ નામના એક વ્યક્તિની કર્ણાટકના હિરિયુરથી ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અબ્દુલ કલામ નામના વ્યક્તિની ઉત્તર પ્રદેશથી ધરપકડ કરવામાં આવી છે. ચિન્નાસ્વામીના બધા સીસીટીવી કેમેરા બંધ થયા પછી ગુરુગ્રામની એક સોફ્ટવેર કંપનીના કર્મચારી આદિત્ય ભટ્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવી. તેણે બે ધરપકડ કરાયેલા માણસો પર મેચ દરમિયાન સીસીટીવી કંટ્રોલ રૂમમાં ઘૂસવાનો અને નેટવર્ક વીડિયો રેકોર્ડર તોડવાનો આરોપ લગાવ્યો. ચિન્નાસ્વામી સ્ટેડિયમના સીસીટીવી કેમેરાના બંધ કરવાનું કારણ નાણાકીય વિવાદ હોવાનું કહેવાય છે. અહેવાલો અનુસાર બંને આરોપીઓ સ્ટેક ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડના સબ-વેન્ડર આઈવીએસ ડિજિટલ સોલ્યુશન્સ માટે કામ કરતા હતા. તેમને ૧૦ લાખનું પેમેન્ટ બાકી હતું, તેથી તેમણે સીસીટીવી સિસ્ટમ જ ખરાબ કરી દીધી હતી. આનો અર્થ એ થયો કે જો આ સમય દરમિયાન કોઈ અકસ્માત થયો હોત, તો પોલીસ અને વહીવટીતંત્ર સીસીટીવી ફૂટેજ દ્વારા તેને શોધી શક્યું ન હોત. સદનસીબે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચ કોઈ દુર્ઘટના વિના સમાપ્ત થઈ હતી. આરસીબી હવે રાયપુરમાં તેની હોમ મેચો રમશે. જો કે, પ્લેઓફ મેચો ફરી બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાડવામાં આવી શકે છે.

# અજેય પંજાબ કિંગ્સ આજે રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે

(એજન્સી દ્વારા)

મુલ્લાનપુર : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં અત્યાર સુધી અજેય રહેલી એકમાત્ર ટીમ હોય તો તે પંજાબ કિંગ્સ છે અને હવે તેની પાસે એક પણ મેચ હાર્યા વિના પ્લેઓફ રાઉન્ડમાં પ્રવેશવાની ઉમદા તક આવી પડી છે ત્યારે મંગળવારે રમાનારી મેચમાં તેનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે. આ મેચમાં પંજાબ જીતે તો તે એક પણ મેચ હાર્યા વિના પ્લેઓફમાં પ્રવેશી શકે છે. જોકે તેને આમ કરવા માટે રાજસ્થાનના યુવાન આક્રમક અને અત્યંત આક્રમક બેટર વૈભવ સૂર્યવશીને અંકુશમાં રાખવો પડશે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.




જોકે રોયલ્સના કેપ્ટન રિયાન પરાગે એક બેટર તરીકે સારો દેખાવ કરવો હવે જરૂરી બની ગયું છે અને પંજાબના વિજયરથને અટકાવવા માટે તેણે ઉદાહરણરૂપ પ્રદર્શન કરવું પડશે તો બીજી તરફ શ્રેયસ ઐયરની કપ્તાની અને રિકી પોન્ટિંગના કોચિંગ કાળનો ગયા વર્ષથી પ્રારંભ થયો ત્યાર બાદ પંજાબ શાનદાર પ્રદર્શન કરી રહ્યું છે. તેણે ૨૦૨૫ની સિઝનની ફાઈનલમાં પણ પ્રવેશ કર્યો હતો ત્યારે આ વખતે ઐયર-પોન્ટિંગની જોડી હાથમાં આવેલી આ સુવર્ણ તક જતી કરવા માગશે નહીં. આઈપીએલ અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રનચેઝમાં વિરાટ કોહલીએ કાબેલિયત હાંસલ કરેલી છે તેવી જ કાબેલિયત શ્રેયસ ઐયર પ્રાપ્ત કરી રહ્યો છે. એક કેપ્ટન તરીકે અને બેટ્સમેન તરીકે તેણે કટોકટીની ક્ષણોમાં શાંત રહીને ટીમને સફળતા અપાવી છે અને તેથી જ પંજાબની ટીમ અત્યાર સુધી અજેય રહી છે.

શ્રેયસ ઐયરે તો ટીમને સફળતાપૂર્વક આગળ ધપાવી છે પરંતુ સાથે સાથે સમગ્ર ટીમે શાનદાર કામગીરી અદા કરી છે. આ દરમિયાન પંજાબે આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઓછો સ્કોર ડિફેન્ડ કરવાની સિદ્ધિ હાંસલ કરી છે તો બીજી તરફ ૨૬૫ રનનો વિશાળ ટારગેટ સફળતાપૂર્વક ચેઝ કરવાની પણ સિદ્ધિ નોંધાવી છે.

# મુંબઈ ઈન્ડિયન્સમાં મોટો ફેરબદલ : મિશેલ સેન્ટનર આઉટ - કેશવ મહારાજ ઈન




(એજન્સી દ્વારા)

મુંબઈ : આઈપીએલ ૨૦૨૬ માં મુંબઈ ઈન્ડિયન્સને મોટો ઝટકો લાગ્યો છે. ન્યુઝીલેન્ડના સ્પિન ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનર ડાબા ખભાની ઈજાને કારણે આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામે તાજેતરમાં રમાયેલી ઘરેલુ મેચમાં બાઉન્ડ્રી પાસે કેચ પકડવાનો પ્રયાસ કરતી વખતે સેન્ટનરને આ ઈજા થઈ હતી. ટીમે હવે સેન્ટનરના સ્થાને અનુભવી દક્ષિણ આફ્રિકાના ડાબોડી સ્પિનર કેશવ મહારાજને ૭૫ લાખમાં કરારબદ્ધ કર્યો છે. મહારાજે અગાઉ આઈપીએલમાં બે મેચ રમી હતી. આ બંને મેચ તેણે ૨૦૨૪માં રાજસ્થાન રોયલ્સ માટે રમી હતી. મહારાજ તેની ક્લાસિકલ ડાબોડી ઓર્થોડોક્સ બોલિંગ માટે જાણીતો છે અને મધ્યમ ઓવરોમાં સારી બોલિંગ કરી શકે છે.

# બેંગલોરના બોલર્સ સામે દિલ્હી ઘૂંટણીયે, ૭૫ રનમાં આઉટ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવૂડે અત્યંત ઘાતક બોલિંગ કરીને તરખાટ મચાવતાં દિલ્હી કેપિટલ્સનો સંપૂર્ણ ધબડકો થયો હતો અને અહીં રમાયેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે તેનો નવ વિકેટે કારમો પરાજય થયો હતો. આ મેચ સાવ એક તરફી બની ગઈ હતી જેમાં દિલ્હી કેપિટલ્સ પાસે મેચના કોઈ પણ તબક્કે લડત આપવાની પણ તાકાત રહી ન હતી. આ સાથે બેંગલોરે ૧૨ પોઈન્ટ સાથે બીજો ક્રમ હાંસલ કરી લીધો હતો.


અહીંના અરૂણ જેટલી (કોટલા) ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં દિલ્હીની ટીમ ૧૬.૩ ઓવરમાં માત્ર ૭૫ રન કરી શકી હતી. જેના જવાબમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૯.૩ ઓવરમાં એક વિકેટે ૭૭ રન કરીને નવ વિકેટે મેચ જીતી લીધી હતી. દિલ્હીની ઈનિંગ્સનો પ્રારંભ અત્યંત કંગાળ રહ્યો હતો. ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવૂડ વચ્ચે વિકેટો ઝડપવાની હરિફાઈ ચાલતી હોય તેમ તેઓ વિકેટ ખેરવતા રહ્યા હતા. દિલ્હીએ પહેલી ચાર ઓવર સુધીમાં દરેક ઓવરમાં એક કે બે વિકેટ ગુમાવી હતી. અંતે તેણે ચોથી ઓવરના પાંચમા બોલે છઠ્ઠી વિકેટ ગુમાવી ત્યારે ટીમનો સ્કોર હજી આઠ જ રન હતો.



## ભુવનેશ્વર કુમાર પર્પલ કેપની રેસમાં નંબર ૧ બન્યો, ઓરેન્જ કેપ રેસમાં કોણ આગળ?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ ની ૩૯મી મેચ દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આ મેચ બાદ પર્પલ કેપ અને ઓરેન્જ કેપ માટેની રેસમાં મોટો ફેરફાર જોવા મળ્યો. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના અનુભવી ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમારે આ મેચમાં શાનદાર બોલિંગ કરી અને પર્પલ કેપ રેસમાં ટોચનું સ્થાન મેળવ્યુ હતું. દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ભુવનેશ્વર કુમારે ત્રણ ઓવર ફેંકી હતી, જેમાં ફક્ત પાંચ રન આપ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેણે ત્રણ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. તેણે સાહિલ પરીખ, ટ્રિસ્ટન સ્ટબ્સ અને અક્ષર પટેલને આઉટ કર્યા હતા. આ સાથે તેણે પર્પલ કેપની રેસમાં બધાને પાછળ છોડી દીધા હતા. ભુવનેશ્વર કુમારે હવે આઠ મેચમાં ૧૪ વિકેટ લીધી છે, જેમાં તેણે ફક્ત ૭.૬૧ ના ઈકોનોમી રેટથી રન આપ્યા છે.




## ઓરેન્જ કેપ રેસમાં અભિષેક શર્મા ટોપ પર




હાલ ઓરેન્જ કેપ અભિષેક શર્મા પાસે છે. તેણે ૮ મેચમાં ૩૮૦ રન બનાવ્યા છે, જેમાં ૩ અડધી સદી અને ૧ સદીનો સમાવેશ થાય છે. કેએલ રાહુલ ૩૫૮ રન સાથે બીજા સ્થાને છે. તેની પાસે અભિષેકને પાછળ છોડી દેવાની તક હતી, પરંતુ તે આરસીબી સામે માત્ર ૧ રન જ બનાવી શક્યો હતો.

# વિદેશી પ્લેયર્સ આઈપીએલને ઇન્ટરનેશનલ ક્રિકેટ કરતાં મોટું માને છેઃ મેથ્યુ હેડન

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર અને ગુજરાત ટાઇટન્સના બૅટિંગ કોચ મૅથ્યુ હેડને આઈપીએલ વિશે વિદેશી ક્રિકેટર્સની માનસિકતા વિશે મોટો ખુલાસો કર્યો છે. ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર અને ગુજરાત ટાઇટન્સના બૅટિંગ કોચ મૅથ્યુ હેડને આઈપીએલ વિશે વિદેશી ક્રિકેટર્સની માનસિકતા વિશે મોટો ખુલાસો કર્યો છે. ૫૪ વર્ષનો મૅથ્યુ હેડન કહે છે કે વિવિધ ટીમો સાથે વાત કરતાં મને લાગે છે કે વિદેશી ખેલાડીઓ ખાસ કરીને સાઉથ આફ્રિકાના, ઑસ્ટ્રેલિયાના અને એક હદ સુધી ન્યુ ઝીલૅન્ડના પ્લેયર્સ આઈપીએલને ઈન્ટરનૅશનલ ક્રિકેટ કરતાં પણ મોટી ગણાવે છે. ॅથ્યુ હેડન આગળ કહે છે, 'આ ટુર્નામેન્ટની ખૂબ ચર્ચા થાય છે અને એના માટે ઉત્સાહ જોવા મળે છે. તમે આઈપીએલમાં બ્રૉડકાસ્ટિંગમાં છો, પ્લેયર છો, દર્શક છો, કૉમેન્ટેટર છો કે કોચ એનો કોઈ ફરક નથી પડતો; તમારે પ્રેશરનો સામનો કરવો પડશે. આ સમય દરમ્યાન ભારતમાં દરેક દિવસે ક્રિકેટની જ ધૂમ હોય છે.'




# વૈભવ સૂર્યવંશીના મિત્રએ તેની સાચી ઉંમર કરી જાહેર

(એજન્સી દ્વારા)

જયપુર : ભારતીય ક્રિકેટના યુવા સુપરસ્ટાર વૈભવ સૂર્યવંશીની ઉંમર ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં તેના મિત્ર તરીકે ઓળખાતા વ્યક્તિએ તેની જન્મ તારીખ વિશે ખુલાસો કર્યો છે. આ વીડિયોના કારણે ચાહકો અને ક્રિકેટ નિષ્ણાતોમાં ફરી વૈભવ સૂર્યવંશીની ઉંમરને લઈ શંકા અને ચર્ચા તેજ બની છે.

આઈપીએલ ૨૦૨૬માં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે માત્ર ૩૬ બોલમાં સદી ફટકારીને વૈભવે ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું. માત્ર ૧૫ વર્ષની ઉંમરે તેની આક્રમક બેટિંગે સૌને ચોંકાવી દીધા છે. આટલી નાની ઉંમરે તેની પરિપક્વતા અને આક્રમકતાથી તે ઝડપથી લોકપ્રિય બન્યો છે. બીજી તરફ, તેની ઉંમર વિશેનો વિવાદ નવી વાત નથી. જ્યારે રાજસ્થાન રોયલ્સે તેને ખરીદ્યો ત્યારે તે માત્ર ૧૩ વર્ષનો હોવાનું જણાવાયું હતું. પરંતુ ઘણા ચાહકોને તેની ઉંમર અંગે શંકા હતી. રેકોર્ડ મુજબ તેનો જન્મ ૨૭ માર્ચ, ૨૦૧૧ના રોજ બિહારના સમસ્તીપુરમાં થયો હતો.




# શુભમન ગીલ બન્યા સૌથી મોંઘા યુવા બ્રાન્ડ એમ્બેસેડર ! એક એડ માટે વસૂલે છે કરોડો

(એજન્સી દ્વારા) મુંબઈ : ભારતીય ક્રિકેટના યુવા સ્ટાર શુભમન ગી માત્ર મેદાન પર જ નહીં પરંતુ બ્રાન્ડની દુનિયામાં પણ ધમાકેદાર પ્રદર્શન કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમના સતત સારા પ્રદર્શન અને વધતી લોકપ્રિયતાને કારણે તેઓ દેશના સૌથી મોંઘા યુવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઉભર્યા છે.

રિપોર્ટ્સ મુજબ, શુભમન ગિલ એક બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ માટે દર વર્ષે લગભગ ૪ કરોડથી ૮ કરોડ સુધી ચાર્જ કરે છે. ખાસ વાત એ છે કે ૨૦૨૪-૨૫ દરમિયાન તેમની બ્રાન્ડ વેલ્યુમાં ૨૫%થી ૫૦% સુધીનો વધારો નોંધાયો છે. આ વૃદ્ધિ તેમની મેદાન પરની સફળતા અને યુવા ફેન્સમાં વધતી લોકપ્રિયતાને કારણે થઈ છે.


ગિલ હાલમાં ઘણા મોટા અને જાણીતા બ્રાન્ડ્સ સાથે જોડાયેલા છે. માહિતી મુજબ, ૨૦૨૪-૨૫ સુધી ગિલે લગભગ ૧૬થી વધુ બ્રાન્ડ્સ સાથે કરાર કર્યા છે. આ તમામ ડીલ્સમાંથી તેમની કુલ વાર્ષિક આવક અંદાજે ૩૦ કરોડથી ૪૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આજના સમયમાં બ્રાન્ડ્સ એવા સેલિબ્રિટીઝને પસંદ કરે છે, જેઓ યુવા પેઢી સાથે જોડાઈ શકે અને સોશિયલ મીડિયા પર મજબૂત હાજરી ધરાવે છે.



# અમ્પાયરના નિર્ણયનો વિરોધ કરવા બદલ રઘુવંશીને પેનલ્ટી

(એજન્સી દ્વારા)

લખનૌ : આઈપીએલમાં રવિવારે રમાયેલી લખનૌ સુપર જાયન્ટ્સ સામેની ટી૨૦ ક્રિકેટ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો બેટ્સમેન અંગક્રિશ રઘુવંશી ઓબ્સ્ટ્રક્શન ઓફ ધ ફિલ્ડ તરીકે આઉટ થયો હતો. અમ્પાયરના આ નિર્ણય બાદ રઘુવંશીએ વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને મેદાન પર અમ્પાયર્સ સાથે ચડસાચડસીમાં ઉતરી ગયો હતો ત્યાર બાદ તેણે બહાર આવીને હેલમેટ ફેંકી દીધી હતી. આ બદલ આઈપીએલના મેચ રેફરી જવાગલ શ્રીનાથ તથા કાઉન્સિલે આચારસંહિતાનો ભંગ કરવા બદલ રઘુવંશીની મેચ ફીની ૨૦ ટકા રકમ કાપી લેવાનો દંડ કર્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સે અંતે ટાઈ બાદ સુપર ઓવરમાં આ મેચ જીતી લીધી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સના અંગક્રિશ રઘુવંશી પર મેચ દરમિયાન અયોગ્ય વર્તન કરવા બદલ કડક કાર્યવાહી કરવામાં આવી છે. આઈપીએલ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર રઘુવંશીને તેની મેચ ફીના ૨૦ ટકા રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે અને તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે.





રવિવારે મેચની પાંચમી ઓવર દરમિયાન આ ઘટના બની હતી. આઈપીએલમાં ભાગ્યે જ આ પ્રકારના ઓબ્સ્ટ્રક્ટિંગ ધ ફિલ્ડ'ના અસામાન્ય નિર્ણય હેઠળ આઉટ જાહેર કરવામાં આવે છે. આ નિર્ણયથી નારાજ થયેલા રઘુવંશીએ મેદાનની બહાર જતી વખતે ગુસ્સામાં આવીને પોતાના બેટ વડે બાઉન્ડ્રી કુશન પર પ્રહાર કર્યો હતો. એટલું જ નહીં તેણે ડગઆઉટમાં પહોંચ્યા બાદ પોતાની હેલમેટ પણ જોરથી ફેંકી દીધી હતી. આઈપીએલના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "રઘુવંશીએ આઈપીએલની આચારસંહિતાની કલમ ૨.૨ નો ભંગ કર્યો છે, જે મેચ દરમિયાન ક્રિકેટના સાધનો, કપડાં અથવા મેદાનના સાધનો સાથે ગેરવર્તન કે દુરુપયોગ કરવા સાથે સંબંધિત છે." રઘુવંશીએ પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી અને મેચ રેફરી જવાગલ શ્રીનાથ દ્વારા લાદવામાં આવેલા દંડનો પણ સ્વીકાર કર્યો હતો.

# સુપર ઓવરના રન અને વિકેટ બેટ્સમેન અને બોલરના ખાતામાં કેમ ઉમેરવામાં આવતા નથી?

(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : સુપર ઓવર એટલે કે, ૬ બોલની હાઈસ્પીડ મેચ, જ્યારે ૨૦ ઓવરની રમતમાં રિઝલ્ટ આવતું નથી. તો ક્રિકેટમાં સુપર ઓવર રમાડવામાં આવે છે. પરંતુ તમે જાણીને ચોંકી જશો. કે, બેટ્સમેન જે રન બનાવે છે અને બોલર જે વિકેટ લે છે. તેના ખાતમાં ઉમેરવામાં આવતા નથી. તેની પાછળનું કારણ શું છે. તેના વિશે જાણીએ. અમે તમને ૩ કારણો જણાવીશું. જેનાથી તમે સમજી જશો.કે, આવું કેમ થાય છે. આની પાછળ લોજિક પણ છે. જે તમારે જાણવું જરુરી છે. આઈપીએલ ૨૦૨૬માં રવિવાર રાત્રે એલએસજી અને કેકેઆર વચ્ચે સુપર ઓવર મેચ રમાઈ હતી. જેમાં કેકેઆરે મેચ પોતાને નામ કરી હતી. આ મેચમાં સુનીલ નારાયણે ૨ વિકેટ લીધી હતી અને રિંકુ સિંહે ચોગ્ગો ફટકાર્યો હતો. પરંતુ બંન્નેના કરિયરમાં રન અને વિકેટ સામેલ થતાં નથી. આની પાછળ મુખ્ય કારણ છે કે, સુપર ઓવર મેચનું રિઝલ્ટ નક્કી હોય છે. મેચ તો ૨૦ કે ૫૦ ઓવરમાં જ પૂર્ણ થઈ જાય છે પરંતુ જો ટાઈ થાય તો સુપર ઓવર રમાડવામાં આવે છે. એટલે કે, માત્ર મેચનું પરિણામ નક્કી કરવા માટે બાકી આ વિકેટ કે રનનો કોઈ કામ હોતું નથી. તમને જણાવી દઈએ કે, ક્રિકેટનો આ નિયમ ફુટબોલ જેવો છે. જે રીતે મેચ બરાબરી પર પૂર્ણ થાય છે ત્યારે ફુટબોલમાં ટાઈ બ્રેકર હોય છે. આવી જ રીતે ક્રિકેટમાં સુપર ઓવર રમાડવામાં આવે છે. ટાઈ બ્રેકરના ગોલથી ટીમની જીત અને હાર નક્કી થાય છે. આ ગોલ ખેલાડીઓના ખાતામાં સામેલ કરવામાં આવતો નથી. આવું જ ક્રિકેટમાં પણ છે. આ નિયમનું બીજું કારણ એ છે કે, આનાથી ખેલાડીઓ સાથે ભેદભાવ થતો નથી. ૨૦ ઓવરની મેચમાં દરેક ખેલાડી પાસે બરાબરી પર રમવાની તક હોય છે. પરંતુ સુપર ઓવરમાં માત્ર એક જ બોલર બોલિંગ કરે છે અને માત્ર ૩ બેટ્સમેન બેટિંગ કરી શકે છે. અન્ય ખેલાડીને રમવાની તક મળતી નથી. આવામાં જો ખેલાડી સુપર ઓવર ન રમે તો તેની સાથે ખોટું ના થાય આ માટે આંકડા ખેલાડીઓના ખાતમાં જોડવામાં આવતા નથી.




# પ્રેમ જાળ, લગ્નની વાતો.. બીગ બોસ ફેમ હિરોઈનનો ચોંકાવનારો સ્કેન્ડલ

(એજન્સી દ્વારા) મુંબઈ : પ્રેમ, લગ્ન અને છેતરપિંડી, એક રિયાલિટી શોથી પ્રસિદ્ધ બનેલી અભિનેત્રી હવે ગંભીર કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. બીગ બોસ દ્વારા ઘર-ઘરમાં ઓળખ મેળવેલી આંશુ રેડ્ડી હાલ ચર્ચાના કેન્દ્રમાં છે. તેના પર એક એનઆરઆઈ યુવક સાથે કરોડોની છેતરપિંડી કરવાનો આરોપ લાગ્યો છે, જેને લઈને હૈદરાબાદમાં કેસ પણ નોંધાયો છે.

અહેવાલ મુજબ, ફરિયાદી સત્યનારાયણ નામના વ્યક્તિએ પોતાના પુત્ર માટે પોલીસમાં અરજી કરી છે. તેમનો પુત્ર લંડનમાં સોફ્ટવેર એન્જિનિયર છે અને વર્ષ ૨૦૧૮ દરમિયાન આશુ રેડ્ડી સાથે તેની ઓળખાણ થઈ હતી. આ ઓળખાણ ધીમે-ધીમે પ્રેમમાં પરિવર્તિત થઈ અને યુવકે લગ્નની આશાએ અભિનેત્રી પર વિશ્વાસ મૂક્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, અભિનેત્રીએ લગ્નનું વચન આપીને યુવક પાસેથી મોટા પ્રમાણમાં નાણાં અને કિંમતી ભેટો મેળવી. આમાં લક્ઝરી કાર, અનેક એપાર્ટમેન્ટ, અંદાજે ૫ કિલો સોનું અને અન્ય મોંઘી વસ્તુઓનો સમાવેશ થાય છે. કુલ મળીને આશરે ૯.૩૫ કરોડની છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, આરોપ છે કે અભિનેત્રીની બહેને પણ યુવક પાસેથી ૫૦ લાખની લોન લીધી હતી, જે હજી સુધી પરત કરવામાં આવી નથી.



હૈદરાબાદના સેન્ટ્રલ ક્રાઈમ સ્ટેશન દ્વારા આ કેસની નોંધ લઈ તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, બંને વચ્ચે કેટલાક સમય સુધી લિવ-ઈન સંબંધ પણ રહ્યો હતો. પરંતુ નાણાકીય વ્યવહારો સામે આવતા મામલો વધુ ગંભીર બની ગયો છે.

# બિકીની ટોપમાં છવાઈ સની દેઓલની ઓનસ્ક્રીન પુત્રવધુ, સમુદ્ર કિનારે કરી મસ્તી



(એજન્સી દ્વારા)

મુંબઈ : સિમરત કૌર રંધાવા - જેણે સની દેઓલની ફિલ્મ ગદર ૨થી બોલિવુડમાં પોતાનું નામ બનાવ્યું. હાલમાં તેના ગ્લેમરસ અને બોલ્ડ લુક્સને કારણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. તેના તાજેતરમાં સામે આવેલા ફોટાએ સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી દીધી છે. તસવીરોમાં, તે બીચ પર સ્ટાઈલિશ લુકમાં જોવા મળી રહી છે. સિમરત શોર્ટ્સ પહેરેલી છે અને મલ્ટીરંગ્ડ પ્રિન્ટેડ બિકીની ટોપ પહેરેલી છે. તેના વાળ છૂટા રાખીને, તે સ્ટાઈલ પર ફોકસ કરી રહી છે. એક ફોટામાં, સિમરત ક્લોઝ-અપ પોઝ આપે છે, જ્યાં તેનું સ્માઈલ અને તેની બ્યુટચી તેના ચાહકોના દિલ જીતી રહી છે. અન્ય ઘણા ફોટા તે બીચ પર ઉભી છે, અતિ આત્મવિશ્વાસપૂર્ણ અને સ્ટાઈલિશ લુકમાં દેખાઈ રહી છે. સની દેઓલની ઓન-સ્ક્રીન પુત્રવધૂનો આ બોલ્ડ અવતાર સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

# સંજય દત્તે આખરે માફી માગી અને ૫૦ બાળકોનો શૈક્ષણિક ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું

(એજન્સી દ્વારા)

મુંબઈ : ગયા મહિને, એક સત્તાવાર નિવેદનમાં, રાષ્ટ્રીય મહિલા આયોગે અવલોકન કર્યું હતું કે, પ્રથમ દ્રષ્ટિએ, કન્ટેન્ટ જાતીય રીતે ઉત્તેજક, વાંધાજનક અને ભારતીય ન્યાય સંહિતા, માહિતી ટૅકનોલોજી અધિનિયમ અને પોકસો કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી જણાય છે.

કન્નડ ફિલ્મનું 'સરકે ચુનર તેરી સરકે' ગીત રિલીઝ થયા પછી તરત જ એક મોટો વિવાદ ફાટી નીકળ્યો હતો. નોરા ફતેહી અને સંજય દત્તને સ્ટારર આ ગીતના શબ્દો અને કોરિયોગ્રાફીની ભારે ટીકા થઈ હતી. ત્યારબાદ, ગીતમાં અશ્લીલતા અને અભદ્રતાના આરોપોને લગતા વિવાદને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય મહિલા આયોગે નોરા ફતેહી, સંજય દત્ત અને અન્ય કલાકારોને સમન્સ પાઠવ્યા હતા. સોમવાર, ૨૭ એપ્રિલના રોજ, સંજય દત્ત રાષ્ટ્રીય મહિલા આયોગ સમક્ષ હાજર થયો અને માફી માગી.




સંજય દત્ત સોમવારે બપોરે રાષ્ટ્રીય મહિલા આયોગની ઓફિસમાં વકીલ સાથે પહોંચ્યો. સમન્સ પાઠવવામાં આવ્યા બાદ. સમાચાર એજન્સી એએનઆઈ અનુસાર, અભિનેતાના વકીલે જણાવ્યું હતું કે, "સંજય દત્ત આજે રાષ્ટ્રીય મહિલા આયોગ સમક્ષ હાજર થયા હતા. મહિલાઓ અને આયોગ પ્રત્યેના ઊંડા આદરને કારણે, તેમણે જણાવ્યું હતું કે તેઓ આ ગીતના શબ્દોથી અજાણ હતા; તેમ છતાં, પૂર્વગ્રહ વિના, તેમણે બિનશરતી માફી માગી હતી અને સ્વેચ્છાએ આદિવાસી સમુદાયના ૫૦ બાળકોનો શૈક્ષણિક ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું હતું." તેણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે રૅકોર્ડિંગ સમયે, ગીત અલગ ભાષામાં રેકોર્ડ કરવામાં આવ્યું હતું."

# માંડવી નગરપાલિકાના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **વોર્ડ-૧** | | |
| કવિતાબેન મનિષભાઈ જોષી | કોંગ્રેસ | ૭૬૪ |
| કાંતાબેન જગદીશભાઈ થારૂ | આપ | ૧૩૬ |
| રમીલાબેન ભરતભાઈ સોલંકી | કોંગ્રેસ | ૫૫૭ |
| અશ્વિનકુમાર શિવજી મકવાણા | કોંગ્રેસ | ૮૪૨ |
| જ્યોત્સનાબેન વિજય સેંઘાણી | ભાજપ | ૧૮૧૩ |
| મહેશ ભારથી | ભાજપ | ૧૮૭૬ |
| વિજય હરજીભાઈ ગઢવી | ભાજપ | ૧૭૯૪ |
| મિત્રજીત વિજયકુમાર ગઢવી | કોંગ્રેસ | ૮૦૯ |
| પ્રેમજી જુમા જંજક | આપ | ૧૧૩ |
| જયશ્રીબેન ખુશાલ મહેશ્વરી | ભાજપ | ૮૫૩ |
| **વોર્ડ-૨** | | |
| જગદીશકુમાર વેરશી થારૂ | આપ | ૭૦૨ |
| લક્ષ્મીબાઈ હરેશભાઈ શીરોખા | આપ | ૬૧૩ |
| પ્રફુલકુમાર દેવરાજ ફુફલ | આપ | ૬૫૨ |
| મહમદહનિફ સાલેમામદ ચાકી | કોંગ્રેસ | ૬૫૩ |
| ગાંગબાઈ વાલજી મહેશ્વરી | કોંગ્રેસ | ૮૨૩ |
| શીતલ નરેશ મકવાણા | ભાજપ | ૧૫૬૦ |
| પ્રિયાબેન મયંક જાની | ભાજપ | ૧૬૩૪ |
| મુકેશ ધનજી રાબડિયા | ભાજપ | ૧૬૧૧ |
| શંકર ખેતશી જુવડ | ભાજપ | ૧૫૯૮ |
| સમીના સાહીલ સુમરા | કોંગ્રસ | ૫૯૦ |
| **વોર્ડ-૩** | | |
| કિરણ કાંતિલાલ વેકરિયા | કોંગ્રેસ | ૯૩૩ |
| સવિતા મંગળભાઈ સોલંકી | કોંગ્રેસ | ૮૫૬ |
| તુલસી રામજી મહેશ્વરી | આપ | ૧૫૪ |
| સૈફઅલી રમજુભાઈ પિંજારા | આપ | ૨૬૯ |
| કાંતાબેન પ્રેમજી સીજુ | આપ | ૧૭૩ |
| ક્રિષ્નાબેન હિતેશ સોની | કોંગ્રેસ | ૮૪૪ |
| અબ્દુલકાદર નૂરમામદ સુમરા | કોંગ્રેસ | ૧૨૬૮ |
| કુસુમબેન કૈલાશ સોની | ભાજપ | ૧૪૦૬ |
| નુરૂલ અમીન મોહમદહુશેન મેમણ | ભાજપ | ૧૭૬૯ |
| મંજુલાબેન સામજી કેરાઈ | ભાજપ | ૧૩૯૩ |
| અંકિત રવજી ઉમરાણીયા | ભાજપ | ૧૪૭૪ |
| **વોર્ડ-૪** | | |
| સુગરાબાઈ દાઉદ કુંભાર | કોંગ્રેસ | ૭૧૮ |
| કસ્તુબેન સુરેશ દાતણિયા | ભાજપ | ૨૫૬૭ |
| મીઠીબેન જયમલ મકવાણા | કોંગ્રેસ | ૮૩૯ |
| લક્ષ્મીચંદ જેઠાલાલ ફુફલ | ભાજપ | ૨૨૪૮ |
| જશુબેન એલ. હાલાઈ | ભાજપ | ૨૬૨૧ |
| દિપક સામજી પાતરિયા | કોંગ્રેસ | ૧૦૦૩ |
| પુનિત નરોત્તમ રાજગોર | ભાજપ | ૨૬૩૮ |
| હેતલસિંહ રઘુવીરસિંહ જાડેજા | કોંગ્રેસ | ૬૪૯ |
| **વોર્ડ-૫** | | |
| દક્ષાબેન કાંતિલાલ ધોરિયા | કોંગ્રેસ | ૧૮૩૯ |
| ભાવના પ્રકાશ જોગી | ભાજપ | ૨૦૭૯ |
| બિલકીશ હુશેન બકાલી | ભાજપ | ૨૧૪૦ |
| ઈલિયાસ મામદ ખ્વાણ | કોંગ્રેસ | ૨૦૦૦ |
| અલીઅકબર અબ્દ્રેમાન મંધરા | કોંગ્રેસ | ૧૯૬૬ |
| અબ્દુલ કાદર રૂકનાણી | ભાજપ | ૨૫૮૪ |
| મામદ અબ્દુલ્લા ભટ્ટી | ભાજપ | ૨૦૩૨ |
| તસ્લીમ મહમદહનિફ લુહારવાઢા | કોંગ્રેસ | ૧૮૮૧ |
| **વોર્ડ-૬** | | |
| રમેશ ફોફંડી | ભાજપ | ૧૩૨૪ |
| કલ્પના રાજેશભાઈ પરમાર | ભાજપ | ૧૪૬૫ |
| રવિરાજબા હેતલસિંહ જાડેજા | કોંગ્રેસ | ૮૨૯ |
| ઈકબાલ ઈશાક રાયમા | કોંગ્રેસ | ૧૧૧૨ |
| લક્ષ્મીબેન નારાણ ગઢવી | કોંગ્રેસ | ૭૭૨ |
| અલીમામદ રમજાન ઘાંચી | કોંગ્રેસ | ૧૧૭૯ |
| ફરજાના શોકત બકાલી | ભાજપ | ૧૫૦૪ |
| કાદર સિદીક ઉઠાર | ભાજપ | ૧૬૨૭ |
| **વોર્ડ-૭** | | |
| સંજય લક્ષ્મીદાસ બિજલાણી | કોંગ્રેસ | ૪૮૧ |
| અમરશી વિશાભાઈ આહિર | કોંગ્રેસ | ૭૬૭ |
| ભારતીબેન સમીર સોની | ભાજપ | ૧૫૦૭ |
| મેમુના હસન સુમરા | કોંગ્રેસ | ૪૯૯ |
| જયશ્રીબેન વનરાજ વાસાણી | ભાજપ | ૧૫૨૬ |
| વિજય ભીખાલાલ ચૌહાણ | ભાજપ | ૧૩૦૯ |
| તસ્લીમ મહમદહનિફ લુહારવાઢા | કોંગ્રેસ | ૫૬૭ |
| મલય સુરેશભાઈ લાલન | ભાજપ | ૧૫૩૧ |
| **વોર્ડ-૮** | | |
| કૃપાબેન રાજેશ કસ્તુરિયા | ભાજપ | ૧૫૧૩ |
| જીજ્ઞાબેન અનિલ ખારવા | કોંગ્રેસ | ૪૨૬ |
| જીગર કિશોર ધાયાણી | ભાજપ | ૧૫૩૫ |
| વર્ષાબેન વિનેશ જોષી | ભાજપ | ૧૪૧૮ |
| હેમાંગ હરેશભાઈ કાનાણી | ભાજપ | ૧૩૯૦ |
| અલીઅકબર અબ્દ્રેમાન મંધરા | કોંગ્રેસ | ૩૨૧ |
| નિત્ય વિશ્રામ ભટ્ટી | કોંગ્રેસ | ૪૧૬ |
| **વોર્ડ-૯** | | |
| હરજી લખુભાઈ નારોલા | કોંગ્રેસ | ૧૨૬ |
| જીજ્ઞા અનિલ ખારવા | કોંગ્રેસ | ૨૭૪ |
| દિપક નરેન્દ્રભાઈ ફુફલ | ભાજપ | ૧૧૪૩ |
| નિર્મળાબેન મહેન્દ્ર માલમ | ભાજપ | ૧૧૭૨ |
| નીતાબેન મુકેશ ભાનુશાલી | ભાજપ | ૧૧૫૨ |
| પારસ ભુજંગીભાઈ સંઘવી | ભાજપ | ૧૪૪૫ |
| વિવેક ગોવિંદજી બદરીમામલ | કોંગ્રેસ | ૨૧૪ |

# કચ્છ યુનિ.માં થયેલી ગેરબંધારણીય રીતે શૈક્ષણિક ભરતી થયાનો ગંભીર આક્ષેપ



**સામાજિક અગ્રણી રમેશભાઈ ગરવાએ મુખ્યમંત્રીને પત્ર લખી અને યુનિવર્સિટીના સત્તાવાળા સામે પગલાં લઈ ભરતી રદ કરવા કરેલી રજૂઆત : ભરતી પહેલાની ઉમેદવારોની પસંદગી નક્કી થઈ ગઈ હોવાની તેમણે સુચિત પસંદગી થનારા નામના લિસ્ટ સાથે રજૂઆત કરી છતાં પણ કંઈ ધ્યાન ન દેવાયું : ફોર્મમાં સંયુક્ત આવકની જગ્યાએ વ્યક્તિગત આવક બતાવી ગેરમાર્ગે દોરી અને કેટલાક ઉમેદવાર ગેરકાયદેસર ભરતી થઈ ગયા હોવાનો આક્ષેપ**

ભુજ - કચ્છ ઉદય : ભુજના સામાજિક અગ્રણી ડો. રમેશભાઈ ગરવાએ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખીને ચોકાવનારી રજૂઆત કરી છે. કચ્છની ક્રાતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી નામે ૨૧થી ૨૮મી માર્ચ દરમિયાન યુનિવર્સિટી વહીવટી બિલ્ડીંગ ખાતે યોજાયેલા આસીસ્ટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસરના ઈનટરવ્યુ અને ભરતી પ્રક્રિયામાં ભારે ગોટાળા અને ગેરરીતિ આચરવામાંમાં આવી છે.

આક્ષેપોમાં જણાવ્યું છે કે, ઈન્ટરવ્યુ પ્રક્રિયા માત્ર ઔપચારિક હતી તમામ બેઠકો પર મોટાભાગના ઉમેદવારો પાસેથી આર્થિક વ્યવહારનું સેટિંગ કરી અને કચ્છ યુનિવર્સિટીના સત્તાવાળાઓએ અગાઉથી જ પસંદગી માટેના નામ નક્કી કરેલા હતા. માત્ર રાજયના શિક્ષણ વિભાગમાં બતાવવા માટે ઈન્ટરવ્યુંનું નાટક કરવામાં આવ્યું હતું. જુદી જુદી તારીખે કચ્છ યુનિવર્સિટીને તેમણે લખેલા પત્રોનો સંદર્ભ નંબર આપી અને જણાવ્યું છે કે, યુનિવર્સિટીની ભરતી થઈ તેના પહેલા જ પસંદગી સૂચિ નક્કી થઈ હોવા અંગે તેમણે અગાઉથી જાણ પણ કરી હતી. તે મુજબ જ ઉમેદવારો પસંદ થયા હતા. આમ છતાં તેમની રજૂઆત કરતી કોઈ ગંભીરતાથી ધ્યાન અપાયું નથી.

રજૂઆતમાં જણાવ્યું છે કે, યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રાર સામે કડક પગલાં લેવા જોઈએ અને આ ભરતી રદ કરવી જોઈએ. તેમણે કરેલા આક્ષેપમાં જણાવ્યું છે કે, બે વર્ષ પહેલા બહાર પડાયેલી જાહેરાત માન્ય ગણી શકાય નહીં અને ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓએ તે જાહેરાત ઉપર થયેલી કાર્યવાહી નિયમ મુજબ રદ કરી અને ફરીથી કાર્યવાહી કરી હતી. યુનિવર્સિટીએ બે વર્ષ પહેલાંની જાહેરાત ઉપરથી જ ગેરકાયદેસર રીતે ભરતી કરી નાખી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, જ્યારે આવકનો દાખલો આપવામાં આવે ત્યારે પરિવારની સંયુક્ત આવક બતાવવાની હોય છે તેની જગ્યાએ કેટલાક ઉમેદવારોએ તેમના પરિવારના અન્ય સભ્યોની આવક બતાવી નથી, પરંતુ પોતાની વ્યક્તિગત આવક બતાવી અને યુનિવર્સિટી સાથે છેતરપિંડી કરી છે એટલે તે ગુનો બને છે. તેમની સામે ફોજદારી પગલાં લેવા જોઈએ એવી જેમણે માગણી કરી છે.

લેખીત રજુઆતમાં જણાવ્યા પ્રમાણે ભરતીમાં યુ.જી.સીના નિયમોનો ભંગ થયો હોવાનું તેમજ રોસ્ટરનું પણ પાલન નહીં થયું હોવાના પણ આક્ષેપ કર્યા છે. તેમણે આક્ષેપ કર્યા હતા કે, અનેક લાયક ઉમેદવારોને કોલ લેટર પણ મૂકવામાં આવ્યા ન હતા. રજૂઆત કરતા તેમાંથી માત્ર કેટલાકને પાછળથી કોલ લેટર મૂકવામાં આવ્યા હતા. પરંતુ તેમની પસંદગી થઈ ન હતી. યુનિવર્સિટીની ભરતીમાં યોગ્ય સરકારી પ્રતિનિધિને પણ ઈન્ટરવ્યૂમાં હાજર રાખવાના નિયમનું પણ પાલન કરવામાં આવ્યું નથી. પાટણ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર કે જેમની સામે તપાસ ચાલુ છે તેમને ગેરકાયદેસર રીતે સરકારી પ્રતિનિધિ તરીકે રાખ્યા હોવાનું આક્ષેપ તેમની કર્યો છે. કેટલાક પરીણિત ઉમેદવારોએ પોતે અપરીણિતની હોવાનું બતાવી અને આવક વગેરે માહિતી ખોટી આપી છે, છતાં તેમની ભરતી કરવામાં આવી છે એવું પણ તેમણે પત્રમાં જણાવ્યું છે.

આક્ષેપ કર્યો છે કે શોર્ટ લિસ્ટ પણ વેબસાઈટ ઉપર મૂકવામાં આવ્યું નથી, પસંદગીની લાયકાતનું પરીક્ષણ કરતી સમયે અન્ય ઉમેદવારોનો અનુભવ પણ ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. માગણી કરી છે કે ઉમેદવારો, યુનિવર્સિટીના કુલપતિ અને એમના અક્ષર મુજબના ભરતી કૌભાંડના કહેવાતા મુખ્ય સુત્રધાર એવા કુલપતિ અને ઈન્ટરવ્યુ પ્રક્રિયા માટે આવેલા વિષય નિષ્ણાત અને પસંદ થયેલા ઉમેદવારો વચ્ચે ઈન્ટરવ્યુના એક સપ્તાહની વૈજ્ઞાનિક ઢબે મોબાઈલ કોલ, મેસેજ, વોટસએપ અને ઈનસ્ટાગ્રામ મેસેજની ડિટેઈલ કાઢી તપાસ કરવામા આવશે. કોલ ડીટેઈલ્સમાં પસંદગી પામેલા ઉમેદવારો, ઈન્ટરવ્યુમાં બેઠેલા પેનલ અને જે તે વિષય નિષ્ણાતો અને કુલપતિના કથિત ભરતી કૌભાંડની સંપૂર્ણ વિગતો આવી જશે. સંપૂર્ણ ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ખુલ્લી પડી જશે.

ડો. રમેશ ગરવાએ કુલ સત્તર પાના ભરી અને જુદા જુદા વિગતવાર આક્ષેપોની છણાવટ કરી અને તાત્કાલિક આ અંગે તપાસ કરવા વડાપ્રધાન, રાજ્યપાલ, મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, ઉચ્ચશિક્ષણ મંત્રી, શિક્ષણ વિભાગના સચિવ, શિક્ષણ વિભાગના નિયામક, વગેરેની આ પત્રો પાઠવી અને તપાસ કરી અને યોગ્ય ઉમેદવારોની ન્યાય આપવાની માગણી કરી છે.

# મુન્દ્રાની અદાણી પબ્લિક સ્કૂલની ૨૫ વર્ષની સફરની ડો. પ્રીતિ અદાણીએ રંગદર્શી ઉજવણી કરી







**બેડમિન્ટન, પિકબોલ અને ટેબલ ટેનિસ માટે સુવિધાઓ ધરાવતા એક ઇન્ડોર રમત ગમત સંકૂલ અને ૫૫૮ બેઠકોની ક્ષમતા ધરાવતા અત્યાધુનિક ઓડિટોરિયમ પણ ખુલ્લું મૂકવામાં આવ્યું**

મુન્દ્રા - કચ્છ ઉદય : મુન્દ્રા સ્થિત અદાણી પબ્લિક સ્કૂલ (એપીએસ) એ યુવા માનસના ઘડતરના ૨૫ વર્ષ પૂર્ણ કર્યાના રજત જયંતિ ઉત્સવની તેહદીલથી કરેલી ભાવનાત્મક ઉજવણીમાં વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકગણને ગૌરવ અને ચિંતનની આ સહિયારી ક્ષણમાં શામેલ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના સર્વાંગી વિકાસ પરના ધ્યાનની મજબૂત ગવાહી રુપે કચ્છમાં બેડમિન્ટન, પિકબોલ અને ટેબલ ટેનિસ માટે સુવિધાઓ ધરાવતા એક ઈન્ડોર રમત ગમત સંકૂલ અને ૫૫૮ બેઠકોની ક્ષમતા ધરાવતા અત્યાધુનિક ઓડિટોરિયમ પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કચ્છમાં આ પ્રકારનું સંકૂલ સૌથી મોટું છે.

ગ્રામ્ય વિસ્તારોમાં વસતા બાળકોના શૈક્ષિણક અને શારીરિક ગણતર અને ઘડતર માટે એક ગુણવત્તાસભર આધુનિક સાધન સગવડથી સજ્જ શાળાના નિર્માણની ૨૦૦૧માં પરિકલ્પના કરનાર અદાણી સમૂહના અદાણી ફાઉન્ડેશનની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખના અધ્યક્ષા ડો. પ્રીતિ અદાણીના વડપણ હેઠળ આ ઉજવણી કરવામાં આવી હતી. અલબત્ત, આ પ્રકલ્પ અગાઉથી કાર્યરત હતો, પરંતુ ગુજરાત અને ખાસ કરીને કચ્છના ભૂકંપ બાદ તેને ટોચની પ્રાથમિકતા માનીને તેના અમલીકરણને વેગ આપ્યો હતો. આજે આ પ્રકલ્પ શિક્ષણ સમુદાય માટે સ્થિરતા અને આશાના સ્ત્રોત તરીકે ઉભરી આવ્યો છે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ આ સીમાચિહ્નરૂપ પ્રસંગને ચિહ્નિત કરી જણાવ્યું હતું કે, અદાણી પબ્લિક સ્કૂલ ૨૫ વર્ષ પૂર્ણ કરે છે, આ ક્ષણ ફક્ત એક સંસ્થાથી વિશેષ અનેક સંવેદના સભર ક્ષણોની ઉજવણી કરે છે. તેમણે કહ્યું હતું કે આસપાસના બાળકોના સુષુપ્ત સપના અને ઘડાયેલા ભવિષ્યનું અહીં સન્માન થઇ રહ્યું છે. તેમણે શાળાની રજત જયંતિના સીમાચિહ્નસમા અવસરે આશા વ્યકત કરી હતી કે, પ્રત્યેક વિદ્યાર્થી અમર્યાદ સ્વપ્ન જોવાના આત્મવિશ્વાસ તેમજ દરેક પછડાટ પછી બેઠા થવાની સ્થિતિ સ્થાપકતા અને પ્રાપ્ત કરેલું સમાજને પરત આપવાની નમ્રતા સાથે અહીંથી વિદાય લે. ગૌતમ અદાણીએ ઉમેર્યું કે અહીં દરેક બાળક ભારતના ઉજળા ભવિષ્યના વચનનો ભાર વહન કરે છે ત્યારે આ વચન જ હેતુપૂર્ણ કાર્યને પ્રેરણા આપે છે.

આ ૨૫ વર્ષની આ સફર પર નજર કરતાં ડૉ. પ્રીતિ અદાણીએ કહ્યું હતું કે ૨૫ વર્ષ અગાઉ કચ્છના તોફાની દરિયાકાંઠે એક સરળ વિચાર આવેલો કે દુનિયા માટે બારી ખોલવાની ક્ષમતા ધરાવતો પ્રત્યેક બાળક એવું શિક્ષણ મેળવવાને પાત્ર છે. તેમણે જણાવ્યું હતું કે આશાના નાના કિરણ તરીકે જે પ્રકટ્યું તે આજે એક દેદીપ્યમાન દીવો બની પ્રજ્વલિત થયો છે જેણે સમાજ જીવન અને સમુદાયોને તેજોમય કર્યો છે. ડો. અદાણીએ આ સફર દરેક શિક્ષકની છે તેમનો ભારપૂર્વક ઉલ્લેખ કરતા કહ્યું કે, આ શિક્ષકો જેમણે વિશ્વાસ કર્યો, દરેક માતા-પિતા જેણે ભરોસો કર્યો અને દરેક બાળક જેણે સ્વપ્ન જોવાની હિંમત કરી તે આ સફરના યશાધિકારી છે.

બેગપાઈપર બેન્ડ અને એન.સી.સી.ના કેડેટ્સ દ્વારા પરંપરાગત સ્વાગત સાથે રજત જયંતિ વર્ષની ઉજવણીનો આરંભ થયો હતો. જાણવાની જિજ્ઞાસા અને અભિવ્યક્તિની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા આ પ્રસંગે યોજાયેલા પ્રદર્શનમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (એસટીઈએમ) અને રોબોટિક્સ પ્રદર્શનો, ક્યુરેટેડ આર્ટ વર્કસ્ટેશન દ્વારા નવીનતા અને સર્જનાત્મકતા જીવંત થઈ હતી.

આ પ્રસંગે મુન્દ્રામાં આ શાળાના પ્રારંભિક વર્ષોથી લઈને પ્રદેશમાં એક અગ્રણી સંસ્થા તરીકે ઉભરી આવવા સુધીની સફરને ખાસ ક્યુરેટ કરાયેલ દસ્તાવેજી ફિલ્મમાં દર્શાવવા સાથે સંસ્થાની સફર અને હાંસલ કરેલા સીમાચિહ્નો દર્શાવતી એક સ્મરણિકા કોફી ટેબલ બુકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

૨૩૩ વિદ્યાર્થીઓ અને ૨૭ શિક્ષકોના પ્રારંભિક સમૂહથી લઈને ૨,૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૦૦ થી વધુ શિક્ષક સમુદાય સાથે સમૃદ્ધ સંસ્થા બની ચૂકેલી અદાણી પબ્લિક સ્કૂલ સર્વાંગી શિક્ષણ અને સમાનતામાં ગૌરવની તેની માન્યતાને સમર્પિત છે.

આ પ્રસંગે ડૉ. પ્રીતિ અદાણી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે વાર્તાલાપ ઉજવણીની એક નિર્ણાયક ક્ષણ બની રહી હતી. આ વાર્તાલાપના હાર્દમાં સંસ્થા અને તે જે સમુદાયની સેવા કરે છે તે બન્ને વચ્ચે ચિરંજીવી બંધન બનાવી રાખવાનો હેતુ સમાયેલો હતો. આ ઉજવણીનું સમાપન શાળાના ગીત સાથે રંગદર્શી વાતાવરણમાં થયું ત્યારે ૨૫થી વધુ વર્ષસુધી આકાર પામેલા સહિયારા હેતુની પુષ્ટિ થયાની અનુભૂતિ થઈ હતી.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આંબેડકર જયંતી નિમિત્તે નિશુલ્ક આરોગ્ય શિબિર

**પશ્ચિમ કચ્છમાં ૧૨ સ્થળોએ યોજાયેલી શિબિરોમાં ૫૫૦થી વધુ દર્દીઓને સારવાર, ડોક્ટરો અને કાર્યકરોની નોંધપાત્ર સેવા**




ભુજ - કચ્છઉદય : ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદના સેવા વિભાગ દ્વારા પશ્ચિમ કચ્છ વિસ્તારમાં વિશાળ પાયે નિશુલ્ક આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સેવા એ પરમો ધર્મ'ના સૂત્રને સાકાર કરતા આ ઉપક્રમ દ્વારા સમાજમાં સેવા ભાવના અને ભાઈચારાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

વિશ્વ હિન્દુ પરિષદના પશ્ચિમ કચ્છ સેવા વિભાગના સંયોજક દીપકભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે, સેવા માત્ર એક કાર્ય નથી પરંતુ સમાજને જોડવાનું શક્તિશાળી માધ્યમ છે. આ ભાવનાને ધ્યાનમાં રાખીને સમગ્ર પશ્ચિમ કચ્છના ૭ પ્રખંડોમાં કુલ ૧૨ સ્થળોએ આરોગ્ય શિબિરો યોજાઈ હતી, જેમાં ૫૫૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

આ શિબિરોમાં આશરે ૧૫ નિષ્ણાત ડોક્ટરો દ્વારા સેવા આપવામાં આવી હતી, જ્યારે તેમની સાથે મદદનીશોની ટીમ પણ કાર્યરત રહી હતી. ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તથા અન્ય આયામોના મળીને આશરે ૭૦ જેટલા કાર્યકરો દ્વારા વ્યવસ્થા અને સેવા કાર્યમાં સહયોગ આપવામાં આવ્યો હતો. શિબિરોમાં રક્તમાં શુગરની તપાસ, રક્તદબાણની તપાસ, પ્રાથમિક સારવાર, રક્તદાન તેમજ આયુર્વેદિક ઉપચારના લાભો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવા માટે પણ વિશેષ પ્રયાસ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર આયોજનમાં ભુજની આયુષ હોસ્પિટલનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. આરોગ્ય શિબિરમાં ડૉ. દીક્ષા પંડ્યા, ડૉ. અરુણ યાદવ, ડૉ. સુધીરભાઈ પાલેજા, ડૉ. પ્રતિકભાઈ પંડ્યા, ડૉ. સાનાબેન, ડૉ. આરતીબેન, ડૉ. મનોજભાઈ, ડૉ. સબાનાબેન, ડૉ. હર્ષિતા ડાભી, ડૉ. યાસીન ધાચી, ડૉ. સજનાબેન, ડૉ. પ્રદીપભાઈ, ડૉ. મયુરભાઈ, ડૉ. પ્રનવભાઈ, ડૉ. નીતાબેન તથા ડૉ. સચીનભાઈ સહિત ડોક્ટરોની મોટી ટીમે સેવા આપી હતી. શિબિરના પ્રારંભે દીપ પ્રાગટ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પશ્ચિમ કચ્છ સંઘચાલક ભરતભાઈ દરજી, વિશ્વ હિન્દુ પરિષદના વિભાગ મંત્રી ચંદુભાઈ રૈયાણી, જિલ્લા મંત્રી નાજાભાઈ ભરવાડ, જિલ્લા અધ્યક્ષ કૃષ્ણકાંતભાઈ પંડ્યા, દીપકભાઈ ભાનુશાલી, કરણસિંહ જાડેજા, વાલજીભાઈ, પ્રવીણભાઈ આહીર, હરિભાઈ કાનજીભાઈ, જયેશભાઈ કોઠારી, સહદેવસિંહ જાડેજા, સતીશભાઈ ગોર સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# નખત્રાણામાં રાજકીય મોભીઓ મતદાનમાં ભાગ લીધો












નખત્રાણા - કચ્છઉદય : લોકશાહીના પર્વમાં ભુજના પૂર્વ નગરપતિ અને ભાજપના મોભી પ્રવીણસિંહ વાઢેર પેરાલીસ હોવા છતાં આકરા તાપ વચ્ચે માદરે વતન રોહા ગામે મતદાન કર્યું હતું. કોટડા (જ.) ભાજપના જિલ્લા પંચાયતના ઉમેદવાર મંજુલાબેન મોહનભાઈ ચાવડાએ સુખપર (રોહા) ખાતે મતદાન કર્યું ત્યારે સાંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. બિબ્બર બેઠક પર ખારડિયા ગામના ક્ષત્રિય કુળના વરરાજા સાથે સરપંચ નરેન્દ્રસિંહ જાડેજાએ મતદાન કર્યું હતું. જીંદાય ખાતે તાલુકા કોંગ્રેસના પ્રમુખ નિરોણા જિલ્લા પંચાયત કોંગ્રેસના ઉમેદવાર રાજેશભાઈ આહિરે મતદાન કર્યું હતું. તરા ગામે જિલ્લા પંચાયત કોટડા (જ.) સીટના કોંગ્રેસના ઉમેદવાર ભાવનાબેન મંગલભાઈ મહેશ્વરીએ મતદાન કર્યું હતું.

# વ્હીકલ લોકેશન ટ્રેકીંગ ડિવાઈસ ચેકની સમયમર્યાદા વધારાઈ

અંજાર - કચ્છઉદય : પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, અંજારની યાદીમાં જણાવ્યા મુજબ મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા તા.૧૯-૧૨-૨૦૨૫થી તમામ પબ્લિક સર્વિસ વાહનો (ટુ વ્હીલર, ઈ-રીક્ષા અને ૩ વ્હીલર સિવાયના) તેમજ કેન્દ્રીય મોટર વાહન નિયમ ૧૯૮૯ના નિયમ ૯૦ (૫) મુજબ નેશનલ પરમીટ ધરાવતા વાહનોમાં તા.૧-૪-૨૬થી વ્હીકલ લોકેશન ટ્રેકીંગ ડિવાઈસ લગાડવું ફરજીયાત કરવામાં આવ્યું હતું, પરંતુ ઉપરોક્ત બાબતે મિનસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા તા.૩૦-૩-૨૬ની સૂચનાથી વ્હીકલ લોકેશન ટ્રેકીંગ ડિવાઈસ ફિટમેન્ટની ફરજીયાત ચેકની સમયમર્યાદા તા.૧-૫-૨૬ સુધી લંબાવવામાં આવી છે, આથી તા.૧-૫-૨૬ બાદ વાહનમાં વ્હીકલ લોકેશન ટ્રેકીંગ ડિવાઈસ લગાડેલ હશે તો જ આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની કચ્છ જિલ્લાની મોટરીંગ પબ્લિકને નોંધ લેવા જણાવાયું છે.

# કચ્છના યુવા કલાકારનો સૉંગ આલ્બમ લોન્ચ







**મૂળ મોથાળા અને હાલે મુંબઈમાં રહેતા કમલેશ જેન્તીભાઇ ઠક્કરના પુત્ર નમનનું આલ્બમ 'દિલ પે તેરા નામ'**

મુંબઈ - કચ્છઉદય : તાજેતરમાં કન્ટ્રી ક્લબ ખાતે "દિલ પે તેરા નામ" મ્યુઝિક વિડિયોનો ભવ્ય લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર સ્ટાર કાસ્ટ અને નિર્માતાઓ હાજર રહ્યા હતા. આ ગીત પ્રોડક્શન હાઉસ વિઘ્નહર્તા મુવીઝના બેનર હેઠળ બનાવવામાં આવ્યું હતું. આ પ્રોડક્શન કંપનીની સ્થાપના લગભગ પાંચ વર્ષ પહેલાં થઈ હતી અને તે સતત નવા પ્રોજેક્ટ્સ સાથે આગળ વધી રહી છે. આ ગીત ડિજિટલ પ્લેટફોર્મ યુટ્યુબ પર રિલીઝ થયું હતું. આ વિડિઓ યુટ્યુબ અને ઓડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ બંને પર ઉપલબ્ધ છે.

આ મ્યુઝિક વિડિયોનું નિર્માણ નિખિલ ઠક્કર, મનવીરસિંહ કલસી અને રણબીર કલસી દ્વારા કરવામાં આવ્યું હતું. નમન ઠક્કર મ્યુઝિક વિડિયોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, તેની સાથે દિવ્યા પાટિલ મહિલા મુખ્ય ભૂમિકામાં છે. લોન્ચ દરમિયાન તેમની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રીને નોંધપાત્ર પ્રશંસા મળી હતી. આ વિડિયોનું નિર્દેશન રાહુલ રાય દ્વારા કરવામાં આવ્યું હતું અને સંગીત સંજીવ શ્રીવાસ્તવ અને સંદીપ જયસ્વાલ દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્માતાઓનું કહેવું છે કે તેમનો ઉદ્દેશ્ય નવી પ્રતિભાને તક આપવાનો છે અને આ વિચારને ધ્યાનમાં રાખીને આ ગીતમાં નવા ચહેરાઓને રજૂ કરવામાં આવ્યા છે.

રસોઈમાં રાખો થોડું ધ્યાન : ગેસ બચાવી બનો મહાન ગેસનું સ્ટવ-બર્નર ચોખ્ખું રાખો

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૨૮-૦૪-૨૦૨૬

# ગાંધીધામની પ્રથમ મનપામાં જનાદેશ : સત્તાનું સુકાન ભાજપને : કેસરીયો લહેરાયો

## ૧૩ વોર્ડની પર બેઠકોમાંથી ૧ અગાઉ થઈ હતી બિનહરીફ : ૫૧ બેઠકો પર ખેલાયેલ જંગમાં પ્રજાજનોએ વધુ એક વખત ભાજપને જ સત્તાના સોંપ્યા સુકાન : વિજયી છાવણીમાં ખુશીનો માહોલ : વિજેતા ઉમેદવારોના સમર્થકોએ હાર-તોરાથી જીતને વધાવી

### ગાંધીધામ મનપા મતગણતરીની કામગીરી શ્રી ફાલ્ગુન મોદી, શ્રી હાશિમ તથા ડો. નીતી ચારણના નેતૃત્વમાં સફળતાથી થઈ સંપન્ન












ગાધીધામ : કચ્છની પ્રથમ મનપા એવી ગાંધીધામ મહાનગરપાલિકા ના ભાવિનો ફેંસલો આજે થવા પામી ચૂકયો છે. મનપાના ૧૩ વોર્ડમાં કુલ્લ પર બેઠકો છે જેમાથી એક બિનહરીફ થઈ અગાઉ જ ભાજપના ફાળે આવી જવા પામી હતી. જયારે ૫૧ બેઠકો પર ચુંટણી લડાઈ હતી અને આજ રોજ તેનુ પરીણામ સામે આવવા પામતા ભાજપને વધુ એક વખત મહાનગરપાલિકામાં ગાંધીધામવાસીઓએ સત્તાના સુકાન સોપી દીધા હોવાનો વર્તારો દર્શાયો છે.

આ બાબતે સહેજ વધુ વિગતે વાત કરીતે તો તા. ર૬મીએ યોજાયેલા મતદાન બાદ, આજે સવારથી જ વહીવટી તંત્ર દ્વારા મતગણતરીની પ્રક્રિયાનો વિધિવત આરંભ કરી દેવામાં આવ્યો હતો. આદિપુરની મૈત્રી સ્કૂલ ખાતે ઊભા કરવામાં આવેલા રિસિવિંગ ડિસ્પેચ સેન્ટર પર આજે સવારે ૯:૦૦ વાગ્યાના ટકોરે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ચૂંટણી અધિકારીઓની હાજરીમાં મતપેટીઓ ઈવીએમ ખોલવામાં આવ્યા હતા.

મતગણતરીની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્રણ વોર્ડની ગણતરી એકસાથે કરવામા આવી હતી ટેબલ દીઠ વ્યવસ્થાની વાત કરીએતો કુલ ૨૪ ટેબલો ફાળવવામાં આવ્યા હતા. જેમાં દરેક વોર્ડ દીઠ ૮ ટેબલ પર ઈવીએમના મતોની ગણતરી શરૂ કરવામા આવી હતી. પ્રથમ રાઉન્ડ વોર્ડ નં. ૧, ૬ અને ૧૦ ની ગણતરીથી

અનુસંધાન પાના નં.૪ પર

### ગાંધીધામ મનપા બેઠકોનું ચિત્ર

| ફુલ્લ બેઠક પર | બિનહરીફ : ૧ |
|---|---|
| ભાજપ | ૪૦ |
| કોંગ્રેસ | ૧૧ |
| અન્ય | ૦૦ |

## કચ્છની 'મીનીસંસદ'માં ૧૫ બેઠક પર બપોર સુધી ખીલી ચૂક્યા કમળ

એક બિનહરીફ સહિત જિલ્લા પંચાયતની ૧૬ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય : આ લખાય છે ત્યાં સુધી કોંગ્રેસને ફાળે પાંચ બેઠક આવી : પહેલી વખત દિનારા બેઠક પર ભાજપનો વિજય


સામખિયાળી બેઠકના વિજેતા


ભીરંડિયારાના વિજેતા ઉમેદવાર


ગઢશીશા


નિરોણા જિલ્લા પંચાયત


નેત્રા વિજેતા ઉમેદવાર


કોટડા (જ)ના વિજેતા ઉમેદવાર

ભુજ - કચ્છઉદય : કચ્છની મીનીસંસદ સમાન જિલ્લા પંચાયતની અગાઉ ૪૦ બેઠકો હતી. જેમાં ગત ચૂંટણીમાં ભાજપે ૩૨ અને કોંગ્રેસે ૮ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. પરંતુ આ વખતે ગાંધીધામ મહાનગરપાલિકા અને નખત્રાણા નગરપાલિકા બનતા બે બેઠકોમાં ઘટાડો થતા ૩૮ બેઠકો માટે ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. ચૂંટણી પૂર્વે જ વાગડ પંથકની નાની ચીરઈ બેઠક પર ભાજપના વાઘજીભાઈ છાંગા બીનહરીફ વિજેતા જાહેર થઈ ગયા હતા. રવિવારે ૩૭ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ૬૬.૮૦ ટકા મતદાન થયું હતું.

આજે સવારે નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયતની સાથોસાથ કચ્છ જિલ્લા પંચાયતની ૩૭ બેઠકોના મતોની પણ ગણતરી હાથ ધરવામાં આવી હતી. તાલુકા માથકોએ હાથ ધરાયેલી મત ગણતરીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જિલ્લા પંચાયત માટે ૩,૪૧,૫૧૧ પુરૂષ, ૨,૯૪,૮૫૬ સ્ત્રી મળી કુલ્લ ૬,૩૬,૩૬૭ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આજરોજ મત ગણતરી વેળાએ જેમ જેમ જિલ્લા પંચાયતની બેઠકવાઈઝ પરીણામો સામે આવતા ગયા તેમ તેમ ઉમેદવારો અને તેમના ટેકેદારો દ્વારા ઉજવણી શરૂ કરવામાં આવી હતી. પરીણામોની વાત કરીએ તો આ લખાય છે ત્યાં સુધી ૨૦ બેઠકોના પરિણામ જાહેર થઈ ચૂક્યા હતા. જેમાંથી ૧૫ બેઠક પર ભાજપ અને પાંચ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો હતો. દિનારા બેઠક પર પ્રથમ વખત ભાજપના ઉમેદવાર વિજેતા બનતા ભગવા બ્રિગેડમાં ખૂશીનો માહોલ છવાયો હતો.

નખત્રાણા તાલુકાની નવી બનેલી કોટડા (જડોદર) જિલ્લા પંચાયત ૧૭ બેઠક પર ભાજપના મંજુલાબેન મોહનલાલ ચાવડાએ ૧૨૭૪ મતે જીતી લીધી હતી. ચૂંટણી અધિકારી જે.એમ. ભોરણિયા પરિણામ જાહેર કરતાં કહ્યું કે, મંજુલાબેન ચાવડાને ૬૨૮૧ જયારે ભાવનાબેન મહેશ્વરીને ૫૦૦૭ અને નોટાને ૩૮૬ મતો મળ્યા હતા. કુલ ૧૧૬૭૪ મતદારોએ મતદાન કર્યું હતું.

નેત્રા ૨૫ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસના નેહા અશ્વિન રૂપારેલ ૨૨૯૭ મતે જીત મેળવી હતી. નખત્રાણા તાલુકાની નેત્રા જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસના નેહાબેન અશ્વિન રૂપારેલે તેમના નિકટના સરોજબા બહાદુરસિંહ જાડેજાને ૨૨૯૭ મતે હાર આપી હતી. કોંગ્રેસને ૮૯૪૦, ભાજપ ૬૬૦૭, સરીફાબેન ૫૦૯ અન્ય અપક્ષને ૨૫૦૫ને મત મળ્યા હતા. કુલ ૧૮,૮૮૩ નું મતદાન થયું હતું.

નખત્રાણા તાલુકાની પાવરપટ્ટીની નિરોણા બેઠક જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના રાજેશભાઈ આહિરે ૧૪૫૦ મતે જીત મેળવી હતી. કોંગ્રેસને ૯૮૭૭, ભાજપના ઘનશ્યામસિંહ જાડેજાને ૮૪૨૮, નોટાને ૭૧૦ મત મળ્યા હતા.

માંડવી તાલુકાની બિદડા જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના વાલજીભાઈ સંઘારને ૧૧૦૩૫ મત મળતા તેમનો

અનુસંધાન પાના નં.૫ પર

### અનિરૂદ્ધભાઈ દવેની ચાણક્ય નીતિ લાવી રંગ

## માંડવી નગરપાલિકામાં ભાજપનું ફર્યું બૂલડોઝર કોંગ્રેસના સુપડા સાફ

૯ વોર્ડની ૩૬ -૩૬ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય : કોંગ્રેસને ફાળે માત્ર નિરસતા : શહેરની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે યોજાઈ મત ગણતરી : ઉમેદવારો સાથે ટેકેદારો મોટી સંખ્યામં રહ્યા ઉપસ્થિત

રવિવારે યોજાયેલ ચૂંટણીમાં ૧૩૨૭૩ પુરૂષ અને ૧૩૨૩૪ સ્ત્રી મતદારોએ કર્યું હતું મતદાન


માંડવીના વિજેતા ઉમેદવારો




માંડવી - કચ્છઉદય : કચ્છના બંદરીય શહેર અને એક સમયે આંતરરાષ્ટ્રીય વેપાર માટે જાણીતા એવા માંડવીમાં નગરપાલિકા પર ભાજપનો કબજો છે. આ પાલિકા ભાજપના અભેદ કિલ્લા સમાન છે અને તે કિલ્લો આ વખતે પણ અકબંધ રહેતા તમામે તમામ ૩૬ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થતાં કેસરિયા બ્રિગેડના બૂલડોઝરમાં માંડવી નગરપાલિકામાંથી કોંગ્રેસ નામશેષ થઈ ગઈ છે.

આ અંગેની વિગતો મુજબ માંડવી ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેની ચાણક્ય નીતિ અને આગવી કોઠાસુઝ જગ જાહેર છે. જે માંડવી નગરપાલિકામાં પણ જોવા મળી હોય તેમ શહેરના ૯ વોર્ડની ૩૬- ૩૬ બેઠક પર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થતાં બંદરીય માંડવી શહેર આજે કેસરિયા રંગે રંગાયું છે. કોંગ્રેસને ફાળે સમ ખાવા પુરતી એક બેઠક પણ ન આવતા પંજા માટે નાલેસી સમાન સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અન્વયે રવિવારે માંડવી નગરપાલિકાના નવ વોર્ડની ૩૬ બેઠકો માટે મતદાન યોજાયું હતું. જેમાં ૧૩૨૭૩ પુરૂષ અને ૧૩૨૩૪ મહિલાઓ મળી કુલ્લ ૨૬૫૦૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા ૬૬.૩૧ ટકા મતદાન થયું હતું. આજે સવારે ચૂસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે મતગણના હાથ ધરાઈ હતી. જેમ જેમ પરીણામો સામે આવતા ગયા તેમ તેમ વિજેતા ઉમેદવારો અને તેમના ટેકેદારોએ ઉજવણી શરૂ કરી દીધી હતી. તેમજ જેઓની તરફે મતદારોએ વિપરીત ચુકાદો આપ્યો હતો, તેઓએ પ્રજાના ચુકાદાને શિરોમાન્ય ગણાવ્યો હતો.

માંડવી નગરપાલિકા વોર્ડ નં.૧ મા ભાજપની પેનલનો વિજય થયો હતો. જયોત્સનાબેન સેંઘાણીને ૧૮૧૩, મહેશભારથીને ૧૮૭૬, વિજય ગઢવીને ૧૭૯૪, જયશ્રીબેન મહેશ્વરીને ૮૫૩ મત મળ્યા હતા. તો કોંગ્રેસના કવિતાબેન જોષીને ૭૬૪, રમીલાબેન સોલંકીને ૫૫૭, અશ્વિન મક્વાણાને ૮૪૨ અને મિત્રજીત ગઢવીને ૮૦૯ મત મળ્યા હતા. આપના કાંતાબેન થારૂને ૧૩૬, પ્રેમજી જંજકને ૧૧૩ મત મળ્યા હતા.

વોર્ડ નં.૨મા ભાજપની પેનલનો ભવ્ય વિજય થયો હતો. ભાજપના શિતલ નરેશ મક્વાણાને ૧૫૬૦, પ્રિયાબેન મયંક જાનીને ૧૬૩૪, મુકેશ ધનજી રાબડિયાને ૧૬૧૧, શંકર ખેતશી જુવડને ૧૫૯૮ મત મળ્યા

અનુસંધાન પાના નં.૫ પર

## અંજાર તાલુકા પંચાયતની રતનાલ બેઠક પર ભાજપની હાર : રાજકીય ચર્ચાઓ તેજ

ગાંધીધામ : ગુજરાત સાથે આજ રોજ કચ્છમાં પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરીણામો જાહેર થવા પામી રહયા છે. કચ્છમાં અંજાર તાલુકા પંચાયતની રતનાલ બેઠક પર મોટો અપસેટ સર્જાયો છે અને રાજકીય ચર્ચાના એરણે પણ આ બેઠક ચડવા પામી રહી છે.

જાણવા મળતી પ્રાથમિક માહીતી અનુસાર રતનાલ તાલુકા પંચાયતની બેઠક પર ભાજપના ઉમેદવારને હાર ખમવાનો વારો આવયો છે. અંજાર તાલુકા પંચાયતની રતનાલ બેઠક પર ભાજપની હાર આત્મચીંતનનો વિષય બની રહેશે તેમ જાણકારો કહી રહ્યા છે.